بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-સપ્ટેમ્બર-૨૦૦૮**

**શાબાનુલ મોઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક**

**હિજરી સન : ૧૪૨૯**

**વર્ષ : ૦૫, અંક : ૦૯, સળંગ અંક : ૫૭**

**સ્થાપક અને પ્રકાશક**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦/- |
| આજીવન | રૂા. | ૩૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)**


## ● અનુક્રમણિકા ●


| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | ત્રાસવાદી ન હિંદુ ન મુસ્લિમ પણ અધર્મી છે ! | ૦૨ |
| ૦૨ | **સુન્નિયતને ઉધઈ જેમ કોતરી રહેલ ખરાબીઓ અને આપણી ગફલતો** *(તંત્રી લેખ....)* | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૮ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૦૯ |
| ૦૫ | શિફા શરીફ | ૧૨ |
| ૦૬ | રહમતે દારૈન ﷺના શયદાઈ | ૧૫ |
| ૦૭ | ક઼ાનૂને શરીઅત | ૧૭ |
| ૦૮ | **રમઝાનમાં મહેરબાન રબની બંદાઓને અમૂલ્ય સ્પેશ્યલ ઓફરો !** | ૧૯ |
| ૦૯ | ઝકાત શા માટે અને ક્યારે ? | ૨૩ |
| ૧૦ | ઝકાતના અર્વાચીન મસાઈલ | ૨૮ |
| ૧૧ | INFORMATION DESK | ૩૩ |
| ૧૨ | **કુર્આન પઢવામાં તજવીદ (સહીહ ઉચ્ચારનું) મહત્વ અને આપણે !** | ૩૪ |
| ૧૩ | ૧૫માં ફિક઼્હી સેમીનારના વિષયો, ચર્ચાઓ તથા ફૈસલા | ૪૦ |
| ૧૪ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૫ |


## યા રસૂલલ્લાહ ! ﷺ

**ગઝ : કલમ જનાબ, ફરીદ 'એજાઝ' સાહેબ, અમૃતસરી**
**રજૂ. મન્સૂરી મુહમ્મદ હનીફ-ખેરાજ**

હુવા ઝુલ્મત કા દામન પારા પારા યા રસૂલલ્લાહ !
હુએ આલમમેં જબ તુમ જલ્વા આરા યા રસૂલલ્લાહ !
નહીં તેરે સિવા કોઈ હમારા યા રસૂલલ્લાહ !
સહારા હય હમેં બસ એક તુમ્હારા યા રસૂલલ્લાહ !
ન હો કયૂં કર હમેં ગ઼મ તેરા પ્યારા યા રસૂલલ્લાહ !
યહી ગ઼મ ઝિંદગી કા હય સહારા યા રસૂલલ્લાહ !
ઝમાના તેરી રહમતસે હમેશા ફયૂઝ પાતા હયા
ઈધર ભી ચશ્મે રહમત કા ઈશારા યા રસૂલલ્લાહ !
પલટ આયા વહી સૂરજ, ક઼મર કા ચિર ગયા સીના
હુવા જબ આપકા અદના ઈશારા યા રસૂલલ્લાહ !
ઝમીં કયા, આસ્માં પર ભી તુમ્હારા હુક્મ જારી હય
ચલેગા હશ્ર તક 'સિક્કા' તુમ્હારા યા રસૂલલ્લાહ !
તુમ્હારી શાનો અઝમત કી મચી હય ધૂમ આલમમેં
હર એક ઝર્રહ હય મિદહખ્વાં તુમ્હારા યા રસૂલલ્લાહ !
તેરે કદમોં કે સદક઼ે આસ્માનોં કો રિફઅત મિલી
હુવા મેઅરાજ સે યેહ આશકારા યા રસૂલલ્લાહ !
નિગાહેં તૂરે સીના કી તરફ અબ ઉઠ નહીં સકતીં
બના હય તૂર, ખૂદ સીના હમારા યા રસૂલલ્લાહ
તળપતા હય તેરા 'એ'જાઝ' હરદમ તેરી ફુર્કતમેં
ઉસે ભી હો કભી હાસિલ નઝારા યા રસૂલલ્લાહ !

# ત્રાસવાદી ન હિંદુ ન મુસ્લિમ પણ અધર્મી છે !

**કાર્યાલય**

તાજેતરમાં ગુજરાતના અમદાવાદ શહેર અને રાજસ્થાનના જયપુરમાં ત્રાસવાદી તત્વોએ જે શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટો કરી કેટલાયે નિર્દોષોની જાનહાની કરી તથા બેકુસૂરોને ઈજાઓ પહોંચાડી તથા અસંખ્ય માનવોને આ અધર્મી કૃત્ય કરી દિલી તથા માનસિક તકલીફો પહોંચાડી ભયનું સામ્રાજ્ય ફેલાવવાની કોશિશ કરી છે એમના એ કૃત્યને અમો સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ અને આ કૃત્ય આચરનાઓને ગમે તે રીતે પકડીને તેમને સખતમાં સખત સજા થવી જોઈએ જેથી ફરી એવા તત્વો માથુ ન ઉઠાવી શકે.

હિંદુસ્તાન એક પ્રગતિશીલ દેશ છે અને સર્વ જાતિઓ એકતાના માહોલ હેઠળ શાંતિથી જીવીને દેશની પ્રગતિને આગળ વધારવા પ્રયત્નશીલ છે એવા સમયે આવા તકવાદી ત્રાસવાદી તત્વો ચાહે તે પોતાને ગમે તે ધર્મ કે જાતિ સાથે સંબંધિત કરે, તેમનાં નામો મુસ્લિમ કે હિંદુ કે શીખ કે ઈસાઈ હોય પણ તે સર્વ  અધર્મી લોકો છે અને ખાસ કરીને ઈસ્લામમાં તો એ હુકમ છે કે જો તમારા પર કોઈ દુશ્મન પણ હુમ્લો કરે અને તેનો સામનો કરવામાં સ્વબચાવમાં તમે તેની સાથે લડો અને લડતાં લડતાં હુમ્લાખોર મૃત્યુ પામે તો પણ તેને મુષ્લહ (એટલે તેની લાશને નાક, કાન, આંખ વગેરે અંગો કાપી બેડોળ કરવાનો) હુકમ નથી. તો પછી આ બોમ્બ વિસ્ફોટ કરી નિર્દોષોની જાન લેનારા, તેમનાં અંગોનાં ચિથરાં ઉડાડનારા જો મુસ્લિમનામી પણ હોય તો તેઓ ઈસ્લામના પણ બાગી જ છે. અને ત્રાસવાદનું કૃત્ય કરતાં જે પણ ઝડપાય તેનો ધર્મ કે જાતિ જોયા વિના તેમનાં સંગઠનોને ખુલ્લાં પાડી તેમના પર પ્રતિબંધ મૂકાવો જોઈએ, કારણ કે ત્રાસવાદ છેવટે ત્રાસવાદ છે તેને કોઈ ધર્મ નથી બલ્કે તે સર્વ માટે વિનાશક છે.

''જેમ કે ઓલ ઈન્ડિયા સેક્યુલર ફોરમના ડો. અસગરઅલી એંજિનિયર, અંગ્રેજી હિંદી સામાયિક ''સેક્યુલર ડેમોક્રસી''ના મુખ્ય સંપાદક એલહરદિનિયા, પીપલ્સ મુવમેન્ટ ઓફ ઈન્ડિયાના રાષ્ટ્રીય  સંયોજક અનહદના શબનમ આ'ઝમી અને કૌમી એકતાના પદાધિકારી જ્યોત્સના શર્મા, સર્વોચ્ચ અદાલતના વરિષ્ઠ ધારાશાસ્ત્રી પ્રશાંત ભૂષણે તા. ૪થી ઓગષ્ટે નવી દિલ્હીની પ્રેસ કલબ ઓફ ઈન્ડિયામાં એક પત્રકાર પરિષદને સંબોધતાં એવો પ્રશ્ન ઉઠાવ્યો હતો જેમ સિમી પર પ્રતિબંધ મૂકાયો તેમ હિંદુ સંગઠનો પર પ્રતિબંધ કેમ મૂકાતો નથી ? આ બિન રાજકિય વ્યક્તિઓએ અત્યંત સૂચક મહત્વની વાત કરી કે જેમ આતંકનો અપરાધ કરનારાં સંગઠનો ઈસ્લામની જ ઉપજ નથી તેમ હિંદુત્વ કે હિંદુત્વવાદી સંગઠનો કોઈ હિંદુવાદે પેદા કર્યાં નથી. આથી શાસકોએ ધર્મો અથવા મઝહબને અલગ રાખીને આતંકવાદને તટસ્થ રીતે તપાસવાની જરૂર છે. આ કર્મશીલોએ મહારાષ્ટ્રના નાંદેડના બોમ્બ વિસ્ફોટોનું ઉદાહરણ આપ્યું હતું. ૬ એપ્રિલ ૨૦૦૬ના રોજ થયેલા એ વિસ્ફોટમાં નકલી દાઢી મૂછ સાથે અને મુસલમાનોના પહેરવેશ સાથે પકડાયેલા બજરંગદળના ત્રણ કથિત કાર્યકરોની વાત કરી હતી. એન્ટી ટેરરિસ્ટ સ્કવોર્ડ (A.T.S.) હિંદુત્વવાદીઓની સંડોવણી હોવાની શંકા વ્યક્ત કરી હતી. પકડાયેલાઓ પાસેથી મસ્જિદના નક્શા મળી આવ્યા હતા તેની યાદ અપાવી હતી.

મુંબઈના પાદરમાં વાશી તથા પનવેલના વિસ્ફોટો ચોથી જૂન ૨૦૦૮ના રોજ થાણેના રંગાયતન નાટયગૃહમાં થયેલા વિસ્ફોટોમાં સાત જણ ઘવાયા હતા. આ વિસ્ફોટ હિંદુ જાગરણ સમિતિ દ્વારા કરાયા હોવાની તપાસ અધિકારીઓને શંકા છે. આ સમિતિ સભ્યો 'સનાતન પ્રભાત' નામના હિંદુત્વવાદી અખ્બારનું સંચાલન કરતા હતા.

તેનકાશીમાં પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ ૨૪ મી જાન્યુઆરીએ આર.એસ.એસ.ના સ્થાનિક કાર્યાલયમાં ત્રણ અને બસ સ્ટેન્ડ નજીક એક બોમ્બ વિસ્ફોટો થયા. મીડીયાએ મસ મોટાં મથાળાં બાંધીને વિસ્તૃત અહેવાલો પ્રસિદ્ધ કર્યા હતા, મુસ્લિમો પર આક્ષેપો કરાયા પણ છેવટે પોલીસે એસ. રવિ પાંડિયન (૪૨), એક કેબલ ઓપરેટર એસ. કુમાર (૨૮) અને એક ઓટો રિક્ષા ચાલક વી. નારાયણ શર્માને વધુ પેજ નં. ૧૪ પર....

# સુન્નિયતને ઉધઈ જેમ કોતરી રહેલ ખરાબીઓ અને આપણી ગફ્લતો

**તંત્રી લેખ**

મારા પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! હું અતિશય ગંભીરતાથી દીની લાગણીપૂર્વક આજે અમુક એવી આપણામાં ઘર કરી ગયેલી ખરાબીઓ પ્રતિ તમારું ધ્યાન દોરવા માંગું છું કે જે હવે એકદમ સામાન્ય થતી જઈ રહી છે, બલ્કે એવું જણાય છે કે જાણે તેને કોઈ ખરાબી જ સમજતું નથી અથવા એની ગંભીરતાને સમજતું નથી, જ્યારે કે એ ખરાબીઓ એવી છે કે જે રીતે લાકડાને ઉધઈ ખાય જાય છે અને ખબર પણ પડતી નથી તેમ સુન્નિયતને કોરી રહી છે, અને અંદરો અંદર દિન પ્રતિ દિન સુન્નિયત કમજોર થતી જઈ રહી છે.

**ખુશી ગમીના પ્રસંગે બદ્અક઼ીદા સગાં મિત્રોને દા'વત !**

જેમ કે હાલમાં જ એક સાહબે મને શાદીમાં દા'વત આપી હતી. બંને પક્ષ સુન્ની હતા અને શાદી પણ સાદી હતી ! જેથી મેં હાજરી આપી, તેમની મુલાકાત થઈ તો સલામ, ખૈર ખૈરિયત બાદ તેમણે કહ્યું કે પેલી તરફ તમે ચાલ્યા જાવ, ત્યાં આપણુ સુન્ની ગૃપ બેઠેલું છે ! સારાંશ કે નિમંત્રિત મહેમાનોમાં સુન્ની વહાબી સૌનો શંભુમેળો હતો. આ બધું શા માટે ? શા માટે વહાબી, દેવબંદી વગેરે બદ્અક઼ીદાને મહેમાન બનાવી ઈજ્જત આપવામાં આવે છે ?! જ્યારે તમે એમના અક઼ીદાઓથી વાકેફ છો કે એઓના અક઼ીદા એવા છે કે જેના કારણે એમના પર કુફ્રનો હુકમ છે, હુઝૂરે અકરમ ﷺની ગુસ્તાખીભર્યા લખાણો લખવાના કારણે એમના મોલ્વીઓને વર્ષો થયાં હરમૈન શરીફૈન (મક્કા–મદીના) તથા દુનિયાભરના ઉલમાએ કાફિર મુર્તદ જાહેર કર્યા છે જેઓ તૌબા કર્યા વિના મરી ગયા. *(હવાલો : હુસ્સામુલ હરમૈન તથા અસ્સવારિમુલ હિંદિયા)* તેમને એઓ પેશ્વા જાણે છે ! એમની મસ્જિદો અલગ છે, તેમના મદરસા અલગ છે, તેઓ પોતાને અલગ કરી ચૂક્યા છે છતાં તમે તેમને ખુશી ખુશી નિમંત્રો છો ! વળી કોઈ સુન્ની મૃત્યુ પામે તો ફોન કરી સૌ સગાંને ખબર કરવામાં આવે છે તો એમાં પણ અચૂક વહાબી દેવબંદીને બોલાવવામાં આવે છે ! કે જેઓ ન ફાતેહા, ન દુરૂદ, કેવળ તમાશો જોવા જાણે આવે છે. દુઆ માટે હાથ ઉઠાવતાં તેમના હાથો વજનદાર થઈ જાય છે ! તો શા માટે એવા મનહૂસ લોકોને બોલાવો છો ! જેઓ મૈયત સામે કે કબર પર હાથ ઉઠાવી મરનાર માટે મગફેરતની દુઆ માંગવા પણ તૈયાર નથી ! અને એઓ દુઆ માંગે તોય શું ફાયદો !

શાદી તથા મૈયત આ બે પ્રસંગો એવા છે કે જેમાં સગાં વહાલાંને અવશ્ય નોંતરવામાં આવે છે. તો તમે કેવા મુસલમાન છો કે જેઓ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના દુશ્મન સાબિત થઈ ચૂક્યા તે તમને હજી વહાલા છે ?! જો તમે ખરેખર કુર્આન પર ઈમાન ધરાવો છો તો હું તમારી ઈમાની ગૈરતને લલકારું છું કે શું તમે આ કુર્આની આયતનો હુકમ નહીં માનો ?! સાંભળો :–

**અર્થાત** : "જેઓ અલ્લાહ અને ક઼યામત પર ઈમાન લાવે છે તું નહીં જોઈશ કે તેમના દિલોમાં એવાઓની મહોબ્બત આવવા પામે જેઓએ ખુદા તઆલા તથા રસૂલ ﷺ ની મુખાલિફત કરી, **ભલે તે તેમના બાપ અથવા બેટા અથવા ભાઈ કે પ્રિયજન કેમ ન હોય !** આ છે તે લોકો જેમના દિલોમાં અલ્લાહે ઈમાન કોતરી દીધું, અને પોતાના તરફની રૂહથી તેમની મદદ કરી, અને તેમને બગીચાઓમાં લઈ જશે, જેમની નીચે નહેરો વહી રહી છે. તેમાં હમેશાં રહેશે, અલ્લાહ તેમનાથી રાજી અને તેઓ અલ્લાહથી રાજી એ જ લોકો અલ્લાહવાળા છે, સાંભળે છે ! અલ્લાહવાળા જ ધ્યેયને વર્યા." *(સૂ. મુજાદિલહ, આ. ૨૨)*

સ્પષ્ટ થયું કે જે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના ગુસ્તાખોથી 'દોસ્તી' રાખશે તથા 'મહોબ્બત' રાખશે તો તે ઈમાનવાળો નથી ! એવું કોણ ફર્માવે છે ? ખૂદ રબ્બે કરીમ ફર્માવે છે. હજી આગળ સાંભળો ! :–

وَمَنۡ یَّتَوَلَّہُمۡ مِّنۡکُمۡ فَاِنَّہٗ مِنۡہُمۡ ؕ اِنَّ اللّٰہَ لَا یَہۡدِی الۡقَوۡمَ الظّٰلِمِیۡنَ۔

**અર્થ** : "જે તમારામાંથી તેમની સાથે મિત્રતા કેળવશે તો બેશક ! તે તેમનામાંથી જ છે. બેશક ! અલ્લાહ જાલિમોને હિદાયત નથી આપતો."

**જે તેમની સાથે દોસ્તી ધરાવશે તે પણ તેમનામાંનો જ છે, તેમની જેમ જ કાફિર છે, તેમના સાથે એક દોરડામાં બાંધવામાં આવશે.** *(તમ્હીદે ઈમાન બ આયાતે કુર્આન)* વધુ માટે આ'લા હઝરત رحمۃ اللہ علیہની કિતાબ 'તમ્હીદે ઈમાન' વાંચી જશો.

સારાંશ કે અહીં આપણા ઈમાનની કસૌટી જ થઈ રહી છે જેનું રિઝલ્ટ તો કુર્આનની જ રોશનીમાં ઉપરોક્ત આયતો દર્શાવી રહી છે. કેટલાક એવું કહે છે કે અમે તેમની સાથે દિલથી સંબંધ નથી રાખતા પણ પહેલાંથી સગાઈ છે તે છૂટતી નથી ! તો એ લોકો કેવળ એટલું વિચારે કે **જો એમને સગા ભાઈ સાથે કોઈ બાબતે લડાઈ થઈ જાય, મિલ્કત બાબતે કે અન્ય બાબતે તો તેની સાથે સંબંધ કટ થઈ જાય છે, શાદી ગમીમાં તેનાથી સંબંધ નથી રહેતો ! લોકો સમજાવે તોય એક ન થાય !** જ્યારે કે આવી બાબતે તો ઈસ્લામમાં માફી આપનારને મહાન દર્શાવ્યો છે અને સંબંધ સુધારવાનો હુકમ છે. તેને બદલે તમારું આવું વલણ છે ! તો તમારું એ કેવું ઈમાન છે કે **તમારા પોતાના ગુસ્તાખને તમે માફ ન કરો અને ખુદા વ રસૂલ** عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ**ના ગુસ્તાખો તમારા સગાં વહાલાં હોય !**

વળી માની લીધું કે દિલથી મહોબ્બત વિના તમે બદ્‌મઝહબ સગાંને ભલે મરઘીઓ ઘરે નિમંત્રી ખવડાવો છો ! પણ એ સગાઈ સંબંધ ચાલુ રહેશે તો શું તમારી ઔલાદના ઈમાનનો ખતરો નથી ? તો તમે તમારી ઔલાદને શા માટે જહન્નમના કિનારા પર મૂકીને જઈ રહ્યા છો ?!

**સુન્નિયતની જડમાં સતત પડતો કારમો ઘા !**

ચાલો ! માની લીધું કે તમે બદ્‌મઝહબોથી દિલથી નફરત છતાં સંબંધ રાખો છો ! પણ અમે જોઈ રહ્યા છીએ કે વરસભર થતી સુન્નીઓની શાદીઓમાં કમસે કમ ૨૫ થી ૩૦ % ઉપર શાદીઓ વહાબી, દેવબંદી સાથે થઈ રહી છે ! અને **U.K., U.S.A.** વગેરેમાં જવાની લાલચે તો કાંઈ જોયા વિના બદ્‌મઝહબો સાથે શાદીઓ થતી રહે છે ! છોકરા છોકરીનું રૂપ જોવામાં આવે છે, માલદારી જોવામાં આવે છે, ઘર જોવામાં આવે છે..... બધું જ જોવામાં આવે છે પણ અફસોસ ! કે નથી જોવામાં આવતી તો ખાસ જોવા જેવી એક ચીજ છે અને તે છે ધર્મ ! દીન અક઼ીદો જોવામાં નથી આવતો ! આ છે આપણા કહેવાતા સુન્ની ભાઈઓ ! અને **જેઓ આવું કરે છે કે વહાબી દેવબંદી સાથે શાદી નક્કી કરી રહ્યા છે તેઓ જાણી લે કે તેઓ સુન્નિયતના મૂળમાં કારમો ઘા મારી રહ્યા છે** જેના લીધે સુન્નિયત ક્રમે ક્રમે તૂટી રહી છે અને એમાં એમનો હિસ્સો છે જેના માટે રબની બારગાહમાં તેમની સખત પકડ થશે અને ત્યાં તેમને બચાવનાર કોઈ જ નહીં હોય ! કારણ કે ખૂદ નબી પાક ﷺના ગુસ્તાખો સાથે જ તો તેઓ સગાઈ કરી રહ્યા છે ! તો હવે કયા મોઢે હુઝૂર ﷺની શફાઅતની આશા રાખી શકે !

હવે મારો પ્રશ્ન એ છે કે શું આ દેવબંદી વહાબીને તમે સગો, જમાઈ કે બનેવી વગેરે બનાવી રહ્યા છો તો તેને દુશ્મન સમજીને બનાવી રહ્યા છો ?! અથવા તેમની છોકરીને લાવી રહ્યા છો તો દિલથી નફરત છતાં લાવી રહ્યા છો ! આ તો રોજ નવા નવા સંબંધો વહાબીઓ સાથે જાણવા છતાં થઈ રહ્યા છે તો હવે શું બહાનુ છે તમારી પાસે ?! અને નિકાહ પઢાવનારા આવો માહોલ જાણવા છતાં તેહક઼ીક઼ વિના પઢાવી દે છે ! તઓ પણ નહીં છૂટે !

વળી કેટલાક કહે છે કે છોકરી લાવવામાં વાંધો નથી ! આપણે ત્યાં લાવીને સુન્ની બનાવી દઈશું ! અમારું કહેવું એ છે કે શરીઅતમાં એની ઈજાઝત છે જ નથી કેમ કે કુફ્રી અક઼ીદાવાળા સાથે નિકાહ થશે જ નહીં ! અને આ દિશામાં તમારો ક઼દમ કે બદ્‌મઝહબ સાથે સગાઈ જોડવી એ જ પ્રથમ તમારા ઈમાનની કમજોરીની

શરૂઆત થઈ, અને આવા સંબંધો કરનારા આગળ જતાં ઢીલાઢસ બની નામના સુન્ની રહી જતા હોય છે. અને માનો કે કોઈ બચી પણ જાય છતાં છોકરી લાવવી પણ જાઈઝ નથી એ બાબતે નીચેનો ફત્વો વાંચી લો :–

એક પ્રશ્નના જવાબમાં આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ કાફિરોના પ્રકારો વર્તન કરતાં છેલ્લે લખે છે કે,

"મુર્તદ મુનાફિક તે કે જે ઈસ્લામનો કલમો હાલમાં પણ પઢે છે, પોતે પોતાની જાતને મુસલમાન કહે છે અને છતાં અલ્લાહ جل جلالہ અથવા રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم અથવા કોઈ નબીની તૌહીન કરે અથવા જરૂરિયાતે દીનમાંથી કોઈ ચીજના મુન્કિર છે જેમ કે વર્તમાન સમયના **વહાબી, રાફઝી, કાદયાની, નેચરી, ચકળાલવી, જૂઠા સૂફીઓ કે જેઓ શરીઅતની મઝાક ઉડાવે છે**, તેમનો હુકમ એ છે કે તેઓ દુનિયામાં સૌથી બદતર મુર્તદ છે, તેમનો નિકાહ કોઈ મુસ્લિમ, કાફિર, મુર્તદ તેના હમ મઝહબ, મતલબ કે ઈન્સાન, હયવાન કોઈની સાથે નથી થઈ શકતો ! જેની સાથે થશે તે કેવળ ઝિના (વ્યભિચાર) થશે (ભલે) મુર્તદ સ્ત્રી હોય કે પુરૂષ. મુર્તદો (દીનથી ફરી જનારાઓ)માં સૌથી બદતર મુર્તદ મુનાફિક છે. આ તે જ છે કે **જેની સોહબત હજાર કાફિરોની સોહબતથી અધિક નુકસાનકારક છે** કેમ કે તેઓ મુસલમાન બનીને કુફ્ર શીખવાડે છે. ખાસ કરીને વહાબીઓ, દેવબંદીઓ કે પોતે પોતાને ખાસ અહલે સુન્નત કહે છે, હનફી બને છે, ચિશ્તી નકશબંદી (પણ) બને છે, નમાઝ, રોઝા આપણી જેમ કરે છે, આપણી કિતાબો પઢે પઢાવે છે અને અલ્લાહ વ રસૂલને ગાળો આપે છે. એ સૌથી બદતર કાતિલ ઝહેર છે. હોશિયાર ! ખબરદાર ! મુસલમાનો તમારો દીન બચાવો ! *(ફતાવાએ રિઝવિય્યહ્, ભાગ–૬, પેજ–૫૫)*

વળી કેટલાક કહે છે કે, "એ લોકોને એવું કાંઈ નથી ! સુન્ની વહાબી જેવું કાંઈ નથી ! એ તો અજમેર શરીફ પણ જાય છે....વગેરે. તો ભાઈઓ ! અજમેર શરીફ ભલે જાય ત્યાં તો બધા જ ગરજવાન જાય છે ! પણ **કાફિરને કાફિર જાણવું એ જરૂરિયાતે દીનમાંથી છે અને જો જાણવા છતાં ગુસ્તાખે રસૂલ વહાબી દેવબંદી વગેરેને એ મુસલમાન જાણે છે તો એ પોતે જ ઈસ્લામથી બહાર છે.** અથવા એને દીન બાબતે કાંઈ સમજ કે ભાન જ નથી તો પણ તેની સાથે નિકાહ જાઈઝ નથી. જેમ કે ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہએ એક એવા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે :–

"મુર્તદ મા બાપના છોકરા, છોકરીઓ જો તેમની સાથે રહે સહે છે અને તેમની સાથે સંબંધ નથી તોડયા તો ભલે તેમના (છોકરા છોકરીઓના) ખયાલો નામાલૂમ જેવા હોય તેમની સાથે નિકાહનો રિશ્તો જોડવો જાઈઝ નથી. **કેમ કે તેઓ મુર્તદ નથી તો કમસે કમ ગુમરાહ જરૂર છે અને ગુમરાહ સાથે પણ નિકાહ કરવું જાઈઝ નથી.** અને વળી તેમના ખયાલો નામાલૂમ જેવા કેમ હોય છે ? છોકરા, છોકરી આપનારાં પ્રથમ તેમનો અકીદો શા માટે માલૂમ નથી કરી લેતાં ?" *(ફતાવા ફયઝુર્રસૂલ)*

**એક ધોકો ! કે પબ્લિકમાં એવું કાંઈ નથી !**

જે લોકો એવું કહે છે કે બદ્મઝહબોના મોલ્વીઓ ભલે નબી પાક صلی اللہ علیہ وسلمની ગુસ્તાખી કરતાં લખાણો લખી ગયા પણ સામાન્ય પબ્લિકમાં એવું કાંઈ જ જ્ઞાન નથી. બીચારી ભોળી પબ્લિક છે ! જેથી તેમની સાથે સગાઈ વગેરે કરી શકાય. તો અમારો પ્રશ્ન છે કે, **તમે કોઈ ઘરનો કે જમીનનો સોદો કરો છો તો દસ્તાવેજ લખો છો, તેમાં સર્વ ચતુર્દિશાઓ તથા બારીક બારીક શરતો લખો છો, ખૂણે ખૂણાની, લોબીની, છતની સર્વ વિગતો લખો છો, સર્વ કલીયર કર્યા પછી જ ગવર્નમેન્ટમાં રજીસ્ટર્ડ કરાવો છો.** સાચી વાત કે નહીં ?! તો પ્યારા સુન્ની મિત્રો ! જેને તમારી પ્યારી ફૂલ જેવી દીકરી આપી રહ્યા છો અથવા તમારા પ્યારા ફરઝંદ માટે લાવી રહ્યા છો તો તેમની માલ, મિલ્કત, દુનિયાવી પ્રતિષ્ઠા, રૂપ રંગ, બધું જ જુઓ છો, એ અક્કલ તમારામાં છે, અને **જન્નતમાં જવાનો જે**

**આધાર છે તે ધર્મની જ છાનબીન નહીં કરો !** આશ્ચર્યની વાત છે ! તમે પણ એટલા બધા ભોળા છો ?! ના ! એવું નથી ! તમે જાણી જોઈને ભોળા બની જાવ છો ! **જો છોકરો કે છોકરી લુલી, લંગડી, કાંણી, બહેરી કે એક હાથવાળી હશે, તો નહીં ચલાવી લો ! પણ દીન બાબતે તમે આંખ આડા કાન કરીને ચલાવી લો છો, જેનો અંજામ તમારે વેઠવો જ પડશે.** જેઓ એવું કહે છે કે આપણે ત્યાં લાવી સુન્ની બનાવી દઈશું ! તેઓના હાલ અમે જોયા છે કે તેણીઓ જ પોતાનાં છોકરાંને દેવબંદીને ત્યાં પઢવા મોકલે છે અને ભાઈ કાંઈ કહી કે કરી શકતા નથી ! અને જતે દહાડે તેમની ઔલાદ તેવી જ બની રહી છે. જેથી આ ખોટા ભરમને ત્યજી દેશો.

આ'લા હઝરત ઈમામ અહમદ ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہએ એનો પણ માર્ગ સૂચવ્યો છે તેનો ભાવાર્થ રજૂ કરું છું કે, "કોઈની સાથે સંબંધ બાંધતા પહેલાં તેના સામે દીન પેશ કરવામાં આવે, જો તે બદ્‌મઝહબની ફેવર કરે અને દલીલો કરે તો તેને કુર્આન, હદીષ, ઉલમાના અક્‌વાલ વગેરે (કિતાબો થકી) રજૂ કરી તેમની બદ્‌અક્‌ીદગી વિશે સમજાવો, તેને અભ્યાસ કરવા મોહલત આપો. આવું કરતાં સુધી તેની સાથે સંબંધ રાખી શકો. જો સમજી જાય તો ઠીક, પણ સર્વ દલીલો પૂર્ણ થયા પછી ન માને અને બદ્‌અક્‌ીદાને જ હક્ક્ પર કહે, તો હવે તેની સાથે સંબંધ હરામ, ઉઠક બેઠક સર્વ બાબતો હરામ થશે. *(વાંચો : ફતાવા રઝવિય્યહ્ વગેરે)*

**લાગણીવેડા નહીં ! શરીઅતનો હુકમ સમજો !**

આજે જોવામાં આવે છે કે કોઈ સગુ મરી ગયું તો ટેમ્પા, ગાડીઓ, રીક્ષાઓ ભરાઈ ભરાઈને દફનાવવા લોકો જાય છે. જરાય જોવામાં નથી આવતું કે મરનાર વહાબી દેવબંદી હતો કે શું હતો ?! આપણી જેવો કાંઈ કહે તો અમુક તો જવાબ આપશે કે, "અમે તો કેવળ મોં દેખાડવા જઈએ છીએ ! જનાઝાની નમાઝ, મગફેરતની દુઆ નથી કરવાના." તમને સગાંની શરમ નડે છે તો શું તમને રબની શરમ નથી આવતી ! તેને મોઢું ક્યામતમાં નહીં બતાવવું પડે ! અરે ! તે તમને જોતો નથી ! વળી અમુક કહેશે, "અરે ! ભાઈ ! મૈયત થયું છે ! મૈયતમાં પણ ન જઈએ !" જો તમે મુસલમાન છો તો થોભો ! અને અગાઉ જણાવેલ કુર્આની આયતોનો હુકમ ફરીથી વાંચી જાવ અને તમારા ઈમાનને મજબૂત કરી લો અને મોં દેખાડવા જવું પડે ! મૈયતમાં હાજરી આપવી પડે ! એ લાગણીવેડા ત્યજી દો અને પાલનહારે હક્‌ીક્‌ી કુર્આનમાં શું ફર્માવે છે તે જુઓ ! :–

**"અને તેમનામાંથી કોઈની મૈયત પર કદી નમાઝ ન પઢશો અને ન તેમની કબર પર ઉભા રહેશો..."** *(પા. ૧૦, આ.–૮૪, સૂ. તૌબા)* આ આયતમાં સૈયદે આલમ ﷺને મુનાફિક્‌ોના જનાઝાની નમાઝ અને તેમના જનાઝામાં શિર્કત કરવાથી મના ફર્માવવામાં આવ્યું.

**મસ્અલા** : આ આયતથી સાબિત થયું કે કાફિરના જનાઝાની નમાઝ કોઈ સંજોગોમાં જાઈઝ નથી અને કાફિરની ક્‌બર પર દફન તથા ઝિયારત માટે ઉભા રહેવું મના છે. *(કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન)*

વળી, હુઝૂર ﷺની પરવરિશ કરનાર કાકા અબૂ તાલિબ ઈમાન ન લાવ્યા તો તે કાકાની મગફિરતની દુઆ હુઝૂરે નથી ફર્માવી, ન દફનવિધિમાં ભાગ લીધો.

અને એ પ્યારા નબી ﷺ કે જેમને આપણે આપણી જાનથી પણ અધિક ચાહીએ તો જ સાચા મો'મિન કહેવાઈએ, તે નબી કરીમ, રહ્‌મતુલ્ લિલ્ આલમીન ﷺ શું ફર્માવે છે :–

(અર્થ) : **બદમઝહબ જો બીમાર પડે તો પૂછવા ન જાવ અને જો મરી જાય તો જનાઝા પર હાજર ન થાવ અને જ્યારે તેમને મળો તો સલામ ન કરો અને તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, ખાણુ ન ખાવ, તેમની સાથે શાદી–વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે નમાઝ ન પઢો.** રિવાયત કરી એને મુસ્લિમે અબૂ હુરૈરહથી તથા અબૂ

દાઊદે ઈબ્ને ઉમર તથા ઈબ્ને માજહ્એ જાબિરથી તથા ઓક઼ૈલી તથા ઈબ્ને હબ્બાને અનસ رضی اللہ عنہ થી.

અને અમુક ભાઈઓ આવા સમયે પોતે ઉચ્ચ અખ્લાક઼વાળા બની જાય છે અને ડાહ્યા થાય છે ! તેઓ સાંભળી લે કે ઉપરોક્ત ફર્માનોમાં પ્રથમ તે રબનું ફર્માન છે જેણે અખ્લાક઼ને પેદા કર્યા અને અખ્લાક઼ની તા'લીમ પણ તેણે જ આપી. અને બીજુ બયાન તેનું છે જેમના અખ્લાક઼ને કુર્આનમાં ''સર્વ શ્રેષ્ઠ'' કહેવામાં આવ્યા એટલે નબી કરીમ ﷺનું ફર્માન છે. તો હવે કોનું માનશો ?!

અને શરીઅતનો હુકમ જાહેર છે જ કે, **''કાફિર માટે મગફેરતની દુઆ કરવી કુફ્ર છે.''** જનાઝાની નમાઝમાં મગફેરતની દુઆ હોય જ છે જેથી તેવાની નમાઝ પઢનાર પઢાવનાર આ હુકમ હેઠળ આવવાના જ છે. એમને એવું કાંઈ ન હતું ! અથવા એમના અક઼ીદા જાહેર ન હતા ! વગેરે વાતો કરનારા વિચારી લે કે જેના અક઼ીદા ડાલમડોલ હતા, ન ઈધર, ન ઉધર જેવી સ્થિતિ હતી તેવું ખૂદ તમે ધારો છો ! તો શા માટે તેની જનાઝાની નમાઝ પઢવાની તમને લાગણી ઉભરાય જાય છે ?! કાંઈ નથી તો એવો માણસ 'ગુમરાહ' તો છે જ ! જેથી એનાથી પણ દૂર જ રહેવું જોઈએ.

આ સર્વ એવી બાબતો છે જે સુન્નીઓમાં ઘર કરી ગઈ છે કે શાદી ગમીના પ્રસંગે જુઓ તો સર્વ ભેળસેળ સુન્ની વહાબી પબ્લિક જોવા મળશે, કોઈ જ ખચકાટ વિના સૌની સાથે વહાલથી મુલાકાતો થાય છે ! વળી દીકરા–દીકરી, વહેવાર પણ ધામધૂમથી ચાલુ જ છે ! અને વહાબીના મૃત્યુ પર દોડતા ઘોડે તેને દફનાવવા આપણા ભાઈઓ જઈ રહ્યા છે ! તો આ બાબતે ઉપરોક્ત લખાણને ફરીવાર ગંભીરતાથી વાંચશો અને એ કામોથી ખૂદ પણ રોકાઈ જાવ અને તમારી અસર હેઠળનાને જરૂરથી રોકો, નહીં તો ક઼યામતમાં તમારી પકડ થશે. આ એવાં કામો છે જેનાથી સુન્નિયત તૂટી રહી છે જેથી તમારી ફરજ બને છે કે આ ક્ષેત્રે સાવધાન થઈ જાવ !

**બદ્મઝહબોની રદ શા માટે જરૂરી ?!**

કેટલાક કહે છે કે, ''બદ્મઝહબોની રદ ન કરો ! લોકોના અમલોની ઈસ્લાહ પર ધ્યાન આપો ! આજે આપણો માહોલ આવો છે અને તેવો છે !...વગેરે.'' તો ભાઈઓ ! અલ્હમ્દુલિલ્લાહ ! સમય તથા સંજોગો પ્રમાણે અમલી ઈસ્લાહના માટે પણ અમો સતત દિલને ચૂભે તેવા લેખો રજૂ કરીએ જ છીએ, પણ અમલોનો આધાર ઈમાન પર છે. જેમ દૌલત કમાઈને તેને સાચવવા માટે આપણે તીજોરી તથા વોચમેન રાખીએ છીએ જેથી લૂટાઈ ન જાય. તેમ અમલો કરીને તેને સલામત રાખવા માટે ઈમાન પર રહેવું જરૂરી છે, એટલે ઈમાન સાચવવા સૌથી વિશેષ તકેદારી જરૂરી છે માટે અમે આવા લેખો રજૂ કરીએ છીએ. કોઈને ઘા થયો હોય અને પંપાળી પંપાળીને ઉપર ઉપર મલમ ચોપડવાથી તેમાં અંદરો અંદર સડો થતો રહે છે પણ નશ્તર મારી ખરાબી સાફ કરી પછી ટ્રીટમેન્ટ થશે તો સાજા થવાની શક્યતા રહે છે, તેમ અહીં પણ અમલી ફઝીલતોની સૂફિયાણી વાતોથી કામ નહીં ચાલી શકે, અમલોનો અસલ આધાર ઈમાનને સાચવવું સૌથી અતિ આવશ્યક છે. વળી જેમ ડાયાબિટિશના દર્દીને રોજ સવાર સાંજ દવા ઈંજેક્શન લેવું આવશ્યક છે, નહીં તો સુગર વધી જતાં જાનનો ખતરો રહે છે, એ સૌ માને છે. તેમ આપણા સમાજની પણ એ જ હાલત છે કે, ''બદ્મઝહબો સાથે ભેળસેળ''ની બીમારી આમ જણાય છે તો તેમને પણ વારંવાર આ કડવા ડોઝની જરૂરત છે. માટે કોઈ ખોટી દલીલોમાં ન પડે અને દીન ઈમાનના મહત્વ તથા મૂલ્યને સમજે એ જ વિનંતિ.

**હમેં શઊરે ગ઼મે ઈશ્ક઼સે હૈ આગાહી–હમ ચિરાગ નહીં અપના દિલ જલાતે હૈં**

હજી અન્ય બાબતો પણ છે જે સુન્નિયતને કોરી રહી છે, પણ લખાણ ન લંબાવતાં અન્ય મોકા પર તેનો પણ ઉલ્લેખ થશે. ઈન્શાઅલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં આપણને કુર્આન, હદીષ તથા બુઝુર્ગાને દીનના નક઼્શે ક઼દમ પર ચાલવાની તૌફીક઼ આપે. (આમીન)

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

-કાર્યાલય

અઝ: ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

إِنَّ الَّذِينَ آمَنُوا وَالَّذِينَ هَاجَرُوا وَجَاهَدُوا
فِي سَبِيلِ اللَّهِ أُولَٰئِكَ يَرْجُونَ رَحْمَتَ اللَّهِ ۚ وَاللَّهُ غَفُورٌ
رَّحِيمٌ ﴿٢١٨﴾ يَسْأَلُونَكَ عَنِ الْخَمْرِ وَالْمَيْسِرِ ۖ قُلْ فِيهِمَا إِثْمٌ كَبِيرٌ
وَمَنَافِعُ لِلنَّاسِ وَإِثْمُهُمَا أَكْبَرُ مِن نَّفْعِهِمَا ۗ وَيَسْأَلُونَكَ
مَاذَا يُنفِقُونَ ۖ قُلِ الْعَفْوَ ۗ

*બેશક ! જે લોકો ઈમાન લાવ્યા અને જેમણે હિજરત કરી અને જેહાદ કર્યો અલ્લાહની રાહમાં, (તો) એ જ લોકો ઉમ્મીદ રાખે છે અલ્લાહની રહમતની. અલ્લાહ મહાન બખ્શનારો ખૂબ જ રહમ ફર્માવનારો છે. તેઓ પૂછે છે તમને[૨૭૬] શરાબ અને જૂગારની બાબતે, તમે ફર્માવી દો, આ બંનેવમાં મહાન ગુનોહ છે અને અમુક ફાયદા પણ છે લોકો માટે અને, તેનો ગુનોહ ઘણો જ મહાન છે[૨૭૭]. અને પૂછે છે તમને શું ખર્ચ કરીએ, ફર્માવો, જે જરૂરતથી અધિક હોય[૨૭૮].*

**તફસીર...............**

**૨૭૬.** શરાબ હરામ હોવાનો હુકમ ઉતરતાં પહેલાં અમુક સારી પ્રકૃતિવાળાઓની પ્રકૃતિ એને માન્ય કરતી ન હતી. જેમ કે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને હઝરત મઆઝ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! અમને શરાબના વિશે હુકમ આપો ! કે બુદ્ધિને નષ્ટ કરનારી અને માલને વેડફનારી છે, તો આ આયત નાઝિલ થઈ. એના પર કેટલાકે શરાબ ત્યજી દીધી અને અમુક પીતા રહ્યા, કેમ કે એમાં સ્પષ્ટ શબ્દોમાં રોકવામાં આવ્યા ન હતા. એક દિવસે હઝરત અબ્દુર્રહ્‌માન ઈબ્ને ઔફે અમુક જણાને બોલાવ્યા અને તેમને શરાબ આપી. જ્યારે તેઓ પીને મસ્ત થઈ ગયા તો મગરિબની (સાંજની) નમાઝનો સમય થઈ ગયો. તેઓમાંથી એક જણે ઈમામત કરાવી અને સૂરએ કાફિરૂનની તિલાવત શરૂ કરી અને لا اعبد ما تعبدون ''હું તેમની ઈબાદત નથી કરતો જેની તમો પૂજા કર્યા કરો છો.''ને બદલે اعبد ما تعبدون ''હું પણ તેની ઈબાદત કરું છું જેની તમો કરો છો.'' પઢી ગયા. તો એ સમયે હુકમ થયો : لا تقربوا الصلوٰة وانتم سکاریٰ ''નશાની હાલતમાં નમાઝ ન પઢો !'' પછી એક મેહફિલમાં જેનું આયોજન ઉત્બાન ઈબ્ને માલિકે કર્યું હતું. જ્યારે શરાબનો દૌર ચાલી રહ્યો હતો અને હાજરજનોને નશો ચઢવાનું શરૂ થયું તો પોત પોતાના કબીલાઓની પ્રશંસામાં અતિશયોક્તિ કરવા લાગ્યા. કોઈકે હાડકુ તેમના માથા પર ફટકારી દીધું અને માથુ ફોડી નાખ્યું. બારગાહે રિસાલતમાં ફરિયાદ પહોંચી. હઝરત ઉમર رضی اللہ عنہએ અર્ઝ કરી કે, હે અલ્લાહ ! શરાબના બારામાં સ્પષ્ટ હુકમ નાઝિલ કર. તો આ આયત નાઝિલ થઈ انما الخمر۔الیٰ۔فھل انتم منتھون આ શરાબ હરામ હોવા વિશેનો અટલ હુકમ હતો. (એની વિગત એના પ્રસંગે આવશે, ઈન્શાઅલ્લાહ !)

**૨૭૭.** એટલે કે એ દુરુસ્ત છે કે શરાબ વડે ક્ષણિક આનંદ પણ પ્રાપ્ત થાય છે અને જૂગાર વડે મહેનત કે તકલીફ વિના દૌલત પણ મળી જાય છે, પરંતુ એનાં નુકસાનો એટલાં અધિક છે કે એની સામે આ થોડાક લાભનું કોઈ મહત્વ નથી રહેતું. (વધુ સ્પષ્ટતા માટે સૂરએ માઈદાની આયત નં. ૯૦, ૯૧ જુઓ)

વધુ પેજ નં. ૧૮ પર...

### મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

દર્સે હદીષે પાક

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ ૬૫**

*હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ એ ફર્માવ્યું, જ્યારે બંદાને ક઼બરમાં રાખવામાં આવે છે અને તેના સાથીઓ પાછા ફરે છે તો તે તેમનો પગરવ સાંભળે છે[૧]. તેની પાસે બે ફરિશ્તાઓ આવે છે, તેને બેસાડે છે[૨] પછી કહે છે કે તું આ સાહબના સંબંધે શું કહેતો હતો ? એટલે મુહમ્મદ[3] (ﷺ) તો મુસલમાન કહી આપે છે, હું ગવાહી આપુ છું કે તે અલ્લાહના બંદા અને તેના રસૂલ છે[૪]. ત્યારે તેને કહેવામાં આવે છે કે તારા દોઝખના ઠેકાણાને જો ! જેને જન્નતના ઠેકાણા સાથે બદલી નાખ્યું[૫]. તો તે બંનેને જુએ છે[૬] પરંતુ મુનાફિક઼ અને કાફિરને કહેવામાં આવે છે કે આ સાહબના બારામાં શું કહેતો હતો ?[૭] તો તે કહે છે, હું નથી જાણતો ! જે લોકો કહેતા હતા તે જ હું કહેતો હતો[૮]. તો તેને કહેવામાં આવે છે કે, તેં ન ઓળખ્યા ન કુર્આન પઢ્યું[૯]. અને લોખંડના હથોડાઓ વડે માર મારવામાં આવે છે જેનાથી તે એવી ચીસો પાડે છે કે જેને જિન તથા ઈન્સાન સિવાય સર્વ નિકટની ચીજો સાંભળે છે[૧૦]. (મુસ્લિમ તથા બુખારી)*

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આ પરથી બે મસ્અલા જાણવા મળ્યા; એક એ કે મુડદાં સાંભળે છે. મુડદાંનું સાંભળવું કુર્આની આયતો તથા અસંખ્ય હદીષોથી સાબિત છે. હઝરત શોએબ علیہ السلام તથા સાલેહ علیہ السلام એ અઝાબ પામેલી ક઼ૌમની લાશો પર ઉભા રહી ફર્માવ્યું :– **يَا قَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ** રબ ફર્માવે છે :– **وَاسْئَلْ مَنْ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ مِنْ رُسُلِنَا** "હે મહબૂબ ! પાછલા પયગંબરોને પૂછો." બલ્કે ઈબ્રાહીમ علیہ السلام ને ફર્માવવામાં આવ્યું : **ثُمَّ ادْعُهُنَّ يَاْتِيْنَكَ سَعْيًا** "ઝબહ કરેલ જાનવરોને પુકારો, દોડતાં આવી જશે." આ હદીષ મુડદાંના સાંભળવા સંબંધે ઉઘાડી નસ (દલીલ) છે. આપણા હુઝૂર ﷺ એ બદરમાં કત્લ થયેલ કાફિરોની લાશો પર ઉભા રહીને તેમની સાથે વાત કરી. યાદ રાખશો કે મુડદાનું આ સાંભળવું હમેશાં રહે છે એટલા માટે હુકમ છે કે ક઼બ્રસ્તાનમાં જે આયતોમાં મુડદાંને સાંભળવાનો નકાર છે તો ત્યાં મુડદાથી મુરાદ દિલનાં મુર્દા છે એટલે કે કાફિર છે, અને સાંભળવાથી મુરાદ ક઼બૂલ કરવું છે. એટલા માટે કે કુર્આને કરીમે જ્યાં એવું ફર્માવ્યું, **اِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتٰى** "તમે મુર્દાને સંભળાવી નથી શકતા." ત્યાં સાથે એવું પણ ફર્માવી આપ્યું, **اِنْ تُسْمِعُ اِلَّا مَنْ يُّؤْمِنُ بِاٰيٰتِنَا** "તમે કેવળ મો'મિનોને જ સંભળાવી શકો છો." જેનાથી માલૂમ પડયું કે ત્યાં મુડદાથી મુરાદ કાફિર હતા. મિર્ક઼ાતે અહીં ફર્માવ્યું કે મૈયત પોતાના આપનારા, નમાઝ પઢનારા, ઉઠાવવાવાળાઓ અને દફન કરનારાઓને જાણે તથા ઓળખે છે. હઝરત આઈશા رضی اللہ عنہا ગુંબદે ખિદરામાં હઝરત ઉમર رضی اللہ عنہ ના દફન થયા બાદ પર્દાની સાથે અંદર જતાં હતાં અને ફર્માવતાં હતાં કે હું ઉમરથી શરમ કરું છું. જાણવા મળ્યું કે, મૈયત જુએ પણ છે. ઈમામ સાહબે મૈયતના સાંભળવા બાબતે આનાકાની નથી કરી બલ્કે સાંભળવાની સ્થિતિમાં કરેલ છે. જેમ કે એ જ જગાએ મિર્ક઼ાતમાં છે. બીજુ એ કે મૃત્યુ બાદ શક્તિઓ વધી જાય છે કેમ કે હજારો મણ માટીમાં દફન થવા છતાં મૈયત લોકોના પગરખાંની આહટ (પગરવ) સાંભળી લે છે. તો જે અંબિયા તથા ઔલિયા જિંદગીમાં પૂર્વ તથા પશ્ચિમ જોતા હોય તેઓ મૃત્યુ બાદ ફર્શ તથા અર્શની યક઼ીનન ખબર રાખે છે. હદીષ શરીફમાં છે કે જે દરેક જુમેરાતે મૈયતની રૂહ પોતાનાં સગાંઓના ઘરે પહોંચીને તેમનાથી ઈસાલે

સવાબની દરખાસ્ત કરે છે. (અશ્અતુલ લમ્આત, પ્રકરણ : ઝિયારતે કુબૂર) મેઅરાજની રાત્રે સર્વ નબીઓ બયતુલ મુક્દસમાં અને પછી પળવારમાં આસ્માનો પર મૌજૂદ હતા. આ છે મૈયતની રૂહની રફતાર !

**૨.** આ લખાણથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે ક્બરનો હિસાબ લોકોના પાછા ફર્યા બાદ શરૂ થાય છે જેથી જો કોઈ શખ્સ ક્બર પર જ રહે તો અલ્લાહની રહમતથી ઉમ્મીદ છે કે મૈયતથી હિસાબ થશે નહીં. એટલા માટે અમુક લોકો દફન કર્યા પછીથી જુમ્આની રાત સુધી ક્બર પર હાફિઝે કુર્આનને બેસાડી આપે છે કે કદાચ તેમની હાજરીના કારણે હિસાબ, તથા કુર્આનની તિલાવતની બરકતથી અઝાબ ન થાય. **બીજું** એ કે મુન્કર નકીર ફરિશ્તાઓમાં એ શક્તિ છે કે એક જ સમયે હજારો જગાએ જઈ શકે છે. હજારો ક્બરોમાં એક પળમાં હાજર થઈને સર્વ મુડદાંઓથી હિસાબ કરી લે છે, એને જ 'હાઝિર નાઝિર' કહેવામાં આવે છે. જેથી જો નબીઓ વલીઓ એક જ સમયે અનેક જગાએ મૌજૂદ થાય તો કાંઈ ખરાબી નથી અને ન આ અક્દિો રાખવો શિર્ક છે. યાદ રાખશો કે મુન્કર નકીર મુડદામાં રૂહ નાખે છે જેનાથી તે જીવંત થઈને બેઠુ થઈ જાય છે અને વાત કરે છે, પણ એ જિંદગીને આપણે અનુભવી નથી શક્તા. અને જેને સળગાવી દેવામાં આવ્યો કે સિંહ ખાઈ ગયો તેના અસલી અંગો સાથે રૂહને જોડી દેવામાં આવે છે અને તેનાથી હિસાબ થઈ જાય છે. હદીષમાં કોઈ અર્થઘટનની જરૂરત નથી. માંના પેટમાં ફરિશ્તો બાળક બનાવી જાય છે, તક્દીર લખી જાય છે છતાં માંને ખબર નથી પડતી. આલમે અમ્રની ચીજો આ આંખો વડે નથી જોઈ શકાતી.

**૩.** આ હાઝર્રજુલ (هٰذَا الرَّجُل)ની તફસીર છે જે હુઝૂર ﷺએ ખૂદ ફર્માવી છે, કોઈ રિવાયત કરનાર (રાવી)ની તફસીર નથી, નહીં તો તે રસૂલુલ્લાહ કે નબીયલ્લાહ ફર્માવતા. (મિર્કાત) એનાથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે ક્બ્રનો હિસાબ હુઝૂર ﷺથી નથી લેવામાં આવ્યો, કેમ કે હુઝૂર ﷺની ઓળખ જ તો હિસાબ છે ! પછી આપનાથી એ (પ્રશ્ન) કઈ રીતે થાય ? બીજુ એ કે ક્બ્રમાં દરેક મુડદાને નજીકથી હુઝૂર ﷺની ઝિયારત કરાવવામાં આવશે. જેમ કે 'હાઝા' (આ)થી જાણવા મળ્યું. 'હાઝા' ત્યાં બોલવામાં આવે છે જ્યાં ચીજ દેખાય પણ રહી હોય અને નજીક પણ હોય. **ત્રીજુ** એ કે હુઝૂર ﷺ એક જ સમયે સૌની ક્બરોમાં પહોંચી શકે છે અથવા સૌને એક જ સમયે દેખાય શકે છે, જેમ કે સૂર્ય કિરણો કે એક જ સમયે લાખો જગાએ મૌજૂદ અને એક જ સમયે પોતે દરેક સ્થળેથી દેખાય છે. આ પરથી હાઝિરો નાઝિરનો મસ્અલો સમજાય ગયો. **ચોથુ** એ કે ફરિશ્તા ખૂદ હુઝૂર ﷺની જ ઝિયારત (દીદાર) કરાવે છે, ન કે આપના ફોટાની. કેમ કે ફોટો ન 'રજુલ' (વ્યક્તિ) છે ન એ ફોટાનુ નામ 'મુહમ્મદ' છે, ન તે ફોટો નબી છે. જેવી રીતે પથ્થરને ખુદા કહેવું શિર્ક છે એવી જ રીતે કોઈ ફોટાને નબી દર્શાવવું કુફ્ર છે. આશિક્ો એ ક્બ્રમાં થનાર દીદારના લીધે મૌતની તમન્ના કરે છે અને આશિક્ોનાં મૃત્યુને ઉર્સ કહેવામાં આવે છે. એટલે કે બરાત (છૂટકારા)નો દિવસ અથવા દુલ્હાના દીદારની ઈદ (ખુશી)નો દિવસ.

**૪.** એટલે કે જેનો ખાત્મો ઈમાન પર થયો તેણે હુઝૂર ﷺને જોયા હોય કે ન જોયા હોય પણ તે ઈમાની નૂરથી ઓળખી લે છે અને તડપીને પુકારે છે કે આ જ તે છે જેનો મેં કલ્મો પઢયો હતો. અમુક આશિક્ો કહી બેસે છે કે મેં જીવનભર તેમને રસૂલુલ્લાહ માન્યા, હવે તેમને પૂછો કે મને પોતાનો ઉમ્મતી કહે છે કે નહીં ? જેમ કે અમુક સૂફીઓના કશ્ફથી સાબિત છે.

**૫.** અલ્લાહે દરેક બંદાનાં બે ઠેકાણા રાખ્યાં છે : એક જન્નતમાં અને એક દોઝખમાં. કાફિર પોતાના ઠેકાણા ઉપર પણ ક્બ્જો કરે છે અને મો'મિનના દોઝખી ઠેકાણા ઉપર પણ. અને મો'મિન જન્નતમાં પોતાનું તથા કાફિરનું જન્નતી ઠેકાણુ સંભાળી લે છે. રબ ફર્માવે છે : وَاَوْرَثَنَا الْاَرْضَ અને ફર્માવે છે : اِنَّ الْاَرْضَ يَرِثُهَا عِبَادِيَ الصّٰلِحُوْنَ અહીં જમીનથી જન્નતની જમીન મુરાદ છે અને વારસાથી કાફિરના હિસ્સાનું માલિકીપણુ મુરાદ છે. એ જ આ હદીષોનો

હેતુ છે, એટલે કે જો તું અહીં જનાબે મુસ્તફા ﷺને ન ઓળખત તો દોઝખમાં આ જગાએ રહેત. આવું એટલા માટે કહેવામાં આવે છે કે જેથી મો'મિનની ખુશી બમણી થઈ જાય.

**૬.** એટલે કે મૈયત પોતાની કબરેથી દોઝખ તથા જન્નત બંનેવને આંખો વડે જુએ છે, જ્યારે કે તે બંનેવ તેની કબરેથી કરોડો માઈલ દૂર છે. જ્યારે સામાન્ય મુડદાંની દૂર સુધી જોવાની આવી સ્થિતિ છે તો તે (નબી ﷺ) જો સર્વ પૃથ્વી તથા પૃથ્વીવાળાઓને જુએ તો શું વાંધો છે ! આજે હુઝૂરે અન્વર ﷺ પોતાના દરેક ઉમ્મતીના દરેક હાલને જોઈ રહ્યા છે, અને તેમની દરેક વાત સાંભળી રહ્યા છે, એટલા માટે દરેક નમાઝી દરેક જગાએથી તેમને નમાઝમાં સલામ કરતાં કહે છે : اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِىُّ એટલે (યા નબી ! સલામ અલૈક) હે નબી ! આપના પર સલામ થજો !

**૭.** આ પરથી જાણવા મળે છે કે કબ્રમાં આ ઈશારો ભૌતિક રીતે થાય છે ન કે અકલી રીતે કે વહેમી રીતે એટલે કે ફરિશ્તા જમાલે મુહમ્મદી દેખાડીને પૂછે છે, કોઈ વૈચારિક વહેમી ચીજ પ્રતિ ઈશારો નથી કરતા. કેમ કે કાફિર હુઝૂરથી તદ્દન અજાણ છે, જો તેમની સમક્ષ જમાલે મુહમ્મદી ન હોત તો તે આશ્ચર્ય સાથે કહેત કે કોનુ પૂછો છો ? અહીં તો કોઈ પણ નથી ! આ હદીષ હુઝૂર ﷺના હાઝિરો નાઝિર હોવાની એટલી મજબૂત દલીલ છે કે નકારનારાઓથી ઈન્શાઅલ્લાહ ! એનો જવાબ બનશે નહીં. સૂરજ એક જ સમયે લાખો આઈનાઓમાં દેખાય શકે છે તો નબુવ્વતનો સૂરજ પણ લાખો કબરોને એકી સમયે ચમકાવી શકે છે.

**૮.** જો કે કાફિરે ભલે જીવનભર હુઝૂરને જોયા હોય પણ કબરમાં ઓળખી શકશે નહીં, જેમ કે અબૂ જહલ, અબૂ લહબ વગેરે. કેમ કે ત્યાં હુઝૂરની ઓળખ ઈમાની રિશ્તાથી છે. મજાની વાત તો એ છે કે કાફિર ત્યાં પોતાનું કુફ્ર પણ ભૂલી જશે ! એવું ન કહી શકશે કે હું તેમને આપણી જેવા માણસ કે મોટાભાઈ કે જાદૂગર કે મજનૂન કહેતો હતો. બલ્કે ગભરાઈને કહેશે કે મને યાદ નથી કે મેં તેમને શું કહ્યું હતું, જેવું અન્ય લોકો કહેતા હતા તેવું જ મેં પણ કહ્યું હશે.

**૯.** تَلَيْتَ (તલૈત) અસલમાં تَلَوْتَ હતું. دَرَيْتَના લીધે તેનો **વાવ** પણ **યે**થી બદલાઈ ગયો. એટલે કે તેમની નબુવ્વત પર તો અકલી દલીલો પણ કાયમ થયેલ હતી, તેમના મો'જિઝાઓ વગેરે તથા નકલી દલીલો પણ કુર્આની આયતો પણ. છતાં તેં તો જિંદગીમાં ન તો તેમને બુદ્ધિ વડે ઓળખ્યા, ન કુર્આનના થકી માન્યા, ન ઉલમાની પયરવી કરી. જાહેર એ છે કે ચર્ચા સર્વે કાફિરો તથા મુનાફિકોને સંબોધીને છે, એમાં કોઈ અર્થઘટન વગેરેની જરૂરત નથી.

**૧૦.** કેમ કે જિન તથા ઈન્સાન શરીઅતના હુકમો પાળવા બંધાયેલા છે અને ઈમાન ગયબ પર હોવું જોઈએ, જેથી કબરનો અઝાબ અને કાફિર મુડદાની ચીસો પોકારો એ બંનેને છુપાં રાખવામાં આવ્યાં. જેથી એ ગયબ શહાદત ન બની જાય. તેમના સિવાય સર્વ નજીકનાં જાનવરો બલ્કે ઝાડો, પથ્થરો વગેરે પણ એ અવાજો સાંભળે છે. યાદ રાખશો કે દરેક કબરમાં સવાલ–જવાબ કરનારા બે ફરિશ્તા જાય છે જેથી તેઓ ગવાહ પણ બની જાય, પણ હથોડા વડે મારનારા અન્ય ફરિશ્તા હોય છે.


**બરકાતે ખ્વાજા (માસિક)નું લવાજમ નોંધાવવા સંપર્ક કરો :–**

**વાંકાનેર** કારી શાહિદ રઝા કાપડીયા મો. ૯૯૭૯૦૦૯૨૦૮
**રાજકોટ** : કાદરી બાપુ, એસ.ટી. ડ્રાયવર મો. ૯૭૨૭૪૮૬૦૬૭
**વાડીનાર** : હાજી હુસૈનભાઈ બેડીવાળા મો. ૯૭૭૯૫૧૩૧૯૨
**જામનગર** : અબ્દુલ્લાહભાઈ મો. ૯૮૨૪૮૧૧૦૦૫
**પોરબંદર** : ઈમરાન ભાઈ મો. ૯૭૨૩૫૪૧૬૨૨
**ભાવનગર** : ઈરફાનભાઈ (MR) મો. ૯૪૨૭૪૩૧૪૪૩
**પ્રભાસપાટણ** : ખલીલભાઈ મો. ૯૯૨૪૮૩૮૦૧૪
**સૂરત** : મકતબે રઝા, (ફેસલભાઈ) મો.૯૩૭૬૬૭૦૩૧૦
**સૂરત** : અઝીઝભાઈ–અડાજણ, મો. ૯૮૯૮૭૦૯૨૪૧
**સૂરત** : અકબરભાઈ ડાભાવાળા, મો. ૯૪૨૯૦૧૮૧૨૧
**વડોદરા** : ઉસ્માન ગની, મો. ૯૭૨૩૬૧૧૭૪૪
**કિલ્લાપારડી** : ઈમ્તયાઝભાઈ બાલા, મો. ૯૮૯૮૮૧૦૪૮૮

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી *(પાટડીવાળા)*

## ★ શાને મુસ્તફવી ﷺ ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ જ્યારે હઝરત આદમ علیہ السلામને પેદા કર્યા ત્યારે મને તેમની મુબારક પીઠમાં જમીન પર ઉતાર્યો. અને હઝરત નૂહ علیہ السلامની મુબારક પીઠમાં નાવડીની અંદર રાખ્યો. અને હું હઝરત ઈબ્રાહીમ علیہ السلامની મુબારક પીઠમાં હતો જ્યારે તેમને ધગધગતી આગમાં નાખવામાં આવ્યા. એવી રીતે મને દરેક યુગમાં મુબારક પીઠોમાંથી મુબારક ગર્ભાશયની તરફ એમ એક જગ્યાએથી બીજી જગ્યાએ ફેરવ્યા કરતો રહ્યો. ત્યાં સુધી કે હું મારાં મહેરબાન માતાપિતાના ઘેર ભવ્ય રીતે ઉપસ્થિત થયો જેઓ બદ્કારી (ખરાબ ચાલચલગત, વ્યભિચાર)ની નજીક પણ ગયા ન હતા.

આ વિષયની આપના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہએ આ રીતે બયાન કરી છે :–

**(૧)** જ્યારે હઝરત આદમ علیہ السلام અને હઝરત હવ્વા رضی اللہ عنہا પોતાનાં શરીરોને પાંદડાઓથી ઢાંકી રહ્યાં હતાં તે સમયના ઘણા પહેલાં આપ ખુશી મજામાં પોતાનો સમય પસાર કરી રહ્યા હતા.

**(૨)** પછી તેમના સાથે આપ પણ જમીન પર આવી ગયા યદ્યપિ આપ ન તો તે પહેલાં મનુષ્ય હતા અને મનુષ્યના આધારના જેમ, આપ માંસના લોથડા અને જામી ગયેલ લોહી સાથે ચોંટી રહ્યા હતા.

**(૩)** માનવના સ્વરૂપમાં પ્રગટ થયા પછી આપ નુત્ફા (શુક્ર)ના સ્વરૂપમાં સુરક્ષિત જગ્યામાં સવારની જેમ સ્થિર રહ્યા. ઘોડાનો લગામ લગાવી તૈયાર રાખ્યો હતો જેનાથી આગળની મંઝિલ પર પહોંચતા અને પાછળની લુપ્ત થતી જતી હતી.

**(૪)** આપ નુત્ફા (શુક્ર)થી ગર્ભાશય તરફ ફરતા રહ્યા. જ્યારે એક યુગ (સમય) પૂરો થઈ જતો ત્યારે બીજો સમય શરૂ થઈ જતો.

**(૫)** આપના રહેણાકનું સ્થળ સુરક્ષિત હતું કે ખંદકો (કોટની દીવાલને ફરતે આવેલી ખાઈ) અને ઊંચી શિખરોથી ઘેરાયલું પરંતુ આપ તે સ્થળોમાં પણ તે કાયનાતની ઝબાન (ભાષા) બનીને રહ્યા.

**(૬)** જ્યારે આપ ઉપસ્થિત થયા ત્યારે શુભ પધરામણીના કારણે જમીન પ્રકાશમાન થઈ ગઈ અને વાતાવરણ પ્રકાશમાન થઈ ગયું.

**(૭)** આપણે આપની ફેલાવેલ રોશની અને નૂરાનિયતના સદકામાં તો રાહે હિદાયત પર ચાલીએ છીએ.

હઝરત અબૂ ઝર, હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર, હઝરત અબૂ હુરૈરહ્ અને હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી રિવાયતો છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને પાંચ એવી વસ્તુઓ અતા કરવામાં આવી છે અને કેટલીક રિવાયતોમાં છે કે છ વસ્તુઓ, એવી અતા કરવામાં આવી છે કે જે મારાથી પહેલાં કોઈને પણ અતા કરવામાં આવી ન હતી. એટલે : (૧) એક માસના પ્રવાસના જેટલા અંતરથી દુશ્મન પર દબદબો છવાઈ જવાના સાથે મારી મદદ કરવામાં આવી. (૨) તમામ જમીન નમાઝ પઢવા માટે પાક બનાવી દેવામાં આવી, જેથી મારા ઉમ્મતી જ્યાં પણ સમય મળે ત્યાં જ નમાઝ પઢી લે. (૩) મારા માટે માલે ગનીમત હલાલ કરી દેવામાં આવ્યો યદ્યપિ મારા પહેલાં કોઈ નબીના માટે માલે ગનીમત હલાલ ફર્માવવામાં આવ્યો ન હતો. (૪) હું તમામ મનુષ્યો તરફ નબી બનાવીને મોકલવામાં આવ્યો છું. (૫) મને શફાઅતના માટે પરવાનગી આપવામાં આવી છે. બીજી રિવાયતમાં તેની જગ્યા એ છે કે જે માંગશો તે મળશે. એક રિવાયતમાં છે કે

મારા પર ઉમ્મત રજૂ કરવામાં આવી ત્યારે કોઈ ફર્માંબરદાર (આજ્ઞાંકિત) અને નાફર્માન (અવજ્ઞા કરનાર) મારાથી ગુપ્ત ન રહ્યા. એક રિવાયતમાં છે કે મને દરેક ગોરા અને કાળાની તરફ મોકલવામાં આવ્યો છે. કહેવામાં આવ્યું છે કે કાળાથી અરબવાળા મુરાદ છે, કેમ કે તેમાંથી કેટલાક લોકોનો રંગ ઘઉંવર્ણો હોય છે પછી તે કાળા છે અને ગોરાથી મુરાદ અજમી છે. એક કથન એ છે કે સફેદ અને કાળી ઉમ્મતોના ખ્યાલથી છે. એ પણ કહેવામાં આવ્યું છે કે ગોરાથી મનુષ્ય અને કાળાથી જિન્નાત મુરાદ છે. અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ વાળી રિવાયતના અંતમાં એ પણ છે કે દબદબાના સાથે મારી મદદ ફર્માવવામાં આવી છે અને મને જામિઉલ્કલિમ અર્પણ કરવામાં આવેલ છે. અને હું હાલતે ખ્વાબમાં હતો કે : **(અર્થ)** : ''જ્યારે જમીનના ખજાનાની ચાવીઓ મારા પાસે લાવવામાં આવી ત્યાર પછી મારા હાથ પર મૂકી દેવામાં આવી.'' (પેજ–૧૩૩)

અને હઝરત અબૂ હુરૈરહ્‌ની એક રિવાયતમાં આ પણ છે : خُتِمَ بِیَ النَّبِیُّوْنَ **(અર્થ)** : ''મારા સાથે નબીઓનું આગમન સંપૂર્ણ કરી દેવામાં આવ્યું.''

હઝરત ઉત્બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

''હું તમારા માટે હૌઝે કૌષર પર આગળ જવાવાળો છું અને તમારા ઉપર સાક્ષી છું અને અલ્લાહની કસમ ! હું પોતાના હૌઝને અત્યારે પણ જોઈ રહ્યો છું. મને જમીનના ખજાનાઓની ચાવીઓ અર્પણ કરવામાં આવી છે. અને અલ્લાહની કસમ ! મને કદાપી પણ ભય નથી કે તમે મારા પછી શિર્ક કરવા લાગશો, એનાથી વધીને મને તો તે વસ્તુનો ભય છે કે તમે દુનિયાથી પ્રેમ કરવા લાગશો.''

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું ઉમ્મી નબી છું મને જામિઉલ કલિમ અને ખાતિમુલ્કલિમ અર્પણ કરવામાં આવેલ છે, અને હું દોઝખના રક્ષકો તથા અર્શનો બોજ ઉઠાવનારને જાણું છું આ પણ તેમનાથી રિવાયત છે કે હું કિયામતના પહેલાં છું. (એટલે મારા પછી કિયામત આવશે. એટલે કે કયામત પહેલાં અંતિમ નબી આપ જ છે, આપના પછી કોઈ નબી નથી.)

**૧.** ખત્મે નબુવ્વતના મસ્અલામાં વહાબીઓએ બ્રિટિશ સરકારના ઈશારા પર ખૂબ દગલબાજી કરી છે. અંગ્રેજ પોતે એક બનાવટી નબી ઉભો કરવા ઈચ્છતું હતું. જેના રસ્તામાં ખાત્મિય્યત કેવળ અડચણ હતી. આખરી નબીના પછી બીજા નબી ક્યાંથી આવે ? સૌથી પ્રથમ અંગ્રેજના ઈશારા પર મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી (મૃત્યુ : હિ.સ. ૧૨૪૬ ઈ.સ. ૧૮૩૧) એ શક્યતાનો દષ્ટિકોણ ઉભો કરી દીધો અને 'તક્વિયતુલ ઈમાન'માં સ્પષ્ટ લખી દીધું કે હુઝૂરના જેવા કરોડો નબી પૈદા થઈ શકે છે.

આના પછી મિયાં નઝીર હુસૈન દહેલ્વી (મૃત્યુ : હિ.સ. ૧૩૨૦ ઈ.સ. ૧૯૦૨) મૌલ્વી અમીર અહમદ સહવાની (મૃત્યુ : હિ.સ. ૧૩૦૬ ઈ.સ. ૧૮૮૯) અને મૌલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી (મૃત્યુ : હિ.સ. ૧૨૯૭ અને ઈ.સ. ૧૮૮૦)એ આ ફિત્નાને આગળ વધારતાં તેમના જેવા છ નબીનો અકીદો ઉત્પન્ન કરી દીધા કે હુઝૂરના જમાનામાં આપના એકસરખા નામવાળા અને પોતાના સમાન છ નબીઓ મૌજૂદ હતા. આ વિષયમાં શેખુપુર (જિલ્લે બદાયું)માં મૌલાના અબ્દુલકાદર બદાયૂની رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૧૩૧૯ ઈ.સ. ૧૯૦૧) અને મૌલ્વી અમીર અહમદ સહવાનીના વચ્ચે મુનાઝિરો થયો હતો જેના લેખો વહાબીઓએ 'મુનાઝિરે અહમદિયા'ના નામથી (આગળના વર્ષમાં હિ.સ. ૧૨૮૯ અને ઈ.સ. ૧૮૭૧માં) કાનપુરથી ઈચ્છાનુસર પ્રગટ કરી આ ફિત્નાને ખૂબ ચગાવ્યો હતો.

આના પછી મૌલ્વી મુહમ્મદ અહસન નાનોત્વી (મૃત્યુ : હિ.સ. ૧૩૧૨ ઈ.સ. ૧૮૯૫)ના સવાલ પર મૌલ્વી મુહમ્મદ કાસિમ નાનોત્વી (મૃત્યુ : હિ.સ. ૧૨૯૭ ઈ.સ. ૧૮૮૦)એ 'તહઝીરુન્નાસ'ના નામથી એક કિતાબ લખી અને તેમાં સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ આખરી નબી હોવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો અને સ્પષ્ટ લખી દીધું. મતલબ એ કે પરિણામનો ઉલ્ટો અર્થ વિચારવામાં લેવામાં આવે જે મેં અર્ઝ કર્યો છે ત્યારે આપનું અંતિમ હોવું આગળના અંબિયાના નિસ્બત ખાસ હશે નહીં. એનાથી વધીને જો સ્વીકારી લેવામાં આવે કે કોઈ બીજી જગ્યાએ કોઈ નબી હોય ત્યારે પણ આપનું આખરી હોવું યથાવત રહે છે. (પાન, ૨૪) બલ્કે જો ધારી લેવામાં આવે કે નબવી ﷺના જમાના પછી પણ કોઈ નબી પેદા થાય ત્યારે પણ 'ખાત્મિય્યતે મુહમ્મદ'માં કોઈ ફર્ક થશે નહીં. (પાના નં. ૪૬) અને કિતાબની શરૂઆતમાં જ

ઈબ્ને વહબ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બારી તઆલાએ મને ફર્માવ્યું કે અય હબીબ ! જે ઈચ્છો તે મારાથી માંગો ! મેં અર્ઝ કરી કે અય રબ્બ ! માગું તો શું માગું ? જ્યારે તેં ઈબ્રાહીમ علیہ السلامને ખલીલ બતાવ્યા. હઝરત મૂસા علیہ السلامને કલીમ બતાવ્યા. હઝરત નૂહ علیہ السلامને પસંદ કરી લીધા અને હઝરત સુલયમાન علیہ السلامને એવું રાજ્ય પ્રદાન કર્યું કે જે તેમના પછી કોઈને પ્રદાન કરવામાં નહીં આવે. બારી તઆલાનો ઈર્શાદ થયો, "અય હબીબ ! મેં જે તમને અર્પણ કર્યું છે તે તેમનાથી વધીને શ્રેષ્ઠ છે. મેં તમને કૌષર બખ્શિશ કરી. અને તમારા નામને પોતાના નામ સાથે મેળવી દીધું જેનો અવાજ વાતાવરણમાં સાંભળી શકાય છે, અને જમીનને તમારા માટે અને તમારી ઉમ્મતના માટે પાક બનાવી દીધી છે, અને તમારા સબબે તમારા આગળનાઓના અને પાછળનાઓના ગુનાહો માફ કરી દીધા અને તમને બખ્શિશ કરાવવાવાળા બનાવ્યા અને એનાથી પહેલાં મેં કોઈના સાથે કર્યું નથી[૨]. અને તમારી ઉમ્મતના દિલોને સહીફા બનાવ્યા અને શફાઅતનો હક્ક઼ તમારા માટે ઉઠાવી રાખ્યો હતો જ્યારે કે આ હક્ક઼ કોઈ બીજા નબીના માટે રાખ્યો ન હતો."

લખી દેવામાં આવ્યુ છે કે રસૂલુલ્લાહ ﷺના જમાનાના લેહાઝથી આખરી નબી માનવું એ સામાન્ય પ્રજાનું કાર્ય છે જેઓ બુદ્ધિશાળી (સમજવાળા) નથી. કેમ કે આ અક઼ીદાથી ખુદાને વધારે કહેનાર, રસૂલુલ્લાહ ﷺની તરફ ઈજ્જતના નુકસાનની શંકા અને કુર્આને કરીમને અસંબદ્ધતાવાળુ માનવું અનિવાર્ય બની જાય છે. તેમની આ પુસ્તિકા તહઝીરુન્નાસ પહેલી વખત હિ.સ. ૧૨૯૦ ઈ.સ. ૧૮૭૩માં પ્રકાશિત થઈ. ઘણી મહેનતથી તેમણે અંગ્રેજોની તકલીફો સરળ કરી દીધી અને દજાલ્લોના માટે નબુવ્વતનો દરવાજો ખોલી આપ્યો. પરંતુ પોતે આ દુશ્મનીથી ખૂબ સારી રીતે લાભ મેળવી શક્યા નહીં. અને હજી તેઓ એ રાહ જોઈ રહ્યા હતા કે વિરોધનો જુસ્સો ઠંડો થઈ જાય તો નબુવ્વતનો દાવો કરી દેવામાં આવે ! પરંતુ ક઼ઝા (મૌત)ના તીરે તેને અવકાશ (અવસર) આપ્યો નહીં, અને આ નિરાશાને દિલમાં લઈને હિ.સ. ૧૨૯૭ ઈ.સ. ૧૮૮૦માં મૃત્યુ પામ્યા.

જ્યારે નબુવ્વતનો દરવાજો ખોલવાના પ્રયત્નો કરવાવાળા બાલાકોટ, દિલ્હી, સહસવાન અને નાનોતામાં માટીમાં મળી ગયા ત્યારે મિર્ઝા ગુલામ ક઼ાદયાનીએ તેમના મિશનની પૂર્તિ કરતાં હિ.સ. ૧૨૧૯ ઈ.સ. ૧૯૦૧માં ખુલ્લમ ખુલ્લા નબુવ્વતનો દાવો કરી દીધો. અમારી કિતાબ "ખુલા ખત" આ ચર્ચા સંબંધે સંશોધનની જીવતી જાગતી સર્વોત્તમ કૃતિ અને હક઼ીક઼તનું અજોડ પ્રગટીકરણ છે.

**૨.** સર્વ અંબિયા પોતાની ઉમ્મતોના પછી આવવાવાળા નબી અને ખાસ કરીને નબી આખિરુઝ્ઝમાં ﷺની ખુશખબરી આપતા હતા. જો કે આપ અંતિમ નબી છે જેથી આપે આપના પછી કોઈ નબીની ખુશખબરી આપી નથી. અને એવું સ્પષ્ટ ફર્માવી દીધું કે મારા પછી કોઈ નબી પૈદા થવાની રાહ ન જોશો અને કેવળ ક઼િયામતના માટે પ્રતિક્ષા કરતા રહેશો.

પેજ નં. ૦૨ નું ચાલુ.... ગિરફતાર કર્યા હતા. ત્રણેવ સંઘ પરિવારના કાર્યકરો છે. રવિ પાંડિયનના દફતરમાં શર્માએ ૧૪ પાઈપ બોમ્બ એકઠા કર્યા હતા એમ પણ તમિલનાડુ પોલીસે જાહેર કર્યું હતું.

તિરૂનેવેલી પોલીસના જણાવ્યા પ્રમાણે તેનકાશીમાંથી કબ્જે લેવાયેલા બોમ્બ હૈદરાબાદની મક્કા મસ્જિદમાં અને દેશના અન્ય ભાગોમાંથી મળી આવેલા બોમ્બ જેવા છે.

આ બધી વિગતો સ્થાનિક પોલીસ પાસેથી મળેલી છે તેમ કહીને આ કર્મશીલોએ સી.બી.આઈ.ને અને કેન્દ્ર સરકારને જાગવાની અપીલ કરી છે. છાશવારે મુસ્લિમોની સાચી અથવા ખોટી ગિરફતારી કરનારાઓ હિંદુ ફિદાયિનો (આત્મઘાતક) ટુકડીઓ તૈયાર કરવાની હિમાયત કરનારા શિવસેનાના સેનાધિપતિ બાલા સાહેબ ઠાકરે સામે પગલાં કેમ લેતા નથી, એવો પણ સવાલ કર્યો હતો......" *(ગુજરાત ટુ ડે, તા. ૧૭–૮–૨૦૦૮ માંથી ટૂંકાવીને સાભાર)*

સારાંશ કે દેશમાં શાંતિ તથા એકતા જળવાય રહે અને હિંદુસ્તાનની પ્રગતિની કૂચ આગળ વધતી રહે એ માટે જરૂરી છે કે નિષ્પક્ષપણે ત્રાસવાદના બનાવોની તપાસ થાય અને અસલ ચહેરા કોઈ પણ હોય બહાર પડે અને તેમને સખતમાં સખત સજાઓ થવી જોઈએ. અને એવાં દરેક સંગઠનો પર પ્રતિબંધ લદાવો જોઈએ.

# રહમતે દારૈન ﷺના શયદાઈ

**રજૂકર્તા:** ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ ઝુહરી رضی اللہ عنہ

શાબાન સ. હિ. ૬માં રહમતે આલમ ﷺને બનૂ કલ્બની તરફ એક દળ મોકલવાની જરૂરત પડી. આ કબીલા દોમતુલ જુન્દલના નજીક આબાદ હતા અને ઘણા શક્તિવાન હતા. હુઝૂર ﷺ ચાહતા હતા કે આ દળની સરદારી કોઈ એવી વ્યક્તિને સોંપવામાં આવે જે તબ્લીગનો ફર્ઝ પણ સારી રીતે અંજામ આપી શકે, અને જો લડવાની જરૂરત આવે તો એમાં પણ સરદારીનો હોદ્દો નિભાવી શકે. આ મક્સદના માટે હુઝૂર ﷺની પસંદગીની નજર પોતાના એક એવા જાંનિષાર પર પડી જે પૈદાઈશની શરૂઆતથી લઈને હજુ સુધી દરેક મૌકા પર હક્કની રાહમાં પોતાની બહાદુરીનો અમલી સબૂત રજૂ કરી ચૂક્યો હતો. આપ ﷺએ એક માણસ મોકલીને એમને બોલાવ્યા. થોડી જ વારમાં લાલ તથા સફેદ રંગ અને કદાવર બાંધાના એક પ્રભાવશાળી વ્યક્તિ બારગાહે રિસાલત ﷺમાં હાજર થઈ ગયા. એમની લાંબી દાઢી અને માથા પર કાનોના નીચે સુધી ગુંછળાદાર વાળ એમની ખૂબસૂરતીને વધારી રહ્યા હતા. એમણે આવતાં જ અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! ﷺ મારા માં બાપ આપ પર કુર્બાન ! આ ગુલામને શાથી યાદ ફર્માવ્યો, મારું કિસ્મત કે કોઈ ખિદમત મને સોંપવામાં આવે !"

સરવરે આલમ ﷺએ એમને ઘણા પ્યારથી પોતાની સામે બેસાડયા, આ ચળવળ વિશે વિસ્તારપૂર્વક સમજાવી અને પછી ઘણી જ મહોબ્બત અને નરમીની સાથે (એમનો અમામા ખોલીને) પોતાના હાથ મુબારકથી એમના માથા પર કાળો અમામો બાંધ્યો જેનો શિમ્લો ચાર આંગળ એમની પીઠ પર છોડયો. એના પછી એમને સાતસો મુજાહિદોના સરદાર નક્કી કર્યા અને હમ્દો ષના પછી એમને સંબોધીને ફર્માવ્યું :–

"અલ્લાહની રાહમાં જેહાદના માટે જાવ ! અલ્લાહની નાફર્માની કરવાવાળાથી લડો, પરંતુ ખયાનત ન કરશો, મુષ્લહ્ ન કરશો (દુશ્મનની લાશોના હોઠ, કાન, નાક વગેરે ન કાપશો) અને ન બાળકોને કતલ કરશો. આ તમારામાં ખુદાનો વાયદો અને અને નબીની સીરત છે."

આપે ઈર્શાદે નબવી ﷺની સામે માથુ ઝુકાવી દીધું. એના પર અમલ કરવાનો વાયદો કર્યો અને પોતાના સાથીઓને લઈને દોમતુલ જુંદલની તરફ રવાના થઈ ગયા.

આપ رضی اللہ عنہની દસ્તારબંદી ખૂદ સૈયદુલ મુરસલીન, રહમતે દો આલમ, ફખ્રે મૌજૂદાત ﷺએ પોતાના હાથ મુબારકથી ફર્માવી અને જેને એક ખાસ જંગની સરદારીના માટે પસંદ ફર્માવ્યા.

સૈયદના અબૂ મુહમ્મદ અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ આસ્માને ફઝાઈલના ચમકતા ચાંદ છે આપ તે દસ જલીલુલકદર સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ માંથી એક છે. જેમને સાકીએ કૌષર ﷺએ ખાસ નામ લઈને જન્નતી હોવાની ખુશખબર આપી અને જેઓ "અશ્રાએ મુબશ્શિરા"ના અતિશય શાનવાળા લકબથી પ્રખ્યાત થયા. હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ કુરૈશના ખાનદાન "બનૂ ઝુહરા"થી હતા. પેઢીનામુ આ પ્રમાણે છે :–

અબ્દુર્રહમાન બિન ઔફ અબ્દે ઔફ (કે અબ્દે જૌફ) બિન અબ્દ બિન હારિષ બિન ઝુહરા બિન કલાબ બિન મુર્રહ.

એમનો વંશવેલો છટ્ઠી પેઢીએ કલાબ બિન મુર્રહ પર સરવરે આલમ ﷺના સિલસિલએ નસબથી મળી જાય છે. હુઝૂર ﷺનાં વાલિદા માજિદા હઝરત આમેના પણ બનૂ ઝુહરાથી હતાં અને એમનો વંશવેલો ઝુહરા બિન કલાબ પર હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہના વંશથી મળી જાય છે. ઝુહરા હુઝૂર ﷺના જદ્દે આ'લા (દાદાઓમાં) કસ્સી બિન કલાબના ભાઈ હતા.

હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہનાં વાલિદાનું નામ શફાઅ બિન્તે ઔફ (બિન અબ્દ બિન હારષ બિન ઝુહરા) હતું. અમુક રિવાયતોમાં એમનું નામ સફિય્યા, શફા અને ઝબીઆ પણ આવ્યું છે. પરંતુ જમહૂર એહલે સિયરે શફાને જ અગ્રતા આપી છે. હઝરત શફા رضی اللہ عنہا પોતાના પતિ ઔફ બિન અબ્દે ઔફની બિન્તે અમ (કાકાની પુત્રી) હતાં. એમને સહાબિયતનો મૌકો પણ પ્રાપ્ત હતો.

બયહકી رحمۃ اللہ علیہ અને હાફિઝ ઈબ્ને અબ્દઅલબર رحمۃ اللہ علیہએ લખ્યું છે કે રહમતે આલમ صلی اللہ علیہ وسلمની વિલાદત બાસઆદતના સમયે દાયણની ખિદમત હઝરત શફા બિન્તે ઔફે અંજામ આપી તેઓ હઝરત આમેનાની નજીકના સંબંધી હતાં.

હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہના જન્મના વર્ષના વિશે જુદી જુદી રિવાયતો છે. ઈબ્ને સઅદ رضی اللہ عنہનું બયાન છે કે તેઓ આમ્મુલ ફીલના દસ વર્ષ પછી પેદા થયા એ કારણથી તેઓ હુઝૂર صلی اللہ علیہ وسلمથી ઉમરમાં દસ વરસ નાના હતા. હાફિઝ ઈબ્ને હજર رحمۃ اللہ علیہએ ''અલ્ અસાબા''માં એમની ઉમરના સંબંધે જે રિવાયત બયાન કરી છે એની રૂએ એમની વિલાદતનું વર્ષ આમુલ ફીલથી બાર વર્ષ પછી નક્કી થાય છે.

સહીહ બુખારીના પ્રમાણે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ નું જાહિલી નામ અબ્દે અમ્ર હતું, પરંતુ ઈબ્ને સઅદ رضی اللہ عنہ હાફિઝ ઈબ્ને અબ્દેબરી رحمۃ اللہ علیہ બિલાઝૂરી رحمۃ اللہ علیہ અને હાફિઝ ઝહબી رحمۃ اللہ علیہએ એમનુ જાહિલી નામ અબ્દુલ કા'બા લખ્યું છે. હાફિઝ ઈબ્ને હજર رحمۃ اللہ علیہ એ ''અલ્ અસાબા''માં અને ઈમામ હાકિમ رحمۃ اللہ علیہએ મુસ્તદરકમાં બયાન કર્યુ છે કે જ્યારે તેઓ ઈમાન લાવ્યા તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ એમનું જાહિલી નામ બદલીને અબ્દુર્રહમાન (ઈસ્લામી) નામ રાખ્યું.

હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ જે માહોલમાં આંખો ખોલી તે કુફ્ર તથા શિર્ક અને ફિસ્ક્ તથા ફુજૂરનો ગુનાહોનો અડ્ડો હતો. પરંતુ હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہને અલ્લાહ તઆલાએ સાલેહ ફિતરત અતા કરી હતી. હાફિઝ ઈબ્ને હજર رحمۃ اللہ علیہએ ''અસાબા''માં લખ્યું છે કે એમણે જાહિલિયતના જમાનામાં પોતાની ઉપર શરાબ હરામ કરી લીધી હતી.

હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہના વાલિદ ઔફનો વેપારનો ધંધો હતો. એમની ઈચ્છા હતી કે અબ્દુર્રહમાન رضی اللہ عنہ પણ એક સફળ વેપારી બને. જેથી એમણે પોતાના નવજુવાન ફરઝંદને વેપારની રીતો અને રહસ્યો ખૂબ સારી રીતે શીખવાડયાં અને અમુક વેપારી સફરોમાં પોતાની સાથે લઈ જઈને અમલી તા'લીમ પણ આપી. નબુવ્વતના આગમનથી પહેલાંની વાત છે કે એકવાર તેઓ ફાકા બિન મુગીરા (હઝરત ખાલિદ બિન વલીદના કાકા), અફફાન (હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہના વાલિદ), હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہઅને હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہને સાથે લઈને વેપારના માટે યમન ગયા. રસ્તામાં બનૂ જઝમાએ ઔફ અને ફાકાને કત્લ કરી દીધા. અફફાન, હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ અને હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ બચી ગયા.

ઈબ્ને હિશામનું બયાન છે કે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہએ ઘણી બહાદુરીથી દુશ્મનોનો મુકાબલો કર્યો અને પોતાના બાપના કાતિલને ત્યાં ખતમ કરી દીધો. એ રિવાયતથી જણાય છે કે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ ફિતરી રીતે ઘણા જ બહાદુર અને જાંબાઝ હતા.

હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ સત્તાવીસ કે ત્રીસ વરસના હતા કે આફતાબે ઈસ્લામ ફારાનની ચોટીએથી ઉગ્યો અને હાદીએ બરહક્ક રિસાલતના હોદ્દા પર આવ્યા. હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہની સ્વભાવિક સલામત ચાલ અને નફ્સની પાકીઝગીએ એમને તરત ઈસ્લામની તરફ આકર્ષ્યા અને તેઓ હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہની તબ્લીગથી ઈસ્લામથી પાવન થઈ ગયા.

એક રિવાયતમાં છે કે ઈસ્લામ લાવનારાઓમાં એમનો તેરમો નંબર હતો. એ સમય સુધી સરવરે કૌનેન صلی اللہ علیہ وسلم દારે અરકમમાં પનાહગીર હતા.

દરેક મુસ્લિમે જાણવી જરૂરી હીદાયત

એટલે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## નમાઝના મકરૂહ વખતો

સૂર્યોદય, સૂર્યાસ્ત અને મધ્યાહન (ઝવાલ) આ ત્રણ વખતોમાં પણ નમાઝ જાઈઝ નથી. ફર્ઝ, વાજિબ, નફ્લ અદા કે કઝા, તિલાવતનો સિજદો કે ભૂલનો સિજદો થઈ શકશે નહીં. હા ! જો એ દિવસની અસરની નમાઝ પઢી ન હોય તો સૂરજ ડૂબતો હોય તો પણ પઢી લેવી પરંતુ એટલી ઢીલ કરવી હરામ છે.

__મસ્અલો__ : સૂર્યોદયનો મતલબ એ છે કે સૂરજનો કિનારો નીકળે ત્યાંથી પૂરો નીકળ્યા પછી ત્યાં સુધી કે તેના તરફ જોવામાં આંખો અંજાવા લાગે અને એનો કુલ ૨૦ મિનિટ સમય છે.

__મસ્અલો__ : નિસ્ફુન્નહાર (ઝવાલ)નો મતલબ નિસ્ફુન્નહારે શરઈથી લઈને નિસ્ફુન્નહારે હકીકી એટલે સૂરજ નમવા સુધી છે. જેને ઝુહવે કુબ્રા કહે છે. (અર્થ : નિસ્ફુન્નહાર : અડધો દિવસ, મધ્યાહન, બપોર) (શરઈ શરીઅત મુજબ, હકીકી, ખરેખર)

__મસ્અલો__ : નિસ્ફુન્નહાર શરઈ જાણવાની રીત એ છે કે જે વખતે સુબ્હ સાદિક શરૂ થઈ તે વખતથી લઈ સૂર્યાસ્ત સુધી જેટલા કલાક થાય તેના બે સરખા ભાગ કરો પહેલો ભાગ પૂરો એટલે નિસ્ફુન્નહાર શરઈ શરૂ થઈ જશે અને સૂર્ય નમતાં જ ખત્મ થઈ જશે. દા.ત. આજે ૨૦મી માર્ચે સાંજે ૬ વાગ્યે સૂર્યાસ્ત અને સૂર્યોદય પણ લગભગ ૬ વાગ્યે જ થયો. તો બપોરના ૧૨ બરાબર મધ્યાન્હ થયો. અને સવારમાં સાડા ચાર વાગે સુબ્હ સાદિક થઈ તો સવારના સાડાચારથી સૂર્યાસ્ત સુધીના સાડાતેર કલાક તેનું અડધું કરતાં પોણા સાત કલાક થયા, હવે સુબ્હ સાદિકના સવારના સાડા ચારથી લઈ પોણા સાત કલાક વિતવા દઈએ એટલે સવારે અગ્યાર વાગે નિસ્ફુન્નહારે શરઈ થયો ગણાશે. એટલે ઝુહવએ કુબ્રા શરૂ થયો અને બરાબર ૧૨ વાગતાં જ સૂર્ય પશ્ચિમ તરફ નમશે અને ઝુહવએ કુબ્રા (ઝવાલ) પૂરો થશે.

**નોંધ** : આ શહેરો (બરેલી, જોનપુર વગેરે)ના આધારે આ એક સામાન્ય દાખલો છે. જુદી જુદી ઋતુઓમાં જુદા જુદા શહેરોમાં ઓછાવત્તા પ્રમાણમાં ઝવાલના સમયમાં ફેરફાર પણ થાય. માટે દરેક જગ્યા અને ઋતુઓમાં ઉપર જણાવેલા નિયમ પ્રમાણે ઝવાલનો સમય કાઢવો.

__મસ્અલો__ : નાજાઈઝ સમયમાંથી કોઈક સમયે જનાઝો લાવવામાં આવ્યો તો તે જ વખતે જનાઝાની નમાઝ પઢી લેવામાં આવે કોઈ કરાહત (બુરાઈ) નથી. કરાહત ત્યારે છે કે પહેલેથી તૈયાર છે પરંતુ ઢીલ કરી મોડું કર્યું ત્યાં સુધી કે કરાહતનો વખત આવી ગયો. *(આલમગીરી, રદ્દુલમુહતાર)*

__મસ્અલો__ : આ ત્રણે ટાઈમોમાં કુર્આન શરીફની તિલાવત કરવી બેહતર નથી. પરંતુ ઝિક્ર વઝાઈફ, દુરૂદ શરીફ દુઆમાં પરોવાયલું રહેવું બેહતર છે. *(આલમગીરી)* (કુર્આન પઢે તોય વાંધો નથી.)

__મસ્અલો__ : બાર ટાઈમોમાં નફ્લ નમાઝ પઢવી મના છે :–

**(૧)** સુબ્હસાદિકથી લઈ સૂરજ ઉગતા સુધી કોઈ પણ નફ્લ નમાઝ જાઈઝ નથી સિવાય ફજરની બે સુન્નતો.

**(૨)** પોતાના મઝહબની નમાઝ માટે તકબીર થઈ તો તકબીરથી લઈ જમાઅત પૂરી થાય ત્યાં સુધી નફ્લ અને સુન્નત મકરૂહે તહરીમી છે. પરંતુ ફજરની જમાઅત ઊભી થઈ અને એને ખબર છે કે સુન્નતો પઢવા છતાં જમાઅત મળી શકશે, ભલે કાઈદો મળે, તો હુકમ છે કે જમાઅતથી અલગ દૂર એક તરફ સુન્નતો પઢીને જમાઅતથી મળવું, અને જો ખબર છે કે સુન્નતો પઢીશ તો જમાઅત બિલ્કુલ નહીં મળે અને સુન્નતો પઢવા વિચારી જમાઅત છોડી તો આ નાજાઈઝ અને ગુનોહ છે.

**(૩)** અસરની નમાઝથી લઈને સૂર્ય પીળો પડે ત્યાં સુધી નફ્લ પઢવા મના છે.

**(૪)** સૂરજ આથમ્યાથી લઈ મગરિબના ફર્ઝ પઢતા સુધી નફ્લ જાઈઝ નથી. (આલમગીરી)

**(૫)** જ્યારે ઈમામ જુમ્આના ખુત્બા માટે મિમ્બર પર ચઢવા ઊભો થાય ત્યાંથી જુમ્આના ફર્ઝ થઈ જાય ત્યાં સુધી

નફ્લ પઢવા મના છે.

**(૬)** અરબી ખુત્બો થતો હોય તે વેળા, પછી પહેલો ખુત્બો હોય કે બીજો, ઈદનો હોય કે ગ્રહણનો, વરસાદનો હોય કે નિકાહનો દરેક નમાઝ ત્યાં સુધી કે કઝા પણ જાઈઝ નથી. પરંતુ સાહિબે તરતીબ માટે જુમ્આના ખુત્બા વેળા કઝાની ઈજાઝત (છૂટ) છે. *(દુર્રે મુખ્તાર)*

**<u>મસ્અલો</u>** : જુમ્આની સુન્નતો શરૂ કરી અને ઈમામ ખુત્બા માટે પોતાની જગ્યાએથી ઉઠયા તો ચારે રકાતો પૂરી કરી લેવી. *(આલમગીરી)*

**(૭)** ઈદોની નમાઝથી પહેલાં ઘરમાં કે મસ્જિદમાં ઈદગાહમાં નફ્લ પઢવા મકરૂહ છે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**(૮)** ઈદોની નમાઝની પછી મસ્જિદ કે ઈદગાહમાં નફ્લ પઢવા મકરૂહ છે પરંતુ ઘરમાં પઢવા મકરૂહ નથી. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**(૯)** હજ્જ વેળા અરફાતના મેદાનમાં ઝહોર અને અસરની નમાઝ એક સાથે પઢવામાં આવે છે. એ બંનેની વચમાં અને પછી પણ નફ્લ અને સુન્નત પઢવા મકરૂહ છે.

**(૧૦)** મુઝદલ્ફામાં જે મગરિબ અને ઈશાની નમાઝ ભેગી પઢવામાં આવે છે તેની વચમાં નફ્લ અને સુન્નત મકરૂહ છે. પરંતુ પાછળથી પઢવા મકરૂહ નથી. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**(૧૧)** ફર્ઝ પઢવાનો વખત ઘણો ઓછો હોય તો તે વેળા ત્યાં સુધી કે ફજર અને ઝહોરની સુન્નતો પણ મકરૂહ છે.

**(૧૨)** જે બાબતથી નમાઝમાં દિલ ન લાગે અને જો તેને દૂર કરી શક્તા હોય તો દૂર કર્યા વિના દરેક નમાઝ મકરૂહ છે. જેમ કે પેશાબ, જાજરૂ, યા હવા નીકળવાનું જોર હોય તો એવી હાલતમાં નમાઝ મકરૂહ છે. પરંતુ જો વખત જતો રહેતો હોય તો પઢી લે અને એવી નમાઝને હાજતથી પરવારી ફરીથી પઢે. એવી જ રીતે ખાવા સામે આવી ગયું હોય અને ભૂખ ખૂબ જોરથી લાગી હોય અથવા એવી કોઈ બાબત હોય કે જેનાથી દિલને શાંતિ ન થાય અને નમાઝમાં ધ્યાન ન લાગે તો એવી હાલતમાં નમાઝ પઢવી મકરૂહ છે. *(દુર્રે મુખ્તાર)*

**<u>મસ્અલો</u>** : ફજર અને ઝહોરની નમાઝોના સમયો કોઈપણ કરાહત વિનાના છે. એટલે કે આ નમાઝો એમના ટાઈમમાં ગમે ત્યાં પઢવામાં આવે બિલકુલ મકરૂહ નથી. *(બહરુર્રાઈક, બહારે શરીઅત)*

પેજ નં. ૦૮ નું ચાલુ....

**૨૭૮.** જે તમારી જરૂરતોથી અધિક હોય અને જેને ખર્ચવું તમારી તબીઅતોને ભારી ન પડે. (કુર્તબી) એક શખ્સ સોનાનું ઈંડુ લઈને હુઝૂરે અકરમ ﷺની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી કે, મારા તરફથી આ સદક઼ો ક઼બૂલ ફર્માવો. હુઝૂર ﷺએ મોઢું ફેરવી લીધું. તે વારંવાર આગ્રહ કરતો રહ્યો અને હુઝૂર ચહેરો મુબારક ફેરવતા રહ્યા. જ્યારે તે ન માન્યો તો હુઝૂર ﷺએ તેની પાસેથી લઈને ગુસ્સાભેર દૂર ફેંકી આપ્યું, અને જો તે એને વાગી જાત તો તેનું માથુ ફૂટી જાત. પછી તે હકીમ તથા પ્રેમાળ ઉસ્તાદ તથા મુરબ્બી ﷺએ ફર્માવ્યું, "તમારામાંથી કોઈ આવે છે અને પોતાનો સઘળો માલ ખૈરાત કરી આપે છે અને પછી લોકો પાસે ભીખ માંગવા માંડે છે ! સદક઼ો તો ત્યારે છે જ્યારે હાજત ન હોય." તેમજ આ શબ્દોમાં તે લોકો માટે પણ બોધપાઠ છે જેમની પાસે બેહિસાબ દૌલત છે અને તેમની આસપાસ અને પડોશમાં કેટલાયે ગરીબ, મિસ્કીન અને મોહતાજ જિંદગીની મહત્વની જરૂરતોના માટે પણ તરસતા રહેતા હોય છે. તેઓ પણ એવું ન સમજે કે ઝકાત અદા કરીને હવે અમે દરેક પ્રકારની જિમ્મેદારીથી મુક્ત થઈ ગયા છીએ ! બલ્કે તેમની જરૂરતથી અધિક જે સંપત્તિ છે તેના વડે તેઓ પોતાના મુસ્લિમ બંધુઓની જરૂરથી મદદ કરે. અમુકનું માનવું છે કે ઝકાતથી પહેલાં એ હુકમ હતો કે જરૂરતથી અધિક માલ સદક઼ો કરી દીધા કરો, પરંતુ ઝકાત ફર્ઝ થયા બાદ આ આયત મન્સૂખ (રદ) થઈ ગઈ, તફસીરે મઝહરીના લેખક લખે છે કે આ મંતવ્ય દુરુસ્ત નથી કેમ કે ઝકાતની આયત જે સૂરએ બક઼રહની શરૂઆતમાં છે આ આયતથી પહેલાં નાઝિલ થઈ એટલા માટે એ આ આયતની નાસિખ (રદ કરનાર) નથી થઈ શક્તી. (મઝહરી) તે ઉપરાંત અહીં નસ્ખ (રદ)ની જરૂરત પણ નથી. કેમ કે ઝક઼ાત ફર્ઝ થયેલ સદક઼ો છે અને આયત નફ્લી સદક઼ાઓના બારામાં છે.

**હે પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ !** રમઝાન મુબારકના આગમન પર અમારા તરફથી મુબારકબાદ કુબૂલ કરશો કે રબ તઆલાનો આ અમારા તમારા પર તેના મહબૂબ ﷺના સદકામાં બેહદ કરમ છે કે ફરી એકવાર આપણા જીવનમાં રહમતો તથા મગફેરતો તથા બખ્શિશના ફૂલોની વસંત ખીલી ઉઠી છે ! જેની રૂહાની ખુશ્બૂથી દિલો દિમાગ તર થઈ ગયાં અને ઈમાનમાં તાજગી વ્યાપી ગઈ અને મુસ્લિમ સમાજમાં ઈબાદતના શોખની એક અજબની લહેર દોડી ગઈ. વિચારો કે જ્યારે કોઈ દુનિયાવી કંપની તરફથી **"દોડો ! દોડો !"** તથા એવા ઉદ્ગારવાચક શબ્દો સાથે આકર્ષવા માટે જાહેરાત થાય છે, **"સેલ ! સેલ ! 50% less"** અથવા **"મફત ! મફત !"** વગેરે જાહેરાતો થાય છે તો લોકો આકર્ષાય જાય છે અને ખરીદી કરવા દોડે છે, જો કે આવી જાહેરાતો સરવાળે ભ્રામક જ પુરવાર થતી હોય છે છતાં લોકો દોડે છે ! દુનિયાવી લાભની વાત તે પણ છેતરામણી જાહેરાતો કરી નાણા રળી લેવા માંગતા માનવીઓ થકી થાય છે છતાં લોકો લલચાય ઉઠે છે. તો હે પ્યારા દીની ભાઈઓ ! તથા બહેનો ! **સાચો મુસલમાન તો તે જ છે જે કયામત પર તથા આખેરતના હમેશાંના જીવન પર ઈમાન ધરાવે છે, તે સમજે છે કે દુનિયા તો કઈ પળે ત્યજવી પડશે તે નિશ્ચિત નથી જ્યારે આખેરતમાં તો હમેશાંનું જીવન હશે, જેથી તેને સુખદાયક બનાવવાની ફિકરમાં રહે છે.** તો હે દોસ્તો ! આપ સાચે જ આખેરતની ચિંતા કરતા હોઉ તો તમારા હાથમાં આ *'બરકાતે ખ્વાજા' (માસિક)* હશે ત્યારે તમો તે મુબારક ઘડીઓથી ફયૂઝયાબ થતા હશો જેમાં રબની રહમતોનો ધોધ તમારા પર વરસી રહ્યો હશે, તો સાવધાન થઈ જાવ! અને એ રહમતોને સમેટવા અને જમા કરવામાં લાગી જાવ ! આવો ! આવો !

# રમઝાનમાં
## મહેરબાન રબની બંદાઓને
# અમૂલ્ય સ્પેશ્યલ ઓફરો !

રજૂકર્તા પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

## રમઝાનની પ્રથમ રાત સાથે જ રહમતોની અપાર વર્ષા !

આપણા પ્યારા નબી કરીમ રઉફો રહીમ ﷺ રમઝાન શરીફની રહમતોની વર્ષા બાબતે શું ફર્માવે છે તે સાંભળો ! ખૂબ ધ્યાન આપશો ! અને દોડો ! રહમતો બરકતો લૂંટો ! આ કોઈ ધોકાબાઝ દુનિયાદારની જાહેરાત નથી બલ્કે જેનું જૂઠ બોલવું મુહાલ (અશક્ય) છે તે રબ તરફથી અમૂલ્ય ઓફરો છે. જો કે આમાં બંદાઓનો જ નફો છે, રબ તો લાભાલાભથી બેનિયાઝ છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી ફકીહ અબુલ લૈષ સમરકંદી رحمۃ اللہ علیہ બયાન કરે છે. હુઝૂર નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે, "એક વરસથી બીજા વરસ સુધી રમઝાન મુબારકમાં પ્રવેશવા માટે જન્નતને સજાવવામાં આવે છે અને ધૂણી આપવામાં આવે છે. પછી જ્યારે માહે રમઝાનની પ્રથમ રાત આવે છે તો એક હવા જેને "શૈરા" કહેવામાં આવે છે તે અર્શની નીચેથી ચાલે છે જેના લીધે જન્નતનાં ઝાડોનાં પાંદડાં ફરફરવા માંડે છે જેનાથી વિવિધ પ્રકારના અવાજો નીકળે છે જે ઘણા જ સૂરીલા હોય છે અને સાંભળનારાઓએ આવા સૂરીલા અવાજો કદી સાંભળ્યા નહીં હોય. ત્યારે હસીનો જમીલ તથા ખૂબસૂરત આંખોવાળી હૂરો જન્નતના ઉપલા માળાઓ પર ઉભી રહીને પુકારે છે કે એવો કોઈ છે કે જે અલ્લાહ તઆલાથી અમારા માટે સવાલ કરે જેથી અલ્લાહ તઆલા ﷻ તેને અમારી સાથે જોડી આપે. પછી જન્નતના દરવાનથી સવાલ કરે છે કે આ કઈ રાત છે ? તો જન્નતનો દરવાન તે હૂરોને લબ્બૈક કહીને જવાબ આપે છે અને કહે છે કે હે હસીનો જમીલ ઔરતો ! આ રમઝાનુલ મુબારકની પ્રથમ રાત છે જેમાં અલ્લાહ તઆલા ﷻ જન્નતના દરવાનને ફર્માવે

છે કે ઉમ્મતે મુહમ્મદિયા ﷺના ઉમ્મતીઓના રોઝાદારોના માટે જન્નતના દરવાજા ખોલી નાખો ! અને જહન્નમના દરવાનને કહે છે કે ઉમ્મતે મુહમ્મદિયા ﷺના રોઝાદારો માટે જહન્નમના દરવાજા બંધ કરી દો ! અને હઝરત જિબ્રઈલ علیہ السلامને હુકમ આપે છે કે જમીન પર ઉતરો અને બદ્માશ તથા નાફર્માન શૈતાનોને કૈદ કરી લો અને તેમનાં ગળાંઓમાં તૌક઼ નાખીને તેમને સમુદ્રોના ઊંડાણોમાં ફેંકી આપો જેથી તેઓ મારા મહબૂબ ﷺની ઉમ્મતના રોઝાદારોને ન બેહકાવી શકે." *(તંબીહુલ ગાફિલીન, ભાગ–૨)*

હે પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! વિચારો ! રોઝાદારોથી રબ્બે કરીમ કેટલો ખુશ થાય છે કે વરસભર જન્નતને સજાવવામાં આવે છે, ધૂણી આપવામાં આવે છે. માણસને પોતાને ત્યાં કોઈ ખુશીનો દિવસ આવે છે તો મહેમાનો માટે તે પોતાના ઘરને સજાવે ધજાવે છે, લાઈટિંગ ડેકોરેશન વગેરે કરીને ખૂબ જ આકર્ષક બનાવી આપે છે, તો રબ્બે કરીમ તેના કરમથી જન્નતને વરસભર સજાવે તો તે કેવી આકર્ષક બનતી હશે ! આમેય જન્નતની નેઅમતો એવી અજોડ છે કે તેની ઉચ્ચતાની કલ્પના પણ આપણે નથી કરી શક્તા, તો જ્યારે તે જન્નતને રબ વરસભર સજાવે તો તેની રોનકનો આલમ તો કોણ જણાવી શકે ?! તો હે મારા દીની ભાઈઓ ! તથા બહેનો ! આ તુચ્છ દુનિયાને પામવા આપણે તનતોડ કોશિશો કરીએ છીએ, એક ઘર બનાવવા વરસો સુધીની મહેનત પછી તે સર્વ પુંજી તેની પાછળ ખર્ચીએ છીએ, વળી તેને કમાવા કેટલા જાઈઝ તથા નાજાઈઝ, હરામ હલાલનો પણ ખયાલ નથી કરતા ! બધું કર્યા પછી એકાદ બે બંગલા બનાવી તેની સજાવટ કરી માણસ ફૂલ્યો નથી સમાતો. પણ આ તો રોઝાદારોનું ઈનામ છે કે રબ તઆલા વરસભર જન્નતની સજાવટ કરી રોઝાદારોને અર્પણ કરે છે, તેમને પ્રવેશ આપે છે. તો હે પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ નાશવંત દુનિયા કમાવાની ધાડમાં રહીને રોઝાઓનો ત્યાગ કરીને આવી અકલ્પ્ય મહાન નેઅમતને ગુમાવશો નહીં. અફસોસ ! આજે એવા અગણિત મુસલમાનો જોવા મળે છે જેઓ દુનિયાની મામૂલી કમાણીના બદલામાં રોઝા છોડી આટલી મહાન નેઅમતને ગુમાવી રહ્યા છે.

વળી કેટલાક યુવાનો તથા ભટકેલા પુરૂષો આવા મુબારક દિવસોમાં પણ રંગરેલીઓમાં વ્યસ્ત રહે છે અને ટીવી પર સ્ત્રીઓના ડાન્સ તથા રમતો જોવામાં તથા પર સ્ત્રીઓ સાથે નાજાઈઝ સંબંધો રાખી રોઝા ત્યજીને હરવા ફરવામાં દિવસો પસાર કરે છે અને રાતોમાં કલબો પાર્કોમાં ભટકીને બંને દુનિયાને ખતરામાં નાખે છે. તેઓ ગંભીરતાથી વિચારે કે અલ્લાહે તેમને ઈમાન જેવી મહાન નેઅમત આપી તેની ક઼દર કરે અને રમઝાનનો મુબારક મહીનો આપ્યો તેની કિંમત સમજે અને તેમાં રોઝા રાખી ઈબાદતો કરે, તૌબા કરે, મગફેરત ચાહે. જરા વિચારો કે આ દુનિયાની ખૂબસૂરત સ્ત્રીઓ સાથે નાજાઈઝ સંબંધ રાખી બંને જહાનમાં બર્બાદી સિવાય કાંઈ જ નહીં મળે, જ્યારે જન્નતની હૂરોનું વર્ણન વાંચો કે હદીષોમાં છે કે જન્નતની હૂરનો કેવળ દુપટ્ટો જ દુનિયાવાળાઓ સમક્ષ લહેરાવી દેવામાં આવે તો લોકો ગાંડા બની જાય ! તો તેની સુંદરતાનો તથા નૂરાનિયતનો શો અમલ હશે ?! વળી જન્નતની કોઈ હૂર જો દુનિયા પર દૃષ્ટિ ફેંકે તો જન્નતથી અહીં સુધી નૂર ફેલાય જાય. અને આ પાકીઝા હૂરો અલ્લાહનો ઝિક્ર તથા અલ્લાહની તારીફ કરનારી હશે. તો હે પુરૂષો ! આવી અણમોલ નેઅમતને તમો એક ફાહિશા તથા ક્ષણિક સુંદરતાવાળી બિનભરોસાપાત્ર સ્ત્રીઓ પાછળ ભટકીને ખોઈ રહ્યા છો ! અને ક્ષણિક આનંદ માટે અલ્લાહના ગઝબને નોંતરી રહ્યા છો ?! સંભલી જાવ ! હે મિત્રો ! સંભલી જાવ અને રમઝાનની ક઼દરમાં લાગી જાવ.

## આમ તેમ ન ભટકો ! રબની રહમત તો જુઓ !

હે મુસલમાનો ! આવો ! આવો ! વરસભર આપણે ગફલતમાં રહ્યા અને ગુનાહોમાં રચ્યા પચ્યા રહ્યા અને આપણુ ઈમાન છે કે ગુનાહોનો બદલો જહન્નમ જ છે, તો સમજો તમને અલ્લાહે બુદ્ધિ આપી છે તો એ ગુનાહોને માફ કરાવી લો. એવું ન વિચારો કે આપણા ગુનાહો તો અગણિત અને પુષ્કળ છે તો શું થશે ?!

નહીં ! નહીં ! રબની રહમતથી નાઉમ્મીદ ન થાવ, જુઓ ! જુઓ ! તમારો મહેરબાન રબ શું ફર્માવે છે !

હદીષે મુબારકામાં આવે છે કે અલ્લાહ તઆલા ﷻ રમઝાન મુબારકની દરેક રાતમાં ત્રણવાર ફર્માવે છે કે **છે કોઈ માંગનાર જેને હું આપું ! છે કોઈ તૌબા કરનાર જેની તૌબા કબૂલ કરું ! છે કોઈ બખ્શિશનો તલબગાર જેની હું બખ્શિશ કરી આપું !** પછી પોકારવામાં આવે છે કે, છે કોઈ એવા માલદારને કરજ આપનાર જે મોહતાજ નથી અને તે પૂરેપૂરું કરજ અદા કરનાર છે. અને રમઝાન માસના દરેક દિવસે ઈફતારના સમયે અલ્લાહ તઆલા ﷻ એવા એક લાખ દોઝખીઓને દોઝખથી છૂટકારો આપે છે જેઓ અઝાબના હક્કદાર હતા. અને જુમ્આની રાત અને જુમ્આના દિવસે દરેક ઘડીમાં અલ્લાહ તઆલા ﷻ એવા દસ લાખ જહન્નમીઓને જહન્નમથી આઝાદ કરે છે જેઓ અઝાબના હક્કદાર હતા. અને રમઝાનુલ મુબારકના અંતિમ દિવસે એટલા દોઝખીઓને દોઝખથી આઝાદ કરવામાં આવે છે જેટલા પ્રમાણમાં આખા રમઝાન માસમાં બખ્શી દેવામાં આવ્યા. સુબ્હાનલ્લાહ ! *(તંબીહુલ ગાફિલીન, ભાગ–૨)*

હે મુસલમાનો ! ઉપરોક્ત હદીષને વારંવાર વાંચો અને રમઝાનની રહમતો બરકતોનો અંદાઝો લગાડો ! તમો અંદાઝો પણ નહીં લગાડી શકો કે કેટલી મહેરબાનીઓ રમઝાનની મુબારક પળોમાં થઈ રહી છે. રમઝાન મુબારકમાં રોઝા, નમાઝ, તિલાવત, તરાવીહ... વગેરે ત્યજીને ઘણા લોકો સતત ધંધામાં વ્યસ્ત રહે છે, વિચારે છે કે આ તો માલ કમાવાની સીઝન આવી છે ! પણ સાંભળો ! જરા દિમાગને હાજર કરો ! રબ ફર્માવે છે, **છે કોઈ માંગનાર જેને હું આપું !** વિચારો ! રબના ખજાનામાં શું કમી છે ? જે માંગશો તે મળશે. અહીં રબ તરફથી એલાન થાય છે કે માંગો ! માંગો ! અને તમે માલ મેળવવા રોઝા ત્યજીને નમાઝ ત્યજીને ગલી ગલી ભટકી રહ્યા છો ! તો ક્યાંથી ભલુ થાય ! હરગિઝ ન થાય ! હા ! નમાઝ, રોઝાની પાબંદી સાથે નિયમ પ્રમાણે ધંધો પણ કરો પણ તદન ધંધામાં ખોવાઈને રમઝાનનું મહત્વ ન ભૂલો અને તેની બરકતોને ન ગુમાવો.

આગળ ફર્માવે છે, **છે કોઈ તૌબા કરનાર જેની તૌબા કબૂલ કરું ! છે કોઈ બખ્શિશ ચાહનાર જેને બખ્શી આપું ! કેટલી જબરદસ્ત ઓફર તેજ રબ તરફથી છે જે ગુનાહોના બદલામાં જહન્નમની આગમાં ફેંકનાર છે.** આપણાથી દુનિયાની આગની ચિંગારી નથી સહન થતી તો તેનાથી સિત્તેર ગણી તેજ જહન્નમની આગ કઈ રીતે સહન થશે ?! તો આવો ! મહેરબાન રબની આ ઓફર સ્વીકારી લો ! અને ગુનાહોનો ત્યાગ કરી તૌબામાં મશ્ગૂલ થઈ જિંદગીને રબની પસંદવાળી પાકીઝા બનાવી દો ! જરૂર રબ્બે કરીમ માફ કરી આપશે અને બંને જહાનમાં ચૈન તથા સુકૂન આપશે. અને દુઆ કરો કે, **હે અમારા રબ ! અમને પણ તે લાખોમાંનો એક બનાવ જેમની તું આ મુબારક પળોમાં બખ્શિશ ફર્માવી રહ્યો છે,** અને અમારી ઔલાદ તથા સર્વ ઈમાનવાળાઓને બખ્શી આપ !

## રોઝા અને કુર્આનની શફાઅત

રસૂલે કરીમ ﷺ એ ફર્માવ્યું, "રોઝા અને કુર્આન બંદાની શફાઅત કરશે. રોઝો અર્ઝ કરશે, હે રબ ! મેં એને દિવસમાં ખાવા પીવા તથા વાસનાથી રોક્યો, તેના બારામાં મારી શફાઅત કબૂલ ફર્માવ ! અને કુર્આન કહેશે, મેં એને રાતમાં સૂવાથી રોક્યો જેથી તેના સંબંધે મારી શફાઅત કબૂલ કર. બંનેની શફાઅત કબૂલ થશે. *(બયહકી, શોઅબુલ ઈમાન)*

હે દોસ્તો ! આ કેટલી મહાન ખુશખબરી છે કે રોઝા તથા કુર્આન તેને રાખનાર તથા પઢનારની શફાઅત કરશે અને તે કબૂલ થશે. તો આજે તમારા જ હાથમાં નજાત પામવાનો અમૂલ્ય અવસર છે તેને ગુમાવશો નહીં. અને રમઝાનમાં રોઝાની પાબંદી કરશો તથા રાતે કે દિવસે ટાઈમ પાસ માટે T.V. પર ક્રિકેટ, ફૂટબોલ કે અન્ય રમતો, ફિલ્મો, સિરિયલો તથા કેરમના ખેલ વગેરે નહીં પણ અલ્લાહની કિતાબ એટલે કુર્આને પાકને હાથમાં લેશો, તેની ઝિયારત કરશો અને તેની તિલાવત કરશો, તેની તફસીર વાંચશો તો ઉપરોક્ત ખુશખબરી તમારા માટે જ છે.

## શબે કદ્રનાં ઈનામો તો જુઓ !

પ્યારા દીની ભાઈઓ ! તથા બહેનો ! જ્યારે શબે કદ્ર આવે છે તો અલ્લાહ તઆલા ﷻ હઝરત જિબ્રઈલ علیہ السلام ને હુકમ ફર્માવે છે અને તે ફરિશ્તાઓના એક મોટા સમૂહની સાથે જમીન પર આવે છે, તેમની સાથે એક લીલો અલમ (ઝંડો) હોય છે જેને તે કા'બાની છત પર લગાડી આપે છે. હઝરત જિબ્રઈલ علیہ السلام ની છસો પાંખો છે જેમાંથી કેવળ બે પાંખોને શબે કદ્રમાં ખોલે છે જે પૂર્વ તથા પશ્ચિમને પોતાની લપેટમાં લઈ લે છે. પછી હઝરત જિબ્રઈલ علیہ السلام અન્ય ફરિશ્તાઓને કહે છે કે ઉમ્મતે મુહમ્મદિયા ﷺ ના તે દરેક શખ્સને જે રાતમાં કયામમાં હોય કે કાએદામાં, નમાઝ અદા કરી રહ્યો હોય કે ઝિક્ર કરી રહ્યો હોય તેનાથી તેઓ મુસાફો કરે અને સલામ કરે અને તેમની દુઆઓ પર આમીન કહે, ત્યાં સુધી કે સવાર થઈ જાય. *(તંબીહુલ ગાફિલીન, ભાગ–૨)*

હે લોકો ! શબે કદ્રનું મહત્વ તો જુઓ ! **તમે ઈબાદત કરશો તો ફરિશ્તા તમારાથી મુસાફો કરશે, સલામ કરશે અને તમારી દુઆઓ પર આમીન કહેશે ! કેટલી કદર રબ્બે કરીમ તમારી ફર્માવી રહ્યો છે ! કેટલી ઈજ્જત તમને આપી રહ્યો છે !** અને આમ તેમ નાહક્ક ફાંફાં મારવા કરતાં લોકોની ખુશામદ કરવા કરતાં **આ રાતમાં જે જોઈએ તે દુઆ તમારા રબથી જ માંગો તો ફરિશ્તાની આમીન તમારી આમીન સાથે મળી જશે તો જરૂર તમારી દુઆ તથા તમારી માંગણી રબ કબૂલ ફર્માવી લેશે.** આટલી ઓપન ઓફરો આપણા અતિ મહેરબાન ખાલિક માલિક ﷻ થકી થઈ રહી છે છતાં આપણે લાભ ન ઉઠાવીએ અને આવી મુબારક રાતોને ગપ્પાં ટપ્પાં કે આમ તેમ રખડવામાં ગુમાવીએ તો આપણી જેવો બેવકૂફ કોણ ?!

આગળ ફર્માવે છે : જ્યારે (શબે કદ્રનો) દિવસ ચઢે છે તો હઝરત જિબ્રઈલ علیہ السلام અવાજ આપે છે કે હે ફરિશ્તાઓ ! હવે પાછો ચાલો ! ફરિશ્તાઓ કહે છે કે હે જિબ્રઈલ ! علیہ السلام ઉમ્મતે મુહમ્મદિયા ﷺ ના ઈમાનવાળાઓની જરૂરતોમાં અલ્લાહ ﷻ એ શો મામલો રાખ્યો છે ? તો હઝરત જિબ્રઈલ علیہ السلام જવાબમાં કહે છે કે **અલ્લાહ તઆલા ﷻ એ તેમના પર કરમની નિગાહ ફર્માવી છે** અને ચાર પ્રકારના લોકો સિવાય સર્વ ગુનેહગારોની **મગફેરત કરી આપી છે.** સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعین એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે ચાર પ્રકારના કયા લોકો છે ? તો હુઝૂર ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે એમાંથી એક તે છે જે **શરાબની આદતવાળો હોય, બીજો જે માંબાપનો નાફર્માન હોય, ત્રીજો તે છે જે સગાંઓથી સંબંધ કટ કરનાર હોય અને ચોથો કીનો રાખનાર.** સહાબાએ કિરામે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ **કીનો રાખનાર કોણ ?** તો હુઝૂર નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, કીનો રાખનાર તે છે જે દિલમાં વાત રાખીને પોતાના મુસલમાન ભાઈ સાથે ત્રણ દિવસથી અધિક વાત ન કરે. *(તંબીહુલ ગાફિલીન, ભાગ–૨)*

હે મુસલમાનો ! કેટલી રહમતો, બરકતો તથા માફીની ખુશખબરી તમે સાંભળી ! તમે મુસલમાન છો ! રસૂલે પાક ﷺ ના શયદાઈ છો ! હવે તો દિલને નરમ કરો ! અને ખુદાનખ્વાસ્તા **જો કોઈનાં માંબાપ તેનાથી નારાજ હોય તો આજે જ માફી માંગી, ગમે તેમ કરીને તેમને રાજી કરી લો,** શરાબ પીવાથી સાચા દિલથી તૌબા કરી લો, સુન્ની સગાં હોય અને આપસમાં કચવાટ હોય તો તમારા તરફથી તેને દૂર કરવા ભરપુર કોશિશ કરો અને માફી તલાફી કરી લો, અને કોઈ સુન્ની મુસ્લિમથી અબોલા હોય તો આજે જ સંબંધ સુધારી લો. જો એવું ન થયું તો ક્યાંક એવું ન બને કે રબની મગફેરતથી તમો વંચિત રહી જાવ. (મઆઝલ્લાહ !) માટે **નરમી અપનાવો, માફી માંગવા તથા માફી આપવામાં જરાય ખચકાટ ન અનુભવો** અને આકા ﷺ ના સર્વ ગુલામોથી મહોબ્બત તથા પ્રેમભાવ રાખો, દરેકને કામ આવો અને રબની મગફેરતના હક્કદાર બનો.

રબ્બે કરીમ આપણને સૌને રમઝાનની રહમતો, બરકતો તથા મગફેરતોથી માલામાલ ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

# ઝકાત શા માટે અને કયારે ?!

**≺ કા...ર્ચા...લ...ચ... ≻**

**ઝકાત** ઈસ્લામનો એક અતિ મહત્વનો માલી ફરીઝો છે જેનુ ફર્ઝ હોવું કુર્આન તથા હદીષથી સાબિત છે. ઈસ્લામી ઝકાત બાબતની વ્યવસ્થા સામુહિક અદ્‌લો ઈન્સાફ અને આપસમાં ઈમદાદનો બેહતરીન નમૂનો છે. તેની અંદર સમાજના ઘણાયે આર્થિક તથા માલી મસાઈલ તથા સમસ્યાઓનો હલ પણ મૌજૂદ છે. તેને લાગુ પાડવાથી એક એવા પાકીઝા તથા સાફ સુથરા સમાજ તથા સોસાયટીને સ્થાપી શકાય છે જેમાં અમીર તથા ગરીબ, કારીગરો તથા મજદૂરો અને વ્યાપાર કારોબારવાળાઓ અને દરેક તબકાના લોકો એકબીજા સાથે હળીમળીને જીવન પસાર કરતા જોવા મળશે. ઈસ્લામના ઝકાતના બંધારણ થકી માલ તથા દૌલતથી યોગ્ય વહેંચણી અદ્‌લો ઈન્સાફના ધોરણે થાય છે. એમાં ન તો ફકીરો મિસ્કીનોના હક્કોની પાયમાલી થાય છે અને ન તો માલદારો તથા અમીરો પર જબરદસ્તી કે બળ કે જુલ્મો સિતમ થાય છે. ઝકાતની વ્યવસ્થા થકી સમાજ માલ દૌલતની લાલચ, કંજૂસાઈ તથા સ્વાર્થીપણુ તથા મતલબ પરસ્તી જેવા ગૈર અખ્લાકી (કુસંસ્કારી) ભાવનાઓથી પાક તથા સાફ રહે છે.

કુર્આન શરીફની દ્રષ્ટિએ મુસલમાનોના માટે સાચી પધ્ધતિ એ છે કે તે પોતાની જાત તથા કુટુંબીઓ માટે જાઈઝ હક્કો તથા હદોમાં રહીને મધ્યમવર્ગી બનીને પોતાની દૌલતને ખર્ચ કરે અને જે તેમની જરૂરતથી અધિક હોય તેને ખુદાના માર્ગે ખર્ચ કરે જેથી માલદારો ગરીબોના હમદર્દ બનીને રહે અને આર્થિક દ્રષ્ટિએ ગરીબ લોકો એવી સ્થિતિમાં આવી જાય કે તે પણ ઈજ્જત તથા ખુદ્દારીની જિંદગી પસાર કરી શકે.

ઈસ્લામી ઝકાત વ્યવસ્થાની ગહરાઈમાં ઉતરો અને તેની આગળ પાછળની બાબતોનો શાંતચિત્તે અભ્યાસ કરો તો યક઼ીનન તમે અલલ એલાન એ વાતનો સ્વીકાર કરશો કે ઈસ્લામે માનવ ભલાઈનો જે નકશો તૈયાર કર્યો છે અને આર્થિક સમસ્યાથી લઈ દિલો તથા દિમાગોની પવિત્રતા અને નફસની પાકી સુધ્ધાંનુ જે માળખુ (બંધારણ) મુસ્લિમ ઉમ્મતની સમક્ષ રજુ કર્યું છે અને એક બાઈજ્જત તથા બાવકાર જિંદગી ગુજારવાની જે સ્કીમો બનાવી છે એના જેવો નકશો તથા બંધારણ દુનિયાનો કોઈ મઝહબ કે રહનુમા કદાપિ પેશ નથી કરી શકતો.

ઈસ્લામ ઝકાતની સિસ્ટમ લાગુ કરતા પહેલાં માનવ દિમાગની ઈસ્લાહ કરે છે અને દિલો દિમાગમાં એ વાત બેસાડે છે કે તમારી પાસે જે માલ છે તે સૌ રબ્બે કાએનાતનો અર્પણ કરેલો છે અને તેનો ખાસ ફઝ્‌લો કરમ છે. કેવળ પોતાની મહેનત તથા કોશિશ અને બુધ્ધિ થકી દૌલત નથી મળતી, નહીં તો દુનિયામાં કોઈ બુધ્ધિશાળી અને તંદુરુસ્ત તથા શકિતશાળી માણસ ગરીબ ન રહી જાત. એ જ પ્રમાણે તેને એ પણ યકીન અપાવે છે કે તમે જે કાંઈ પણ ખુદાની રાહમાં ખર્ચ કરશો તેનો બદલો આખેરતમાં જરૂર મળશે, એનાથીયે બેહતર મળશે અને ખુદાની બેંકમાં જો યોગ્ય રીતે અને સમયાનુસાર હપ્તા અદા કરતા રહે તો તે બેંકમાંથી તેમને ૭૦ ગણુ મળ શે, બલ્કે એથી પણ વિશેષ !

ઈસ્લામ આમ તો દરેક માલદાર પર ઝકાત લાઝિમ પણ નથી કરતો, બલ્કે તેનો એક ખાસ નિસાબ નિશ્ચિત કરે છે અને તેમાંથી એક મામૂલી પ્રમાણ જેટલો હિસ્સો કાઢવાનો હુકમ આપે છે. સાથોસાથ ઝકાત લેવાના પણ નિયમો નિશ્ચિત કરે છે અને તે લોકોની બાકાયદા લિસ્ટ બહાર પાડે છે જેઓ ઝકાત લેવાનો કાનૂની હક્ક ધરાવે છે. એક તરફ તો માલદારોને ઝકાત આપવાના પાબંદ કરે છે, અને આપવા પર ફઝાઈલ તથા ન આપવા પર કાનૂની કાર્યવાહી તથા ધમકાવતા હુકમો સંભળાવીને દિલોએથી માલો દૌલતની મહોબ્બત કમ કરે છે અને બીજી બાજુ ઝકાતને માલનો મેલ કુચૈલ કહીને હાજતમંદોની ગૈરત તથા સ્વમાનને જાગૃત કરે છે કે આજે તો તમે જરૂરત તથા મજબૂરીના કારણે ઝકાતને કબૂલ કરી લીધી છે, પરંતુ એ જાણી લો કે જે કાંઈ તમે લઈ રહ્યા છો તે લોકોના માલનો મેલ કચરો છે ! જેથી ભાવિમાં તમારી શરાફતને તદ્દન શોભતુ નથી કે તમે ઝકાતના જ ઈંતેઝારમાં હાથ પર હાથ ધરીને બેસી રહો અને આર્થિક બાબતે તમારા પગો ઉપર ઉભા થવાની

કોશિશ ન કરો! નહીં! બલ્કે, તમે પણ એક ઈજ્જતદાર માણસ છો, તમે ક઼ાબેલિયતોથી સજજ છો, પરવરદિગારે આલમે તમને તમામ ખૂબીઓથી નવાઝયા છે અને તમને સહી સલામત અંગો આપીને પેદા કર્યા છે, જેથી તમે પણ તમારી કાબેલિયતોને કામે લગાડીને ખૂદ એ લાયક બનવાની કોશિશ કરો કે અન્યોને ઝકાત આપી શકો. આ છે ઈસ્લામના ઝકાતના બંધારણનુ પાયાનુ માળખુ જે પોતાનામાં તમામતર ખૂબીઓ તથા ઉમદા બાબતોને સમાવી ચૂકેલ છે.

## ઝકાતની હક઼ીક઼ત

ઝકાતનો અર્થ પાકીઝગી તથા વૃધ્ધિ (વધારો) થાય છે અને શરીઅતની બોલી (ઈસ્તેલાહ)માં ઝકાત માલના તે ખાસ હિસ્સાને કહેવામાં આવે છે જેને અલ્લાહ તઆલાએ માલદારો પર કેટલીક શરતોની સાથે વાજિબ કરેલ છે અને તેમને હુકમ આપ્યો કે તેઓ ખાસ પ્રકારના લોકોને કશાયે બદલા વિના તેનો માલિક બનાવી આપે.

ઝકાત દુનિયાવી કારોબાર અને ઈન્કમટેકસની જેમ કોઈ ટેકસ તથા બિઝનેસ નથી બલ્કે તે કેવળ અને કેવળ ઈન્સાનોની ભલાઈ તથા આર્થિક તંગીના ખાત્મા તથા આપસમાં સહકાર તથા મદદનો એક મુકમ્મલ પ્લાન છે, જેનાથી સમાજમાં સંયુકતપણુ તથા એકતાનો માહોલ પેદા થાય છે. એક તરફ માલદાર લોકો લાલચ તથા કંજૂસી તથા ઈર્ષા જેવી બુરાઈઓથી મેહફૂઝ રહીને એ વાતને ખુદાનુ એહસાન તથા પોતાની મગફેરતનો સામાન જાણશે કે તેમને કોઈ ગરીબની જરૂરતોને પૂર્ણ કરવાની સદનસીબી પ્રાપ્ત થઈ અને પરવરદિગારે તેમને તેના દીનની ખિદમતના લાયક બનાવ્યો અને બીજી બાજુ ગરીબોના દિલોમાં આ મોહસિનો (એહસાન કર્તાઓ)ની મહોબ્બત તથા તેમની મદદનો જઝબો પેદા થશે અને આ રીતે સમાજ ગૃપબંધીની ખેંચતાણથી સુરક્ષિત રહેશે.

સારાંશ કે ઝકાત એક બાજુ માણસને પોતાના ખાલિકનો ફર્માંબરદાર બનાવે છે અને બીજી બાજુ મખ્લૂકને એકબીજાના ગળે મિલાવે છે.

અલ્લાહ તબારક વ તઆલાએ હિજરતના બીજા વર્ષે મુસલમાનો પર ઝકાત ફર્ઝ હોવાનો હુકમ લાગુ ફર્માવ્યો અને નબી કરીમ ﷺ એ અસંખ્ય હદીષોમાં ઝકાત અદા કરવાની તાકીદ ફર્માવી છે. એ જ કારણે ઝકાતના મસાઈલની સર્વ વિગત સવિસ્તાર પ્રારંભિક યુગથી આજ સુધીની તમામ ફિકહ તથા તફસીરની કિતાબોમાં ભરેલી પડી છે અને તેનાં તમામ પાસાંઓને ઈસ્લામના ફકીહોએ સ્પષ્ટ કરેલ છે.

જેમ કે આગલા વર્ણનમાં એ વાત આવી ચૂકી છે કે ઈસ્લામ દરેક પ્રકારના માલમાં ઝકાત વાજિબ નથી કરતો બલ્કે વાજિબ થવાને માટે કેટલીક શરતો નિશ્ચિત કરે છે, આ કારણે સંક્ષિપ્તમાં એ શરતોનો ઉલ્લેખ કરવો બેહતર રહેશે. એટલા માટે અમે ક્રમસર તેનુ વર્ણન કરીએ છીએ.

## સંપૂર્ણ માલિકી હોવી

ઝકાત વાજિબ થવાની શરતોમાં સૌથી મહત્વની તથા પાયાની શરત સંપૂર્ણ માલિકી હોવી છે. એટલે કે ઈસ્લામ દરેક તે માલ પર ઝકાતનો હુકમ નથી આપતો જે કોઈ મુસલમાનની પાસે મૌજૂદ હોય, બલ્કે કેવળ અને કેવળ એ માલ પર જ ઝકાત વાજિબ થાય છે જેના પર તેનુ સંપૂર્ણ માલિકીપણુ હાંસલ હોય. રહ્યો તે માલ કે જેના પર સંપૂર્ણ માલિકી ઉપલબ્ધ ન હોય તેના પર ઝકાત વાજિબ નથી થતી.

માલિકી તથા સંપૂર્ણ માલિકીના બે અલગ અલગ ભાવાર્થો છે. જેમ કે માલિકીનો ભાવાર્થ તો એ છે કે માણસની પાસે જે માલ હોય તેમાં તેને ખર્ચ કરવાનો અને તેનાથી ફાયદો ઉઠાવવાનો હક્ક પ્રાપ્ય હોય અને સંપૂર્ણ માલિકીનો મતલબ ફુકહાએ કિરામના ઈર્શાદોની રોશનીમાં એ છે કે માણસને એ માલ પર ખર્ચ કરવાના હક્કની સાથોસાથ કબજો તથા ઈખ્તિયાર પણ સંપૂર્ણપણે હાંસલ હોય અને તેમાં ખર્ચ કરવાથી કોઈ ચીજ આડે ન આવે.

જેમ કે અલ્લામા શામી ફર્માવે છે :–

لان المراد بالتام المملوك رقبة ويدا (શામી, ભાગ–૨, પેજ–૨૫૯)

આ મતલબને લક્ષમાં રાખીને ફુકહાએ કિરામે ફર્માવ્યું કે, જો માલ ગુમ થઈ ગયો હોય તો ભલે તે ગુમ થયેલો માલ તેની માલિકીમાં રહે છે જેની માલિકીમાં ગુમ થતા પહેલાં હતો. તથા એ માલ પર

ઝકાત એટલા માટે વાજિબ નથી કે તે શખ્સના કબજામાં નથી. અલબત્ત એ વાત વિચારવા જેવી છે કે છેવટે ઝકાત વાજિબ થવા માટે સંપૂર્ણ માલિકીની શરત કઈ હિકમત પર આધારિત છે ? તો સાંભળો ! એ બાબત તો ઉઘાડા સૂરજની જેમ રોશન છે કે માલિકીપણુ અલ્લાહની એક મહાન નેઅમત છે, કેમ કે એ આઝાદી તથા ઈન્સાનિયતનુ પરિણામ છે, જેનાથી ગુલામ તથા જાનવર વંચિત રહે છે. માલિકીપણાથી માણસની સરદારીપણાની હૈસિયત અને સરદારીની પોઝીશનમાં રહેવાનો પતો લાગે છે અને સંપૂર્ણ માલિકી થકી માણસ પોતાના માલમાંથી કશીય રોકટોક વિના ફાયદો ઉઠાવે છે. અને પોતે અથવા પોતાના સહાયકો તથા નાયબોના થકી માલની અધિકતા તથા તેના વધારવા કે બમણો કરવા માટે શકિતમાન હોય છે. આવી મહાન નેઅમત પામવાને કારણે ઈન્સાનિયતનો એ જ તકાઝો છે કે જેણે આ મહાન નેઅમત બખ્શી છે તેનો શુક્ર અદા કરવામાં આવે અને ઝકાતની અદાયગી કરવામાં આવે.

## માલનું ''નામી'' (વૃધ્ધિ પામનાર) હોવું

ઝકાત વાજિબ થવા માટે બીજી શરત માલનુ ''નામી'' હોવું છે, ગૈર નામી માલમાં ઝકાત વાજિબ નથી. 'નામી' શબ્દ 'નુમાઅ'થી બનેલો છે જેનો શાબ્દિક અર્થ અધિકતા, ઉમેરો તથા વધારો થાય છે. પણ શરીઅતની ભાષામાં ''નામી' તે માલને કહે છે જેમાં હકીકતન્ અથવા હુકમન્ વધારો થવાની ક્ષમતા હોય અને માલ ધરાવનારને તેનાથી નફો તથા અધિકતા પ્રાપ્ત થઈ શકે. ભલે તે માલમાં બચ્ચાં પેદા કરવાની (વૃધ્ધિ)ની ક્ષમતા હોય અને તે પોતાની આ ક્ષમતા થકી નફાકારક હોય કે પછી વેપાર ધંધા થકી માણસને ફાયદો પહોંચાડવાની ક્ષમતા ધરાવતો હોય. ઝકાત કેવળ એવા જ માલમાં વાજિબ છે.

ઈસ્લામે ઝકાત વાજિબ થવા માટે 'નામી' માલની શરત શા માટે રાખી છે ? આવો ! જુઓ ! ઈસ્લામે મુસ્લિમ ઉમ્મત સામે ઝકાતનું બંધારણ એટલા માટે રજુ કર્યું છે કે પરવરદિગારે આલમે જે ખુશનસીબ ઈન્સાનને માલ દૌલતનો માલિક બનાવ્યો છે અને જેને માલ જેવી નેઅમતથી સરફરાઝ કર્યો છે તે પોતાના માલનો કેટલોક હિસ્સો કાઢીને ગરીબો તથા મિસ્કીનોને આપે જેથી તેમનો ગમ દૂર થાય અને સમાજમાં ભાઈચારો તથા હમદર્દીનુ વાતાવરણ પ્રદર્શિત થાય અને આર્થિક તંગી પર અંકુશ લાગે. એટલા માટે ઝકાતમાં એટલો માલ ન આપવામાં આવે કે આપનારો ખૂદ ફકીર બની જાય. હવે જો એવા માલમાં ઝકાત વાજિબ ઠરાવવામાં આવે જેમાં વૃધ્ધિની (વધવાની) ક્ષમતા ન હોય તથા અધિક લાભદાયી ન બની શકતો હોય તો કોઈ આશ્ચર્યની વાત નથી કે ઝકાત આપનારો પોતે જ એક દિવસ ફકીર બની જાય ! અને આ વાત ઈસ્લામી રૂહની (ઈસ્લામી તકાઝાઓની) તદ્દન વિરૂધ્ધ છે અને ઈસ્લામના હેતુઓથી ખૂબ જ દૂર છે કે માણસ પોતાના હાથે જ પોતાની ફકીરીનો સામાન ખડો કરે અને અન્યોની સામે હાથ લાંબો કરવા માટે મજબૂર થઈ જાય. એટલા માટે નામી (વૃધ્ધિમય) માલો પર જ ઝકાત વાજિબ થાય છે.

## માલનુ મૂળભૂત જરૂરિયાતથી અલગ હોવું

ઈસ્લામે ઝકાત વાજિબ થવા માટે માલનુ અસલી જરૂરતથી અલગ હોવું પણ શરત ઠરાવ્યું છે. જે માલ જરૂરતો તથા હાજતોમાં મશગૂલ હોય તેનામાં ઝકાત વાજિબ નથી. અલબત્ત, એના અનુસંધાનમાં આપણે એ જાણવું છે કે છેવટે ઈસ્લામે અસલી હાજત (મૂળ ભૂત જરૂરિયાત)નુ માપદંડ શું રાખ્યું છે ? અને હાજતે અસલિય્યહ્થી તેનો હેતુ શો છે ? ફુકહાએ કિરામે વિવિધ અંદાઝ તથા શબ્દોમાં તેનો ભાવાર્થ વર્ણન કરેલો છે પણ હાજતે અસલિયહ્ (મૂળભૂત જરૂરતો)નો બેહતરીન મતલબ અલ્લામહ્ શામીએ જે વર્ણવ્યો છે તે આ પ્રમાણે છે :–

**(અર્થ)** : ''મૂળ જરૂરત દરેક એવી જરૂરતને કહે છે જે ઈન્સાનને હલાકત તથા બર્બાદીથી મેહફૂઝ રાખે. *(શામી, ભાગ–૨, પેજ–૨૬૨)*

જેમ કે ખાવા, કપડાં, મકાન તથા જંગી શસ્ત્રો. આ એવી જરૂરતો છે જે ગમે તે રીતે માણસ માટે જરૂરી છે, જેના વિના કોઈ ચારો નથી. એ જ પ્રમાણે કારખાનાંઓનાં મશીનો, ધંધા કારીગરીનાં મશીનો જેના વિના માણસનો સઘળો કારોબાર બેકાર બની શકે છે, મકાનમાં સૂવા, જમવા, પીવા અને આરામ માટે

જરૂરી સામાન કે જેના વગર માણસના જીવનને વ્યતિત કરવું મુશ્કેલ છે. આવજા કરવા તેમજ મુસાફરી કરવા માટે ગાડી, મોટરો, સવારીનાં સાધનો, જાનવરો વગેરે. મતલબ કે જ્યારે કોઈની પાસે માલ મૌજૂદ હોય પણ તે આ તમામ જરૂરતો અને હાજતોમાં મશગૂલ (રોકાયેલો) હોય તો તેનુ હોવું કે ન હોવું ઝકાત વાજિબ થવામાં એક સમાન છે. (એટલે કે તેના પર ઝકાત નથી લાગતી.) ઘરેણા, શણગાર સજવા માટે તથા સજાવવા ધજાવવા માટે તૈયાર કરવામાં આવે છે અને એ તેના ફાજલ હોવાની દલીલ છે. જેથી એ મૂળ જરૂરિયાતની ચીજોથી બહાર છે અને ઝકાતની માત્રાએ પહોંચવાની સ્થિતિમાં તેમાં પણ ઝકાત વાજિબ થશે.

શરીઅતે અસલી હાજતની શરત એ પુખ્તા હિકમતને લક્ષમાં રાખીને નક્કી કરી છે કે ઝકાત એક ઈબાદત છે અને ઈબાદતના માટે તબીઅતના આકર્ષણ અને ખુશીની સાથે તૈયાર હોવું જરૂરી છે અને આવી કૈફિયત ત્યારે જ ઉદ્ભવી શકે છે જ્યારે માણસને તેના જીવન જરૂરીમાંથી બચેલા માલની ઝકાત કાઢવાનો હુકમ આપવામાં આવે. જો એવા માલમાં ઝકાતનો હુકમ લગાડી દેવામાં આવે જે માણસની પ્રાથમિક જરૂરતોમાં રોકાયેલો છે, તો મને કમને ઝકાત કાઢવા માટે તૈયાર થઈ જશે પણ તે આકર્ષણ તથા ઉત્સાહ અને મનનો ઉમંગ–ખુશી પેદા થઈ શકશે નહીં જે ઈબાદતોની અસલી સ્પ્રિટ (ભાવના) તથા રૂહાની સુકૂનનો સામાન છે.

## દેવા (કરજ)થી મેહફૂઝ હોવું

ઝકાત વાજિબ થવાની એક શરત માલનુ કરજ (દેવા)થી મેહફૂઝ હોવું છે. એટલે કે જો કોઈ માણસની પાસે અઢળક માલ છે પણ એના માથે એવું દેવું છે કે બંદાઓની તરફથી એની માંગણી થાય છે અથવા થઈ શકે છે તો ઈસ્લામ એ માલથી ઝકાત આપવાનો હુકમ લાગુ નથી કરતો, કેમ કે એ માલ જેમ કે તેની મૂળ જરૂરતનો એક હિસ્સો છે અને ઝકાત વાજિબ થવા માટે અસલી હાજતથી અલગ હોવું જરૂરી છે. પરવરદિગારે આલમની કામિલ રહમતનુ આ કેટલુ અનોખુ પ્રકરણ છે કે જો કોઈના માથે બંદાઓના હક્કો હોય તો તેને એ પસંદ નથી કે બંદાનો હક્ક આપવામાં મોડુ કરવામાં આવે અને મારી રાહમાં ખર્ચવામાં આવે. એ ફર્માવી રહ્યો છે કે હું હવે મારો હક્ક તો જતો કરી દઉં છું પણ એક બંદાનો બીજા બંદા પર જે માલી હક્ક છે તેને જરૂર અદા કરો. સુબ્હાનલ્લાહ !

આ તે શરતો છે જે ઝકાત વાજિબ થવાના મસ્અલામાં પાયાની હૈસિયત ધરાવે છે. તેમાંથી કોઈ એક શરતની પણ ગેરહાજરી હશે તો ઝકાત વાજિબ થશે નહીં અને તમામ શરતો મૌજૂદ હોવા પર ઝકાત વાજિબ થઈ જાય છે અને કોઈ શખ્સ પર ઝકાત વાજિબ હોય તેમ છતાં તે અદા ન કરે તો તેના માટે કુર્આન તથા સુન્નત (હદીષ)માં એવા ગંભીર ભયોનો સામનો કરવાની ખબર આપવામાં આવી છે કે જેની કલ્પનાથી રુંવાટાં ઉભાં થઈ જાય છે ! અને કલેજુ હચમચી ઉઠે છે અને એક ઈમાનવાળા પર જે સ્થિતિ છવાઈ જાય છે તેનો એહસાસ કેવળ ખુદાનો ડર રાખવાવાળા જ કરી શકે છે.

સબકના માટે અમુક હદીષો રજૂ કરી આપુ છું જે તે માલ સંપત્તિવાળા લોકો માટે યકીનન બોધદાયક છે જેઓ માલ તથા દૌલતના નશામાં આ અલ્લાહના હુકમનુ ઉલ્લંઘન કરવામાં જ ફખ્ર મેહસૂસ કરે છે, ખુદાની આપેલી આ મહાન નેઅમતને પોતાની જાગીર સમજે છે, તેમાં પોતાની મનમાની તથા નિરર્થક ખર્ચ કરવામાં જરાય અચકાતા નથી, શરીઅતની હદોને તોડીને પોતાની ઐયાશીનુ બજાર ગરમ કરતા રહે છે અને પોતાના મોહતાજ ભાઈઓની હમદર્દી અને ગમખ્વારીનો પોતાના દિમાગમાં કદી ખયાલ નથી લાવતા. એ શકય છે કે જો આજે તેઓ ખુદાના મોહતાજ બંદાઓ મદદ નથી કરતા તો કાલે કિયામતના દિવસે ખુદા પણ તેમનો યારો મદદગાર નહીં બને અને તેમને દર્દનાક અઝાબના સકંજામાં જકડી લેશે. ખુદા આપણને એવી માલદારીથી મેહફૂઝ રાખે જેના પરિણામે મેહશરના મેદાનમાં ઝલીલો બેઈજ્જત થવું પડે અને થોડા દિવસની એશો આરામવાળી જિંદગીના બદલે આખેરતમાં બેચૈની તથા બેકરારી અને અઝાબે ખુદાવંદીનો તૌક ગળામાં પરોવવામાં આવે. (આમીન)

## ઝકાત ન આપનારને ચેતવણી !

આવો ! છેવટમાં તે હદીષોને પણ જોતા ચાલો જે ઝકાત ન આપનારાઓના બારામાં આવેલી છે અને જેને વાંચીને સબક તથા બોધ ગ્રહણ કરવામાં આવે.

હુઝૂર ﷺ ફર્માવે છે :–

"ઝકાતનો માલ જે માલમાં ભળેલો હશે તેને તબાહ તથા બર્બાદ કરી નાખશે."

એક બીજી જગાએ આકાએ નામદાર ﷺ ફર્માવે છે : "જમીન પર કે પાણીમાં જે માલ નાશ પામે છે તે ઝકાત ન આપવાથી નાશ પામે છે."

એક અન્ય ઠેકાણે સરકાર ﷺ ઈર્શાદ ફર્માવે છે :

"જે શખ્સ પોતાના માલની ઝકાત ન આપે તે માલ કિયામતના દિવસે બોડા (ગંજા) અજગરનુ રૂપ ધારણ કરશે અને તેના ગળામાં તૌક (હાર) બનીને પડશે."

એ જ પ્રમાણે એક અન્ય બોધપાત્ર હદીષ છે :–

"તે અજગર મોઢુ ફાડીને તેની પાછળ દોડશે અને તે નાસશે. તેને કહેવામાં આવશે કે, લે તારો તે ખજાનો જેને છુપાવીને રાખતો હતો કે હું તેનાથી માલદાર થઈ જાઉં ! જ્યારે જોશે કે તે અજગરથી કોઈ બચવાનો માર્ગ નથી તો અનાયાસે પોતાનો હાથ તેના મોઢામાં આપી દેશે તો તે એવી રીતે ચાવશે જેવી રીતે નર ઊંટ ચાવે છે.

અંતે એક અધિક હદીષ વાંચી લો ! નબી કરીમ ﷺ ફર્માવે છે :–

"જ્યારે તે અજગર તેની પાછળ દોડશે તો તે પૂછશે કે તું કોણ છે ?! અજગર કહેશે કે તારો તે ઝકાતી માલ છું જેને છોડીને તું મરી ગયો હતો ! જ્યારે તે જોશે કે તે પીછો જ કરતો જાય છે તો તેના મોઢામાં હાથ આપી દેશે, તે તેને ચાવશે અને પછી તેનુ આખુ શરીર ચાવી કાઢશે."

પરવરદિગારે આલમ આપણને સૌને એવા અઝાબથી બચાવે. (આમીન).

## સાહિબે નિસાબ કોણ કહેવાશે ?

વર્તમાનકાળમાં જ્યારે કે સોના ચાંદીના ભાવોમાં જમીન તથા આસ્માનનો ફરક છે સોનાથી કિંમત લગાડવા કરતાં ચાંદીથી કિંમત લગાડવામાં જલ્દી નિસાબ મુકમ્મલ થઈ જશે. તો હવે ઝકાત વાજિબ થવા બાબતમાં ચાંદી તથા સોનાના નિસાબમાંથી કયા નિસાબને સ્વીકારવામાં આવે, ચાંદીને કે સોનાને ?

એ વાત તો તદ્દન સ્પષ્ટ છે કે નિસાબનો દારોમદાર તો સોના અને ચાંદી પર રાખવામાં આવ્યો છે. જો કોઈની પાસે ફકત સોનુ જ છે (તદ્દન ચાંદી કે રોકડ રકમ નથી) તો તેનો નિસાબ સાડા સાત તોલા (૭.૫ તોલા) નક્કી કર્યા છે અને જો કેવળ ચાંદી જ છે તો તેનો નિસાબ સાડા બાવન તોલા છે. આ વર્ણન કરેલા નિસાબોથી ઓછામાં ઝકાત નથી, (સમજ માટે જણાવું કે જેની માલિકીમાં થોડુ સોનુ, થોડી ચાંદી તથા થોડી રકમ રોકડ કે બેંકમાં જમા વગેરે હશે તો ૫૨.૫ (સાડા બાવન તોલા) ચાંદીના આધારે નિસાબ ગણાશે. *–અનુવાદક*)

બાકી રહ્યો વેપારનો સામાન તો તેની સોના કે ચાંદી પરથી કિંમત લગાડવામાં આવશે, જેની કિંમતથી નિસાબે પહોંચી જાય તે જ વિશ્વસનીય થશે, ચાહે સોનુ હોય કે ચાંદી. વર્તમાનકાળમાં સોના કરતાં ચાંદીથી કિંમત લગાડવામાં જલ્દી નિસાબ પૂરો થઈ જાય છે, કેમ કે જો કોઈની પાસે (હાલમાં ચાંદીના રૂા. ૨૧૦ તોલના હિસાબે) દા.ત. અગ્યાર હજાર (૧૧,૦૦૦) રૂા. છે અથવા વેપારનો સામાન છે તો હાલના સમયમાં સાડા બાવન તોલા ચાંદીની કિંમત બરાબર થઈ જશે અને ફુકહાએ કિરામનુ ફર્માન છે કે **જેમાં મોહતાજોનો અધિક લાભ હોય તેનાથી કિંમત લગાડવામાં આવે.**

જેમ કે સાહિબે હિદાયહ رحمة الله عليه ફર્માવે છે :–

**(અર્થ)** : "ફર્માવ્યું કે ગરીબ તથા મિસ્કીનોના હક્કના ફેવરમાં ખયાલ કરતાં કિંમત એનાથી લગાડવામાં આવશે જે મિસ્કીનો માટે અધિક લાભકારક થાય. *(હિદાયહ, ભાગ–૧, પેજ–૧૯૫)*

જેથી ઝકાત વાજિબ થવામાં ચાંદીની કિંમત મો'તબર થશે અને વેપારના માલ વગેરેની કિંમત સાડા બાવન તોલા ચાંદીની કિંમતના બરાબર હોય તો તેના પર ઝકાત વાજિબ છે, એ શરતે કે કરજ (દેવું માથે) ન હોય. (કરજ બાદ કરવામાં આવશે.)

## જનરલ પ્રોવિડન્ટ ફંડ (GPF)ની ઝકાત

ગવર્નમેન્ટ ઓફિસો તથા કેટલીક પ્રાઈવેટ કંપનીઓના કર્મચારીઓના પગારોમાંથી અમુક હિસ્સો અલગ કરીને મેહફૂઝ ખાતામાં જમા કરી દેવામાં આવે છે અને અમુક ટકા ગવર્નમેન્ટ અથવા કંપની પોતાના કર્મચારીના ભાવિને લક્ષમાં રાખીને પોતાના તરફથી તેમાં ઉમેરો કરે છે અને રિટાયરમેન્ટ પછી તે સઘળી રકમ કર્મચારીને આપી દેવામાં આવે છે. કેટલીક વાર દરેક બે પ્રકારની જણાવેલ રકમો પર ગવર્નમેન્ટ અથવા કંપની ઈન્ટરરેન્ટના નામે પણ કાંઈક વધારો જોડીને છેવટે તે સમગ્ર રકમ કર્મચારીઓને અદા કરે છે. આ રકમ આમ જોડીને છેવટે તે સમગ્ર રકમ કર્મચારીઓને અદા કરે છે. આ રકમ સામાન્ય બોલીમાં પ્રોવિડન્ટ ફંડ કહેવાય છે.

## ઝકાત ના અર્વાચીન મસાઈલ

વર્તમાન સમયમાં જીવન વ્યવહારમાં નવી નવી પધ્ધતિઓ તથા ગવર્નમેન્ટની નવી નવી સ્કીમો વગેરે નીકળી છે જેથી તેના સંબંધે ઝકાત કાઢવામાં મુંઝવણ અનુભવતા મુસલમાનો માટે કેટલાક મસ્અલા રજૂ કરવામાં આવે છે.

હવે પ્રશ્ન એ છે કે જે રૂપિયા કર્મચારીના પગારમાંથી કપાયા અને તેમાં ગવર્નમેન્ટે પોતાના તરફથી જે ઉમેરો કરીને બેંકમાં જમા કરાવ્યા, પછી પાછળથી ઈન્ટરેસ્ટની સાથે સૌ રકમોને પરત કરી તેમાં ઝકાત વાજિબ થશે કે નહીં ? જો થશે તો કયારે અને તેને અદા કરવાનો શો તરીકો રહેશે ?

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ના એક ફત્વાથી સ્પષ્ટ થાય છે કે જે રકમ કર્મચારીના પગારમાંથી કપાઈ અને ગવર્નમેન્ટ જે રકમ પોતાના તરફથી ઉમેરો કરીને બેંકમાં જમા કરાવે છે તે બંને રકમો કર્મચારીના પગારનો હિસ્સો છે. જેમ કે લખે છે :–

''જાઈઝ નોકરીનો પગાર દર મહીને ભલે તેનો કોઈ હિસ્સો જમા થઈને નોકરી પૂર્ણ થવાને અંતે આપવામાં આવે તે તે કર્મચારીની માલિકીનો છે અને જે પગાર ગવર્નમેનટનો નિશ્ચિત હોય તેનો ર.ઉ નિશ્ચિત કરાર પ્રમાણે તઅલ્લુક ધરાવનારના જિમ્મે હોય છે અને કર્મચારીના માટે જમા કરવામાં આવે છે તે પણ ખરેખર તે જ પગારનો હિસ્સો છે.'' *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૮, પેજ–૧૮૩)*

અને આ પ્રકારની (પ્રાઈવેટ ફંડની) રકમ પર ઝકાત વાજિબ થશે કે નહીં ? જ્યારે આ'લા હઝરતને આ પ્રમાણેનો સવાલ કરવામાં આવ્યો તો આપે તેના પર ઝકાત વાજિબ હોવાનો હુકમ દર્શાવ્યો. જેમ કે લખે છે : ''જ્યારથી તે અસલી રૂપિયા ખૂદ અથવા અન્ય ઝકાતી માલ સાથે જે ઝૈદની પાસે છે તે નિસાબ જેટલો એટલે છપ્પન રૂપિયા સુધી પહોંચ્યો અને અસલી હાજતોથી વધીને તેના પર વરસ પસાર થયું તે સમયથી તેના પર ઝકાત વાજિબ થઈ અને દર વરસે નવી ઝકાત વાજિબ થતી રહી.'' *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૨૬)*

અને ફકીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''કર્મચારી જો માલિકે નિસાબ છે તો અન્ય ઝકાતી માલોની સાથે એ ફંડમાં જ્યારથી રકમ જમા થવી શરૂ થઈ છે ત્યારથી તે રકમની પણ ઝકાત દર વર્ષે વાજિબ થશે.'' *(ફતાવાએ ફયુઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૪૭૯)*

જેથી આ લખાણથી એ વાત તદ્દન સ્પષ્ટ થઈ ગઈ કે પ્રોવિડન્ટ ફંડમાં જે રકમ કર્મચારીના પગારમાંથી કપાઈ અને જે ગવર્નમેન્ટે તેમાં ઉમેરો કરીને જમા કરી તે બંને રકમો પર ઝકાત વાજિબ છે. અલબત્ત તેની અદાયગી રકમ પ્રાપ્ત થતાં વાજિબ થશે. કેમ કે તે રૂપિયાની હૈસિયત કરજ જેવી છે. જાણે કે કર્મચારીઓએ કંપનીને પોતાના પગારનો અમુક હિસ્સો કરજ રૂપે આપી રાખ્યો છે અને કરજમાં ઝકાત જો કે વાજિબ થાય છે પણ ઝકાત અદા કરવુ ત્યારે વાજિબ થાય છે જ્યારે નિસાબનો પાંચમો ભાગ કરજ આપનારને મળી જાય.

...રજૂકર્તા : **મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી** (હાલ : લેસ્ટર, યુ.કે.)

જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

"જે રૂપિયા કરજ ફેલાયા (ઉછીના અપાયા) છે તેની ઝકાત પણ લાઝિમ છે પણ જ્યારે નિસાબ જેટલા અથવા નિસાબના પાંચમા ભાગ જેટલા વસૂલ થાય તે વખતે અદા વાજિબ થશે, જેટલાં વરસો પસાર થયાં હોય સૌનો હિસાબ લગાડીને." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૩૨)*

અને ફકીહે આ'ઝમે હિંદ હુઝૂર સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદ અલીખાં رحمۃ اللہ علیہ લખે છે :

"બેંકને જો કરજ રૂપે આપ્યા છે જેમ કે એ જ માલૂમ છે તો જો કે ઝકાત દર સાલે વાજિબ રહેશે પણ તેને અદા કરવું વાજિબ હોવાનો સમય ત્યારે થશે જ્યારે નિસાબના પાંચમા ભાગ જેટલી રકમ કમસે કમ વસૂલ થાય (હાથમાં આવે) અને જેટલી વસૂલ થઈ જાય તેટલાની ઝકાત અદા કરવી વાજિબ થશે, કુલ નહીં. પણ વસૂલ થતાં પાછલા વરસોની પણ ઝકાત (ગણીને) આપવી પડશે." *(ફતાવાએ અમજદિયહ્, ભાગ–૧, પેજ–૩૬૮)*

અને જે વધારો ઈન્ટરેસ્ટ રૂપે ગવર્નમેન્ટ કે કંપનીઓની તરફથી મળે છે તેના પર ઝકાત વાજિબ થશે નહીં, ન તેની માલિકી છે. પણ નોકરીની મુદ્દત પૂર્ણ થયા પછી જો કંપની ખૂદ તેને તે વધારો આપે અને કંપનીમાં કોઈ મુસલમાન શરીક ન હોય તો આ વધારાને એ નિય્યતે લઈ શકે છે કે એક ગૈરમુસ્લિમ જમાઅત એક માલ ખુશીપૂર્વક આપે છે. આમ મુબાહ માલ સમજીને લઈ શકે છે અને કબજામાં આવ્યા પછી નિસાબમાં તેને મેળવી દેવામાં આવશે. *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૪૨૬)*

### ★ મજલિસે શરઈ મુબારકપૂરનો ફેંસલો ★

અર્વાચીન મસાઈલને હલ કરવા માટે **અલ્જામિઅતુલ્ અશ્રફિયહ્, મુબારકપુર** તરફથી મજલિસે શરઈ સ્થાવામાં આવી છે જેના હેઠળ ફિક્હી સેમીનાર ગોઠવાય છે. મોટા મોટા મુફ્તિયાને કિરામ તથા ઉલમાએ ઈસ્લામ તેમાં ભાગ લે છે. આ મજલિસે શરઈએ GPF ના વિશે આ પ્રમાણે ફેંસલો બહાર પાડયો છે :–

"GPF માં જમા થતો પૂરો માલ પગારનો હિસ્સો છે જે કર્મચારીની માલિકીનો છે જેથી તે નિસાબ જેટલો હોય કે નિસાબ સાથે જોડાતો હોય તો તેના પર દર વર્ષે ઝકાત વાજિબ થશે, અલબત્ત અદા કરવાનુ નિસાબના પાંચમા ભાગ પર કબજો પામ્યા બાદ વાજિબ થશે અને નફા પર કબજા પછી તેની શરતોની સાથે ઝકાત વાજિબ થશે." *(અકસે તયશુદા ઉમૂર, પેજ–૬)*

**નોટ** : હઝરત મુફતી નિઝામુદ્દીન સાહબ રઝવીએ એક મજલિસ ચર્ચામાં જણાવ્યું કે હવે ગવર્નમેન્ટ GPF માં પોતાના તરફથી કાંઈ જમા નથી કરતી, કેવળ ઈન્ટરેસ્ટ જોડીને તમારી કપાયેલી રકમ પરત કરે છે. ઈ.સ. ૧૯૯૯ સુધી લગભગ એ જ કાનૂન હતો જેનો ઉલ્લેખ આ'લા હઝરત رحمۃ اللہ علیہ કર્યો છે. પરંતુ તેનાથી અસલ મસ્અલામાં કાંઈ ફરક પડવાનો નથી.

### ફિક્સ ડિપોઝિટ (F.D.)ની ઝકાત

લોકો પોતાના રૂપિયાઓને બેંકો, પોસ્ટ ઓફીસોમાં એક નિશ્ચિત મુદત માટે જમા કરી આપે છે, તે રકમ પર દર વરસે કાંઈક ઉમેરો થતો રહે છે. તે રકમો પર ઝકાત વાજિબ છે કે નહીં ? તેનો હલ એ છે કે જે રકમ ખૂદ માણસે જમા કરી છે તે બેંક વગેરે પર કરજ છે. જેથી તેના પર દર વરસે ઝકાત વાજિબ થશે. અલબત્ત તેની ઝકાત આપવું દિરહમના જેટલી રકમ વસૂલ (પ્રાપ્ત) થઈ જતાં લાઝિમ થશે. જેમ કે GPF ના બયાનમાં વિગતવાર આવી ગયું.

વધુ ખુલાસો આ'લા હઝરત رحمۃ اللہ علیہ ના આ ઈર્શાદથી પણ થઈ રહ્યો છે. આપ બેંક તથા પોસ્ટ ઓફિસમાં જમા કરેલ રકમના વિશે ફર્માવે છે :–

"તે જ્યાં સુધી બેંકમાં છે પોતાના કબજામાં સમજવામાં આવશે અને દર વર્ષે તેના પર ઝકાત વાજિબ થશે." *(ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૧૪૬)*

અને અલ્લામા હસ્કફી લખે છે :–

**ભાવાર્થ** : "તેની ઝકાત વાજિબ છે જ્યારે કે નિસાબ પૂર્ણ થઈ જાય અને વરસ પસાર થઈ જાય, પરંતુ અદાયગી તરત વાજિબ નથી બલ્કે ૪૦ દિરહમના જેટલી રકમ તે કરજમાંથી વસૂલ થયા પછી વાજિબ થશે." *(દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૩૦૫)*

બાકી રહ્યો એના પર દર વર્ષે માનવારો નફો તો એના બારામાં તેહકીક એ છે કે વર્તમાન સંજોગોમાં હિંદુસ્તાની ગવર્નમેન્ટની બેંકોથી પ્રાપ્ત થયેલ વધારાનો માલ એક મુબાહ માલ છે અને મુબાહ માલ જ્યાં સુધી મુસ્લિમના કબજામાં ન આવે તે તેના માલિકીપણામાં નથી થઈ શકતો. અને કબજાનો મતલબ એ નથી કે કેવળ લેજર બુકમાં નફાની નોંધણી થઈ જવાથી ખાતેદારનો તેના પર કબજો માનવામાં આવશે અને નિસાબના વરસપસાર થયા પછી સૌની ઝકાત વાજિબ થશે. મજલિસ શરઈ મુબારકપૂરનો ફેંસલો છે કે :–

"હર્બીનો માલ મુબાહ માલ છે અને તે મુસ્લિમના કબજા વિના તેના માલિકીપણામાં નથી થતો અને કેવળ લેજર બુકમાં નોંધી દેવાથી ખાતેદારનો તેના પર કબજો સાબિત ન થયો એટલા માટે કે કબજાની જે હકીકી, હુકમી, મજાઝી સ્થિતિઓ ફિકહની કિતાબોમાં દર્શાવેલ છે, આ તેમાંથી કોઈ એક સ્થિતિમાં નથી આવતુ. (આગળ ફેંસલામાં લખેલ છે કે) બેંક વગેરેનો જણાવેલ નફો જ દિવસે કબજામાં આવે અને ખાતેદાર સાહિબે નિસાબ હોય તો નિસાબમાં ભળી જશે. *(અકસે તય શુદા ઉમૂર, પેજ–૫, ૬)*

## બોનસની ઝકાત

ગવર્નમેન્ટ પોતાના કર્મચારીઓને વરસ પૂર્ણ થતાં અમુક નિશ્ચિત રકમ પગારથી ઉપરાંત પણ આપે છે જેને બોનસ કહેવામાં આવે છે. આ રકમની શરીઅતની રૂએ શું હેસિયત છે ? અને એના પર ઝકાત કઈ રીતે વાજિબ થશે ?

સંશોધનને અંતે એ વાત સ્પષ્ટ થઈ કે બોનસની રકમ એક પ્રકારનુ ઈનામ છે જે ગવર્નમેન્ટ પોતાના કર્મચારીઓને આપે છે, તો તેની હૈસિયત અતા કરેલ માલની હશે અને તેના પર કબજા વિના માલિકીપણુ સાબિત થશે નહીં. એટલા માટે બોનસની રકમ જ્યારે કર્મચારીના કબજામાં આવી જાય અને પછી તે નિસાબ સુધી પહોંચે અથવા બીજા માલ સાથે નિસાબ સુધી પહોંચે ત્યારે તેના પર ઝકાત વાજિબ થશે, નહીં તો નહીં. જેમ કે મજલિસે શરઈએ બોનસના વિશે આ પ્રમાણે હુકમ બહાર પાડયો છે :–

### ★ મજલિસે શરઈનો હુકમ ★

"બોનસની રકમ એક ખાસ પ્રકારનુ ઈનામ છે તેના પર કબજો પામ્યા પછી કર્મચારી તેનો માલિક થશે અને નિસાબ જેટલી રકમ મળે અથવા અન્ય સાથે મિલાવતાં નિસાબ સુધી પહોંચે ત્યારે કબજા બાદ ઝકાત વાજિબ થશે." *(અકસે તય શુદા ઉમૂર, પેજ–૬)*

## એરિયર્સની ઝકાત

ગવર્નમેન્ટના કર્મચારીઓના મોંઘવારી ભથ્થાંઓમાં છ મહીને કે વરસે જે વધારો થાય છે. સામાન્યતઃ તેના વધારાની સ્થિતિ એ પ્રમાણે હોય છે કે ગવર્નમેન્ટ હુકમ બહાર પાડે છે અને વધારાની રકમ (પગારમાં) પાછલા અમુક મહીનાઓથી જોડે છે. દા.ત. ગવર્નમેન્ટે પહેલી માર્ચે હુકમ લાગુ કર્યો કે કર્મચારીઓના પગારો (મોંઘવારી ભથ્થાં)માં ૫% નો વધારો કરવામાં આવે છે અને આ વધારો પાછલા જાન્યુઆરી મહીનાથી ગણવામાં આવશે. આ રીતે કર્મચારીનો પગાર વધારા સાથે માર્ચથી મળશે પણ પાછલા જાન્યુઆરી તથા ફેબ્રુઆરી મહીનાના પગારો જે હતા તેમાં ૫% નો વધારો એ એરિયર્સ (બાકી પડતી રકમ) તરીકે કર્મચારીને મળે છે.

હવે સવાલ એ પેદા થાય છે કે ગવર્નમેન્ટનો હુકમ બહાર પડતાં પહેલાં દા.ત. જાન્યુઆરી ફેબ્રુઆરીની જે રકમ મળશે તેના પર કર્મચારીનુ માલિકીપણુ જાન્યુઆરી ફેબ્રુઆરી મહિનાથી માનવામાં આવશે કે પછી ગવર્નમેન્ટનો ઓર્ડર બહાર પડયાની તારીખથી માલિકીપણાની સાબિતી ગણાશે ? એ જ પ્રમાણે ઝકાતનુ વાજિબ હોવુ હુકમ લાગુ કર્યાની તારીખથી થશે કે પછી પહેલાં જેટલા દિવસોના એરિયર્સનો હુકમ બહાર પડયો તેમાં તે જ સમયથી ઝકાતનો હુકમ લાગુ થશે ? આ મસ્અલા બાબતે શરઈ સેમીનારમાં

ચર્ચા થઈ અને પછી એ નક્કી થયું કે :–

### ★ મજલિસે શરઈનો હુકમ ★

"એરિઅર્સની રકમ પગારની જ બાકી પડતી રકમ હોય છે, એટલા માટે જે તારીખે ગવર્નમેન્ટ એરિઅર્સનો હુકમ લાગુ પાડશે એ તારીખથી કર્મચારી એરિઅર્સનો માલિક થશે. ગવર્નમેન્ટનો ઓર્ડર જાહેર થતા પહેલાં જેટલા દહાડા જેટલા દિવસોના એરિઅર્સનો હુકમ થયો તે દિવસોમાં માલિકીપણુ સાબિત નથી અને ઝકાતનુ વાજિબ થવું માલિકીપણુ જાહેર થયાની તારીખથી ઉપર દર્શાવેલ વિગત મુજબ થશે."

આ પરથી જાણવા મળ્યું કે એરિઅર્સની રકમમાં ઝકાતનો હુકમ એ તારીખથી લાગુ થયો જે તારીખે ગવર્નમેન્ટે એરિઅર્સ આપવાનો હુકમ બહાર પાડયો. જેથી જો કોઈ શખ્સ એરિઅર્સની રકમનો માલિક બન્યા બાદ માલિકે નિસાબ થઈ જાય તો તેના પર તે રકમની ઝકાત હવે વાજિબ થશે. જેથી જો કોઈએ ફેબ્રુઆરીના અંતે ઝકાતની રકમ આપવાની છે તો તેણે હમણા જાન્યુઆરી ફેબ્રુઆરીની એરિઅર્સની રકમ ઝકાતમાં જોડવાની થશે નહીં, કેમ કે તે રકમ હજી તેની માલિકીમાં જ નથી આવી.

## બોન્ડસ્ (BONDS) ની ઝકાત

મોટા ભાગની ગવર્નમેન્ટો તથા કંપનીઓ લોકો પાસેથી ઉધાર માંગે છે અને તે ઉધાર રકમને પાછા ફેરવવા માટે મુદ્દત નિશ્ચિત કરે છે અને અધિકતમ ટકા ઈન્ટરેસ્ટનુ એલાન કરે છે અને સાબિતી રૂપે ઉધાર આપનારને સર્ટિફિકેટ આપે છે તેને બોન્ડ કહે છે.

હવે પ્રશ્ન એ છે કે ઉધાર આપનારે જે સરમાયો બોન્ડસ પર લગાડયો છે તેની ઝકાત તેણે અદા કરવી પડશે કે નહીં ? અને જો અદા કરવી પડશે તો દર વરસે કે પછી બોન્ડને કેશ કરાવતી વખતે સર્વ વિતેલા વરસોની કે કેવળ જે વરસે રકમ મળી તે જ વરસની ?

બોન્ડ હકીકતમાં એક સનદ છે એ વાતની કે તે શખ્સે આટલી રકમ કંપની કે ગવર્નમેન્ટને આપી છે. જાહેર છે કે તે રકમ કરજ (ઉધાર) છે અને કરજ વિશે વારંવાર આવી ગયું છે કે તેની ઝકાત કરજ આપનાર પર વાજિબ છે, એ શરતે કે તે માલિકે નિસાબ હોય અને દરેક વરસની ઝકાત વાજિબ છે. જો કે તેની અદાયગી ચાલીસ દિરહમના જેટલી રકમ વસૂલ થઈ જતાં લાઝિમ થશે.

## પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમની ઝકાત

જેવી રીતે બેંકોમાં વિવિધ સ્કીમો હેઠળ લોકો પોતાની રકમો જમા કરે છે એ જ પ્રમાણે પોસ્ટ ઓફિસોમાં પણ વિવિધ સ્કીમો હેઠળ પૈસા જમા કરવામાં આવે છે. એ સ્કીમોનાં અલગ અલગ નામ હોય છે. દા.ત. **N.S.C., S.B. A., K.V.P., I.V.P., M.I.S.** (નેશનલ સેવિંગ્ઝ સર્ટિફિકેટ, કિસાન વિકાસ પત્ર વગેરે) વગેરે.

આ ખાતાંઓમાં રૂપિયા જમા કરવાથી એક નિશ્ચિત ધોરણે મૂળ રકમ પર વધારો પણ મળે છે. હવે સવાલ એ છે કે પોસ્ટ ઓફિસોમાં જે રકમ જમા થઈ તેના પર જે વધારો મળ્યો તેની ઝકાતનો શું હુકમ છે ?

ફકીહોના ઈર્શાદોથી સ્પષ્ટ થાય છે કે પોસ્ટ ઓફિસોમાં જમા કરવામાં આવનારી રકમ કર્ઝ (ઉધાર)ની હૈસિયત ધરાવે છે. જેમ કે ફિકસ ડિપોઝિટના બયાનમાં આવી ચૂકયું છે. જેથી જેવી રીતે અન્ય ઉધારવાળી રકમ પર ઝકાત વાજિબ છે તેવી જ રીતે પોસ્ટ ઓફિસમાં જમા થયેલ રકમોની પણ ઝકાત જમા કરનારાઓ પર વરસો વરસ વાજિબ થશે, એ શરતે કે જમા કરનાર કોઈ રીતે સાહિબે નિસાબ થાય. અલબત્ત, તે રકમ પર વાજિબ થનારી ઝકાતને આપવું તે વખતે વાજિબ થશે જયારે નિસાબના પાંચમા ભાગના જેટલા પ્રમાણમાં રકમ વસૂલ થઈ જાય અને એના ઉપર મળનારા નફાનો હુકમ અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે.

## સીકયુરીટી (પાઘડી)ની રકમ પર ઝકાત

મકાન વગેરે ભાડે લેવાના સંજોગોમાં ભાડુઆત મકાન માલિકને ભાડાની નક્કી થયેલ રકમ ઉપરાંત એક મોટી રકમ ઝમાનત, ડિપોઝિટ, સીકયુરીટી (પાઘડી)ના નામ પર અદા કરે છે, તે રકમને

ભાડુઆત ત્યારે પાછી લઈ શકે છે જ્યારે મકાન ખાલી કરી આપે અથવા ભાડુઆતપણાનો મામલો ખત્મ થઈ જાય. એ દરમિયાનમાં લેવાનો અધિકાર ભાડુઆતને નથી રહેતો, અલબત્ત રકમ જેટલી આપી રાખે તે પૂરી પાછી મળી જાય છે. હવે સવાલ એ છે કે એ રકમની ઝકાત ભાડુઆત પર વાજિબ છે કે મકાન માલિક પર જેના કબજામાં તે રકમ છે ?

એના બારામાં તેહકીક એ છે કે સીકયુરીટીની રકમ અસલમાં એક કરજ (ઉધાર) છે જે ભાડુઆત મકાન માલિકને આપે છે અને કરજની રકમના બારામાં એ વાત નિશ્ચિત છે કે તેની ઝકાત મૂળ માલિક પર જ વાજિબ છે, જેથી અહીં પણ સીકયુરીટીમાં આપેલી રકમની ઝકાત ભાડુઆત પર વાજિબ થશે એ શરતે કે સાહિબે નિસાબ હોય.

અલ્લામા હસ્કફી رضی اللہ عنہ લખે છે :–

**تجب زكاتها اذاتم نصابا وحال الحول**

તેની ઝકાત વાજિબ છે જ્યારે કે નિસાબ સુધી પહોંચી જાય અને વરસ વહી જાય." *(દુર્રે મુખ્તાર, ભાગ–૨, પેજ–૩૦૫)*

### ★ મજલિસે શરઈનો ફેંસલો ★

સીકયુરીટીની રકમને અમુક મુફતી સાહેબોએ ગીરો માનેલ છે અને અમુકે એક એતબારથી કરજ માનેલ છે અને બીજા એતબારથી ગીરો લખેલી છે. જ્યારે આ મસ્અલો મજલિસે શરઈ મુબારકપુરના સેમીનારમાં ચર્ચા હેઠળ આવ્યો તો આ સર્વ રજુઆતો સામે રાખીને ઉલમાએ કિરામની એક જમાઅતે એ રકમને કેવળ કરજ સ્વીકાર કર્યું. આ અજ્ઞાની (મૂળ લેખક)એ પણ પોતાના મકાલા (લખાણ)માં કેવળ કરજને માન્ય ઠરાવ્યું. હવે બિહમ્દિહી તઆલા સેમીનારમાં એક લાંબી ચર્ચાને અંતે સર્વ સંમતિથી એ નક્કી થયું કે :–

"ઝમાનતનું ઝર (રકમ) કેવળ કરજ છે અને ઝમાતનુ ઝર આપનાર પર તેની ઝકાત વાજિબ છે જેની અદાયગી કબજામાં આવ્યા બાદ તમામ પાછલા વરસોની વાજિબ થશે અને દર વરસે અદા કરી આપે તો મુનાસિબ છે." *(અકસે તયા શુદા ઉમૂર, પેજ–૪)*

## ડેરી ફાર્મ (ડેરી ઉદ્યોગ)ની ઝકાતનુ વર્ણન

વેપારના વિવિધ તરીકાઓમાંથી એક તરીકો એ પણ છે કે ભેંસોની ઘણી બધી સંખ્યા ભેગી કરી લેવામાં આવે છે અને તેમાંથી દૂધ કાઢીને સપ્લાય કરવામાં આવે છે. તે ભેંસોની સંખ્યા કેટલીકવાર ૫૦, ૧૦૦ સુધી રહે છે. આ વેપારના તરીકાને ડેરી ઉદ્યોગ કહે છે. હવે સવાલ એ છે કે એ જાનવરો પર ઝકાત છે કે કોઈ અન્ય તરીકાથી ઝકાત કાઢવાની રહેશે ?

આ મસ્અલાની તેહકીક એ છે કે જે ભેંસો દૂધ પ્રાપ્ત કરવા માટે રાખવામાં આવે છે તે ધંધા તથા કારીગરીના ઓજારની જેમ છે કે જેવી રીતે કારખાનામાં મશીનો વગેરે પર ઝકાત નથી ભલે તેની ગમે તેટલી કિંમત કેમ ન હોય. એવી જ રીતે એ ભેંસો ઉપર પણ ઝકાત વાજિબ નથી. અલબત્ત એમનાથી મેળવેલા દૂધની આવક પર નિસાબ હોવાની શરતે ઝકાત વાજિબ થશે અને જો કોઈ ભેંસનુ ખરીદ વેચાણ કરીને તેની કિંમત ઉભી કરી લેવામાં આવી તો એ કિંમત જરૂર ઝકાતના માલની ગણત્રીમાં આવશે અને તેની ઝકાત વાજિબ થશે. (બહરૂલ ઉલૂમ આઝમી સાહબ કિબ્લાના પત્રનો સારાંશ)

## પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)ની ઝકાત

ડેરી ઉદ્યોગની જેમ પોલ્ટ્રી ફાર્મ (મરઘાં કેન્દ્ર)નો કારોબાર પણ ખૂબ જ વ્યાપક ચાલે છે. એમાં એવું હોય છે કે મરઘાં, મરઘીઓ, ઈંડાઓ અને નાનાં બચ્ચાંનુ ખરીદ વેચાણ થાય છે તેની ઝકાત કઈ રીતે આપવામાં આવે ?

આ મસ્અલામાં જે વાતો તેહકીકને અંતે સામે આવી છે તે આ પ્રમાણે છે કે એ સર્વ ચીજો વેપારનો સામાન છે અને ઉઘાડી વાત છે કે વેપારનો સામાન એ શરતે કે નિસાબ સુધી પહોંચે અને કરજ વગેરેથી ખાલી હોય (એટલે કરજ બાદ કર્યા બાદ નિસાબ સુધી પહોંચે) તો તેમાં ઝકાત વાજિબ છે.

જેમ કે હુઝૂર સદરુશ્શરીઅહ્ علیہ الرحمہ ફર્માવે છે :–

"સોના ચાંદી સિવાય વેપારની કોઈ ચીજ હોય

જેની કિંમત સોના ચાંદીના નિસાબ સુધી પહોંચે તો તેના પર પણ ઝકાત વાજિબ છે." *(બહારે શરીઅત, ભાગ–૫, પેજ–૩૬)*

એટલા માટે વરસ પસાર થયા બાદ ઈંડાં, મરઘાં, મરઘીઓ તથા નાનાં બચ્ચાંની કિંમત પર ઝકાતની અદાયગી વાજિબ છે.

## LIC માં જમા રકમ પર ઝકાત

બેંકોની વિવિધ સ્કીમોમાં એક સ્કીમ જીવન વીમા (**Lite Insurance Corporation**) ની છે એમાં હપ્તાવાર રકમ જમા કરવાની હોય છે. હવે જે રકમ જમા કરવામાં આવી છે તો શું એના ઉપર પણ ઝકાત વાજિબ છે ?

આગળ એનું વર્ણન આવી ચૂકયું છે કે કરજ (ઉધાર) આપેલી રકમ પર ઝકાત વાજિબ છે અને એ વાત તેહકીક પામેલી છે કે બેંકોમાં જમા કરવામાં આવતી રકમ કરજની હૈસિયત ધરાવે છે જેથી એ પણ સ્પષ્ટ થઈ ગયું કે **LIC** (જીવન વીમા)માં જમા થયેલી રકમ પર ઝકાત વાજિબ છે એ શરતે કે જમા કરનાર માલિકે નિસાબ હોય.

### ★ મજલિસે શરઈનો ફેંસલો ★

જીવન વીમા (**LIC**) માં જમા થયેલી રકમની ઝકાતના વિશે જામિઆ અશરફિયા મુબારકપુરની મજલિસે શરઈનો ફેંસલો આ પ્રમાણે બહાર પડયો છે :–

"મૂળ જમા થયેલ રકમની ઝકાત દર વરસે વાજિબ છે પણ અદાયગી તે રકમ હાથમાં આવે ત્યારે વાજિબ છે અને અધિક માલ પ્રાપ્ત થયા બાદ અસલ નિસાબ સાથે જોડાઈ જશે જેથી તેની ઝકાત નિસાબનુ વરસ પસાર થતાં વાજિબ છે. *(સહીફએ ફિક્હે ઈસ્લામી, પેજ–૩૨, મુબારકપુર)*

## INFORMATION DESK

**Q.** How much distance will there be between a fasting person and Hell ?

**A.** The answer lies in the tradition which we are narrating here.

Hazrat Abu Huraira (Radiyallahu Anhu) reported Allah's Messenger (Sallallahu Alaihi Wa Sallam) as saying, "The one who fasts for a day to please Allah, He will keep that person at a distance from Hell, the distance which a crow flies from the time it is born till it grows old and dies." *(Baihaqi, Ahmad)*

Here are two more tradition. Allah's Messenger (Sallallahu Alaihi Wa Sallam) says, "If a person fasts for a day in Allah's way, Allah the Almighty will keep that person's face away from Hell and the distance between that person's face and Hell will be equal to seventy years' Journey." *(Bukhari Sharif, Muslim Sharif, Tirmizi Sharif, Nisai)*

Allah's Messenger (Sallallahu Alaihi Wasallam) Says that between him (Who fasts) and Hell Allah the Almighty will create a trench, the distance of it will be the distance between the earth and the sky. *(Ibn Maajaa, Tibraani, Abu Dawood)*


Two more traditions, Hazrat Amr Bin Absaa (Radiyallahu Anhu) Reported Allah's Messenger (Sallallahu Alaihi Wasallam) as saying, "Between him (Who fasts) and Hell there will be a distance equal to the distance of on hundred years' Journey." *(Tibraani)*

Hazrat Ma'az ibn Anas (Radiyallahu Anhma) reported Allah's Messenger (Sallallahu Alaihi Wasallam) as saing, "The one who fasts on any other day than Ramdadaan (the fast on any other day than Ramadaan is Voluntary Fast) in Allah's way then he will be away from Hell equal to the distance covered by a very speedy horse in one hundred years. (Abu Laila) (Divine Path, Oct.07)

# કુર્આન પઢવામાં તજવીદ (સહીહ ઉચ્ચારનું) મહત્વ અને આપણે !

**રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી** *(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

સૌ કોઈ જાણે છે કે નમાઝમાં કિ઼ર્અત ફર્ઝ છે. ફર્ઝ એટલે જેમ કે નમાઝમાં દરેક રકાતમાં રુકૂઅ કે બે સિજદા ફર્ઝ છે, જો રુકૂઅ હુકમ પ્રમાણે ન કરો કે સિજદામાં પેશાની જમાવીને તથા નાકની નરમ હાડકી દબાવીને સિજદા ન કરો, બલ્કે ભલે એ રીતે પણ એક જ સિજદો કર્યો તો પણ નમાઝ ન થઈ ! જેમ કે હદીષમાં છે કે, **"માણસ સાઈઠ વરસ સુધી (જીવનભર) નમાઝ પઢતો રહે છે પણ તેની એક પણ નમાઝ બારગાહે ઈલાહીમાં ક઼બૂલ થતી નથી ! કેમ કે તે રુકૂઅ તથા સિજદા સંપૂર્ણ તરીક઼ાથી અદા નથી કરતો."**



એ જ પ્રમાણે કિ઼ર્અત એટલે કુર્આનની કોઈ સૂરતમાંથી 'અલ્હમ્દુ' પછી કમસે કમ ત્રણ નાની કે એક મોટી આયત પઢવી. **હવે એ જે પ્રમાણે કુર્આનમાં ઉતરી છે તેવું જ પઢાવું જોઈએ !** કુર્આનમાં ك (છોટા કાફ) છે અને તમો પઢો ق (બડા કા઼ફ) તો અર્થ બદલાશે અને નમાઝ તૂટી જશે, નમાઝ થશે જ નહીં ! (જેમ કે છોટા કાફથી "કલ્બ" એટલે કૂતરુ અને બડા કા઼ફથી "ક઼લ્બ" એટલે દિલ.) જેથી અલ્લાહે જેવું ઉતાર્યું તેવું જ કુર્આન પઢવું. એટલે ઉચ્ચારો સહીહ કાઢવા કુર્આનના હુકમથી ફર્ઝ છે, નહીં તો નમાઝ થશે નહીં.

### ★ જરા ગંભીરતાથી વિચારશો ખરા ?! ★

હવે વિચારો કે **ક઼યામતમાં સૌ પ્રથમ નમાઝનો હિસાબ થશે,** એ સહીહ નીકળશે તો અન્ય અમલો ગણત્રીમાં આવશે, નહીં તો સર્વ બેકાર જશે. **નમાઝ દિવસમાં પાંચ વખત પઢવાની અને તે ફર્ઝ છે, ન પઢી તો જહન્નમનો અઝાબ થશે !** અને પઢવાની એ રીતે કે રબના બતાવેલા કા઼નૂન પ્રમાણે પઢવાની તો ક઼બૂલ થવાની ઉમ્મીદ રહેશે, આપણી મરજી પ્રમાણે નહીં !

અફસોસની વાત કે આટલી અગત્યની ઈબાદતને સલામત રાખવાની કોઈને પણ પડી નથી ! (ઈલ્લા માશાઅલ્લાહ !) **આપણે ત્યાં મસ્જિદો—મદરસા હવે કરોડોમાં બનતા થયા અને આપણે ફુલાવા માંડયા કે આપણે ખૂબ તરક્કી કરી નાખી !** પણ એ કરોડોની મસ્જિદ—મદરસામાં બે ત્રણ હજારનો પગારદાર ઈમામ અને મુદર્રિસ કે જે તજવીદથી અજ્ઞાન છે ! તથા ૧૨૦૦—૧૫૦૦નો પગારદાર બાંગી કે જેને "અલ્લાહુ અકબર" પઢતાં નથી આવડતું ! કદી અલ્લાહુ "અકબાર" તો કદી કાંઈક પઢે છે ! બીચારો મજૂર કક્ષાનો કેવળ સાફ સફાઈ કરી શકે તેવો માણસ છે તેની પાસે ઈસ્લામની પ્રભાવશાળી શાનદાર નિશાની એટલે અઝાન પણ દેવડાવવામાં આવે છે ! જેમાં અજબના રાગડા નીકળતા હોય તેવું તે પઢે છે. કદીક નમાઝ પણ પઢાવાય છે ! તો વળી મદરસામાં પણ એ જ મુદર્રિસ બને છે. બીચારો અલેફ, બે, તે, ષે ! બૂમો પાડી પાડીને પઢાવી દે છે. આપણે ન્યાઝ કરવા માટે સહેજવારમાં હજારો જમા કરી દઈએ, ઉર્સ કરવા અનલિમિટ ખર્ચ કરીએ પણ કુર્આન શીખવા—શીખવવા નમાઝમાં સહીહ પઢે તેવો ઈમામ કે કા઼રી લાવવા ન ખર્ચ શકીએ ! **તાજમહલ જેવી મસ્જિદો અને લાલ કિલ્લા જેવા મદરસા બનાવી શકીએ પણ પઢાઈના મામલામાં થોડાક ખર્ચી સારા કા઼રી ન રાખી શકીએ ન બાળકોને કા઼રી બનાવી શકીએ !** હા ! ન્યાઝ, ઉર્સ વગેરે આપણી મુબારક અલામતો છે, આપણે **શરીઅતના**

**વર્તુળમાં રહીને** અકીદતમંદીથી એ પણ કરીએ, પણ સાથો સાથ જે ચીજો **ફર્ઝે અયન** છે તેને કેમ ન કરીએ ?! કે **ફર્ઝ વિના કોઈ મુસ્તહબ, નફલી ઈબાદતો કબૂલ થશે નહીં !** જેથી એ ચીજોનો સવાબ સલામત રાખવા, કબૂલ થવા માટે ફર્ઝ કામો કરવાં અનિવાર્ય છે અને તેના કર્યા, શીખ્યા વિના કોઈ ચારો જ નથી, તે યાદ રાખશો.

**ન્યાય પ્રિય વાંચક બંધુઓ !** તો આજે એજ અત્યંત અગત્યના અને જરૂરી એવા વિષય ''કિર્અત''ને શીખવાની જરૂરત તથા તેના ફાયદા અને ન શીખવાથી થતા દીની દુનિયવી નુકસાનો વિશે કુર્આન તથા હદીષની રોશનીમાં ઉલમા તથા ફુકહાના કથનો દ્વારા ગંભીરપણે ચર્ચા કરીશું, એ જ આશા સાથે કે શાંતચિત્તે ખૌફે ખુદા સાથે તેનો અભ્યાસ કરી અમલ કરવાની તમો જરૂર કોશિશ કરશો તથા દીની દુનિયાવી ભલાઈઓ હાંસલ કરશો. અલ્લાહ તઆલા ઈલ્મો અમલની તૌફીક અતા ફર્માવે. (આમીન)

આપણે જોઈએ છીએ કે કોઈ પણ કાર્ય કોઈ પણ વસ્તુ ત્યારે જ સંપૂર્ણ ગણાય છે જ્યારે તેને તેના સર્વ કાયદા કાનૂન, નીતિ નિયમો તથા તેના સંપૂર્ણપણે લાભદાયક થવાની રીત અને તરીકા મુજબ કરવામાં આવે, અન્યથા તે કાર્ય તે વસ્તુ અપૂર્ણ તથા અધૂરી રહી જાય છે, કરનારને તેનો કોઈ લાભ કે ફાયદો થતો નથી બલ્કે ઘણીયે સ્થિતિઓમાં તો ઉલ્ટુ નુકસાન પણ ભોગવવું પડે છે.

### ★ સહીહ કિર્અત વિના નમાઝ થશે નહીં ! ★

હે મુસલમાનો ! અલ્હમ્દુલિલ્લાહ ! આપણે મુસલમાન છીએ. ઈસ્લામ એક સંપૂર્ણ તથા સફળ જીવનશૈલી અને Complet code of life છે, તે જે રીતે દુનિયાવી જિંદગીની પ્રત્યેક જરૂરિયાત અંગે આપણને માર્ગદર્શન આપે છે તેવી જ રીતે દીની બાબતોમાં પણ આપણી સંપૂર્ણ રહનુમાઈ કરે છે. ઈસ્લામ સ્વીકાર્યા પછી ફર્ઝ થતી ઈબાદતોમાં સૌ પ્રથમ ઈબાદત નમાઝ છે અને ઘણી જ તાકીદપૂર્વક વારંવાર તેનો હુકમ કરવામાં આવ્યો છે. તો સમજાયું કે નમાઝ સૌથી અહમ અને અગત્યની ઈબાદત છે. નમાઝમાં અમુક શર્તો, ફર્ઝો, અને વાજિબો છે જેનાથી નમાઝ સંપૂર્ણ થાય છે, એ ફર્ઝો પૈકી એક ફર્ઝ 'કિર્અત' (અર્થાત : કુર્આન શરીફ પઢવું) પણ છે અને આ ફર્ઝ ત્યારે જ પૂરો થશે જ્યારે કુર્આનને તજવીદથી (સહીહ ઉચ્ચાર તથા કાયદા મુજબ) પઢવામાં આવે, નહીં તો આ ફર્ઝ અધૂરો રહી જવાથી (કિર્અતમાં ભૂલ થવાથી) નમાઝમાં ખરાબી આવશે અને અમુક સ્થિતિઓમાં તો સદંતર નમાઝ થશે જ નહીં ! માટે તજવીદનું શીખવું ઘણુ જ જરૂરી છે.

### ★ તજવીદનો હુકમ કુર્આન, હદીષ તથા ઉલમાના કથનોની રોશનીમાં ★

અલ્લાહ તઆલા કુર્આને મુકદ્દસમાં ભારપૂર્વક ફર્માવે છે :–

وَرَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا ''અને જરૂર કુર્આનને તરતીલ સાથે પઢો.'' *(સૂ. મુઝમ્મિલ)*

وَرَتَّلْنَاهُ تَرْتِيْلًا ''અમે એને તરતીલથી (પદ્ધતિસર) નાઝિલ કર્યુ.''

હઝરત ઝૈદ બિન ષાબિત رضی اللہ عنہ થી મરવી છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

اِنَّ اللّٰهَ يُحِبُّ اَنْ يُقْرَأَ الْقُرْاٰنُ بِمَا اُنْزِلَ ''બેશક ! અલ્લાહ તઆલા એ વાતને પસંદ ફર્માવે છે કે કુર્આનને એ જ રીતે પઢવામાં આવે જે રીતે નાઝિલ કરવામાં આવ્યું.''

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ''કુર્આનને પોતાના અવાજથી શણગાર આપો.'' (અર્થાત) : સારા અવાજમાં પઢો.

اِقْرَؤُا الْقُرْاٰنَ بِلُحُوْنِ الْعَرَبِ ''કુર્આનને અરબી લહેજામાં પઢો.''

زَيِّنُوا الْقُرْاٰنَ بِاَصْوَاتِكُمْ ''જે કુર્આનને સારા અવાજમાં ન પઢે તે અમારા રસ્તા પર નથી.''

અલ્લામા જઝરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''જે કુર્આનને તજવીદ સાથે ન પઢે તે ગુનેહગાર છે.''

**''ઘણા કુર્આન પઢવાવાળા એવા છે કે પોતે કુર્આન તેમના પર લા'નત કરે છે.''**

ઉલમા ફર્માવે છે, આ વઈદના પાત્ર ત્રણ પ્રકારના લોકો છે : **(૧)** બે અમલ કારી (કુર્આન પઢનાર) **(૨)** પોતાના તરફથી કુર્આનની તફસીર કરનારા **(૩)** કુર્આને મજીદને તજવીદના (કાયદા) વિરુધ્ધ ગલત પઢનારા.

મુહર્રિરે ફન અલ્લામા જઝરી 'અન્નશ્ર'માં ફર્માવે છે, હઝરત જુવેર ઝહ્હાકથી મરવી છે. ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું, કુર્આનને મુજવ્વદ કરો! (તજવીદ સાથે પઢો!) અને તેને સારા અવાજોથી ઝીનત આપો તથા તેને ખૂબ સ્પષ્ટ (સાફ સાફ) પઢો. હા, બેશક! તે સ્પષ્ટ છે, અને અલ્લાહ તઆલા પસંદ ફર્માવે છે કે તેને સ્પષ્ટ પઢવામાં આવે.

ઈલ્મે તજવીદમાં મહાન દરજજો ધરાવતા અલ્લામા શમ્સુદીન અબુલ્ખૈર મુહમ્મદ બિન અલ્જઝરી પોતાની સુપ્રસિદ્ધ કિતાબ 'અલ્ મુક્દ્દમતુલ્ જઝરિયા'માં ફર્માવે છે, "કુર્આન મજીદને તજવીદ સાથે પઢવું એટલા માટે જરૂરી છે કે અલ્લાહ તઆલાએ કુર્આનને તજવીદ સાથે નાઝિલ ફર્માવ્યું છે અને આપણા સુધી પણ કુર્આન તજવીદ સાથે જ પહોંચ્યું છે."

અલ્લામા જલાલુદ્દીન સિયૂતી 'અલ્ ઈત્કાન ફી ઊલૂમિલ્કુર્આન'માં ફર્માવે છે, અર્થાત : "એમાં શંકા નથી કે જે રીતે મુસલમાનો પર કુર્આનના અર્થને સમજવું અને તેના પર અમલ કરવું એક ઈબાદત છે અને આ તેમના પર ફર્ઝ કરવામાં આવ્યું તેમ જ કુર્આનના અલ્ફાઝ (શબ્દો)ને સહીહ તરીકા પર પઢવું અને તેના હર્ફોને એ રીત મુજબ ઉચ્ચારવું પણ લાઝિમ તથા ફર્ઝ છે જે રીતનો ઉચ્ચાર ઈલ્મે કિર્અતના ઈમામોએ નબીએ કરીમ ﷺથી આપણા સુધી પહોંચાડયો છે."

અલ્લામા મક્કી 'નિહાયતુલ્કવલિલ્મુફીદ'માં ફર્માવે છે : "તહકીક (યકીનન!) તજવીદના વાજિબ હોવા પર ઝમાનાએ નબવીથી લઈ આપણા જમાના સુધી ઉમ્મતે મા'સૂમા એકમત રહી છે, કોઈએ પણ આ (તજવીદના વાજિબ હોવા)માં વિરોધ ન કર્યો અને આ (સહમતિ) મજબૂત દલીલોમાંથી એક ઘણી જ મજબૂત દલીલ છે."

ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "કુર્આનની સુનિશ્ચિત આયતો, નબી ﷺની મુતવાતિર હદીષો, સહાબા, તાબઈન, તમામ અઈમ્મએ કિરામ عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ના ઈજમાઅ (સહમતિ)થી 'તજવીદ' હક્ક અને વાજિબ તથા અલ્લાહ તઆલાની શરીઅતનો દીની ઈલ્મ છે.

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

**وَرَتِّلِ الْقُرْاٰنَ تَرْتِيْلًا** "અને જરૂર કુર્આનને તરતીલ સાથે પઢો." *(ફતાવા રઝવિય્યહ્, પેજ–૧૧૮, ભાગ–૩, રઝા એકેડમી–મુંબઈ)*

ઉપરોક્ત વિગતો તથા હકીકતોથી સાબિત થયું કે સરકારે મદીના મહબતે વહયો સકીના ﷺ અને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَના પવિત્ર યુગથી આ જમાના સુધી તમામ તાબઈન, તબ્એ તાબઈન, મુફસ્સિરીન, મુહદ્દિષીન, મુજતહિદીન, ફુકહા, કુર્રા, મુજવ્વિદીન અને ઉલ્માએ રબ્બાનિય્યીન **તજવીદ અને કિર્અતના ફર્ઝ તથા વાજિબ હોવા પર એકમત રહ્યા છે.** અને નમાઝમાં કિર્અત એટલે કુર્આન પઢવું ફર્ઝ છે તો આ ફર્ઝના સહીહ તરીકા પર અદા થવા માટે કિર્અત તજવીદનું શીખવું અત્યંત અનિવાર્ય થઈ જાય છે. તજવીદ વગર કિર્અત સહીહ થવી શકય નથી અને **આ નમાઝ પઢાવનાર, પઢનાર તથા દરેક નમાઝી માટે જરૂરી છે** એટલા માટે કે ફર્માને રસૂલ ﷺ છે : "જરૂરતનો ઈલ્મ દરેકે જાણવો ફર્ઝ છે."

અલ્લામા સદરુશ્શરીઅહ્ ફતાવા શામીના હવાલાથી બયાન ફર્માવે છે : **જરૂરતના ફિક્હી મસાઈલ જાણવા 'ફર્ઝે ઐન' છે અને જરૂરતથી વધુ મસાઈલ શીખવા કુર્આન મોટે કરવાથી ઉત્તમ છે.** *(બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૧૮)* આ'લા હઝરત અઝીમુલ બરકત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે, "દરેક વ્યક્તિ પર તેની મૌજૂદ જરૂરતના મસાઈલ શીખવા ફર્ઝે ઐન છે.

તો અત્યાર સુધીના વર્ણનથી માલૂમ થયું કે

જરૂરત પૂરતો ઈલ્મે તજવીદ શિખવો ફર્ઝે ઐન છે.

### ★ તરતીલ એટલે શું ? ★

મૌલાએ કાએનાત હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ તરતીલની વ્યાખ્યા કરતાં ફર્માવે છે : ''કુર્આનના હરૂફને સહીહ મખ્રજ (ઉચ્ચાર, ઉદ્‌ભવ સ્થાનથી) અને સિફાત (ખૂબીઓ) સાથે અદા કરવા તથા વક્ફ (અટકવા)ના સ્થળો તથા સ્થિતિઓને જાણવાનું નામ તરતીલ છે.'' અને તજવીદ એ કાયદાઓને કહેવામાં આવે છે જેમનાથી કુર્આનના હુરૂફ સહીહ અદા થાય.

### ★ તજવીદ વિરુધ્ધ પઢવાથી થતાં નુકસાનો ★

તજવીદના ખિલાફ પઢવામાં આવે તો તેનાથી લહન (ગલતી) લાઝિમ આવે છે. લહનના બે પ્રકાર છે : **(૧)** પ્રથમ એ કે હર્ફ બદલાય જાય અથવા કાયદા વિરુધ્ધ તેમાં વધારો ઘટાડો કરવામાં આવે અથવા ઝબર, ઝેર, પેશ, જઝ્મ અને તશ્દીદ વિગેરેમાં ફેર બદલ થાય એને **લહ્ને જલી** કહેવામાં આવે છે જેમ કે وَلَا الضَّالِّيْنَ ને وَلَا الدَّالِّيْنَ અથવા وَلَا الظَّالِّيْنَ ( ض ને د અથવા ظ થી બદલીને) અને نَسْتَعِيْنُ ને نَسْتَاعِيْنُ અને اَنْعَمْتَ ને اَنْعَمْتُ વિગેરે પઢવું, આવી ગલતી કરનાર ગુનેહગાર થાય છે અને આ હરામ છે, આવી ગલતીથી અર્થ બગડી જાય છે. અથવા શબ્દનો અનર્થ થઈ જાય છે જે સદંતર નાજાઈઝ છે. **(૨)** અને જે સિફતો હુરૂફની ઝીનત તથા સજાવટ માટે હોય છે તે અદા ન થાય તો એને '**લહ્ને ખફી**' કહેવામાં આવે છે જેમકે પુર હુરૂફને બારીક પઢવા, ઈખ્ફાની જગાએ ઈઝ્હાર અથવા ઈઝહારની જગાએ ઈદગ઼ામ વિગેરે કરવું, આનાથી પણ બચવું જરૂરી છે કારણ કે આ મકરૂહ બલ્કે હરામ છે.

નીચેના કોઠા પરથી સમજી શકાય છે કે તજવીદ (સહીહ ઉચ્ચાર) સાથે કુર્આન પઢવું કેટલું મહત્વનું છે કે અમુક ઠેકાણે તો અર્થ બદલાતાં કેવળ નમાઝ જ ન તૂટે બલ્કે કુફ્ર પણ લાગુ થઈ શકે છે ! જેથી **જે લોકો ગુજરાતી લિપિમાં કુર્આન, દુઆઓ પઢે છે તેમણે સારા કારીને તે સંભળાવી ઉચ્ચારો સહીહ કરીને જ પઢવું જોઈએ, નહીં તો ક્યાંક સવાબને બદલે અઝાબ ન વહોરી બેસે.**

### ★ સહીહ ઉચ્ચાર ન કરવાથી અર્થ બદલાય જતાં નમાઝ થશે નહીં ★

તજવીદ વગર નમાઝમાં કુર્આન શરીફ પઢવાથી અગર એવી ભૂલ થઈ જેનાથી અર્થ બદલાઈ જાય તો નમાઝ ફાસિદ થઈ જશે અને નમાઝ થશે નહીં.

### તજવીદના અભાવે કુર્આની આયતોના અર્થમાં થતા ફેરફારની એક ઝલક

| ★ ગલત ★ | | ★ સહી ★ | |
|---|---|---|---|
| જૂનુ થવું | اَلْهَمْدُ (ه) | પ્રશંસા | اَلْحَمْدُ (ح) |
| દુઃખ પીડા આપવાવાળો | رَبِّ الْاَلَمِيْنَ (ا) | સમગ્ર જગતનો પાલનહાર | رَبِّ الْعٰلَمِيْنَ (ع) |
| અમે જંગલી બનીએ છીએ | نَئْبُدُ (ء) | અમે તારી જ ઈબાદત કરીએ છીએ | نَعْبُدُ (ع) |
| અમે થાકી જઈએ છીએ | نَسْتَئِيْنُ (ء) | અમે તારાથી મદદ માંગીએ છીએ | نَسْتَعِيْنُ (ع) |
| જેમના પર તું ધીમેથી રડયો | اَنْئَمْتَ عَلَيْهِمْ (ء) | જેમના પર તેં એહસાન ફર્માવ્યું | اَنْعَمْتَ عَلَيْهِمْ (ع) |
| રસ્તો બતાવનારાઓના રસ્તે ન ચલાવ | وَلَاالدَّالِّيْنَ (د) | ગુમરાહોના રસ્તે ન ચલાવ | وَلَاالضَّالِّيْنَ (ض) |
| ખાણુ ખાઓ | كُلْ (ک) | આપ ફર્માવી દો | قُلْ (ق) |
| તે અલ્લાહ કમજોર છે | هُوَاللّٰهُ اَهَدٌ (ه) | તે અલ્લાહ એકલો છે | هُوَاللّٰهُ اَحَدٌ (ح) |

**મસ્અલા** : અગર એક હર્ફની જગાએ બીજો હર્ફ એ કારણે અદા થતો હોય કે પઢનારની ઝબાનથી તે હર્ફ અદા નથી થતો **તો એ મજબૂર છે, તેના માટે જરૂરી છે કે તે સતત (જીવનભર) કોશિશ કરે,** અને અગર લાપરવાઈના કારણે આમ થાય છે જેમ કે આજકાલના ઘણા હાફિઝો, આલિમોની હાલત છે કે અદા કરી શકે છે પણ **બે ખયાલીમાં હર્ફ બદલી નાખે છે, તો અર્થ બદલાય જાય તો નમાઝ નહીં થાય. આવી જેટલી નમાઝો પઢી હોય તેની ક઼ઝા જરૂરી છે.**

**મસ્અલા** :ت ط، ظ ز ذ، ع ء ا، ح ه، ذ ظ ض ص ث سઆ હર્ફોમાં સારી રીતે ફરક઼ થવો જોઈએ, નહીં તો અર્થ બગડવાની સ્થિતિમાં નમાઝ નહીં થાય અને અમુક તો ك ق، ج ز، ش سમાં પણ ફરક઼ નથી કરતા.

**મસ્અલા** : જેનાથી હુરૂફ સહ઼ીહ઼ અદા ન થતા હોય તેના પર **વાજિબ** છે કે હુરૂફ સહ઼ીહ઼ અદા કરવા માટે રાત દિવસ સંપૂર્ણ કોશિશ કરે, અને સહીહ પઢવાવાળાઓ પાછળ નમાઝ પઢી શકતો હોય તો બને ત્યાં સુધી એમના પાછળ પઢે અથવા **તે આયતો પઢે જેમના હુરૂફ સહીહ અદા કરી શકતો હોય.** અને આ બંને શક્ય ન હોય તો કોશિશના જમાનામાં તેની પોતાની નમાઝ થઈ જશે અને તેના પાછળ તેના જેવાઓની. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

**મસ્અલા** : જેણે સુબ્હાન રબ્બીયલ અઝીમ سُبْحَانَ رَبِّیَ الْعَظِیْمમાં عَظِیْمَના ظને ز પઢયો તો નમાઝ જતી રહી, માટે જેનાથી عَظِیْم સહીહ અદા ન થાય તે سُبْحَانَ رَبِّیَ الْكَرِیْم પઢે.

**અફસોસ** ! ઈંગ્લેન્ડ અમેરિકા જવા તથા દુનિયાવી પ્રગતિ કરવા માટે ઈંગ્લિશ કોચીંગ તથા કોમ્પ્યુટર કલાસિસ માટે તો આપણે સમય સાથે નાણા પણ ખપાવી દઈએ છીએ પરંતુ **દીન તથા દુનિયામાં સફળ બનાવતા એક દીની ફર્ઝનો નિઃશુલ્ક (મફત મળતો) ઈલ્મ હાંસલ કરવાની આપણને રજ બરાબર ચિંતા નથી થતી ! આ છે આપણી દીનથી મહોબ્બત ! આ છે આપણી આખેરતની ચિંતા !**

**અફસોસ !** દુનિયવી માલ મત્તાનું સહેજ નુકસાન આપણે સહન ન કરી શકીએ, ધંધાદારીમાં પાઈ પાઈનો હિસાબ આપણે રાખતા હોઈએ પરંતુ સંપૂર્ણ ઈમાન બાદ ફર્ઝ થતી ઈબાદતોમાં સૌથી અગત્યની અને અતિ મહત્વ ધરાવતી ઈબાદત નમાઝ જે અહમ્મુલ્ ફરાઈઝ છે તેમાં થતા નુકસાનને આપણે જાણી બુઝીને કશાય અજંપા તથા રંજ વિના સ્વીકારી લઈએ છીએ !

### ★ ઈમામો સાથે તેમના વાલીઓ, ટ્રસ્ટીઓની પણ પકડ થશે ! ★

**યાદ રાખજો !** આ ગુનાહમાં પડીને નમાઝ પઢાવતા હાફિઝ, આલિમ, ઈમામની સાથો સાથ સાથે તેમના વાલીઓ, તેમની પાછળ નમાઝ પઢતા નમાઝીઓ, મદરસા તથા મસ્જિદના સંચાલકો, ટ્રસ્ટીઓ પણ બરાબરના સહભાગી છે.

**કા....ર....ણ.... ?! :-**

- ★ તજવીદ વગર નમાઝ તથા તરાવીહ પઢાવનાર એટલા માટે મુજરિમ કે તેમણે તજવીદનો ઈલ્મ કેમ પ્રાપ્ત ન કર્યો ?
- ★ વાલીઓએ દુનિયવી એજ્યુકેશનની જેમ આ દીની ફર્ઝને પૂરો કરવા પોતાની ઔલાદ પર ધ્યાન કેમ ન આપ્યું ?
- ★ મદરસા તથા મસ્જિદના સંચાલકો–ટ્રસ્ટીઓએ તજવીદ સાથે સહીહ કુર્આન તથા નમાઝ પઢાવતા હાફિઝ, કારીની વ્યવસ્થા કેમ ન કરી ?
- ★ આવા આલિમ, હાફિઝ, ઈમામ પાછળ નમાઝ પઢવાવાળાઓએ જાણવા છતાં પોતાની નમાઝોને કેમ બર્બાદ કરી ?

રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે, **"તમારામાંથી દરેક જવાબદાર છે અને તમારામાંથી દરેકને તેના હેઠળ રહેવાવાળાઓ વિશે પૂછપરછ થશે."** વિચારો ! આપણી પાસે ત્યારે શું જવાબ હશે ? હે મુસલમાનો ! પોતાની ઈબાદતોને બર્બાદ ન કરો !

અલ્લાહ તઆલા ફર્માવે છે, لَا تُبۡطِلُوۡٓا اَعۡمَالَكُمۡ "પોતાના અમલોને બર્બાદ ન કરો." **તજવીદના ક઼ાયદા વિરુધ્ધ કુર્આન પઢવાથી નમાઝ થતી નથી, ફરીથી પઢવી વાજિબ છે, તો પછી એ નમાઝોને બર્બાદ કરવું નથી તો શું છે ?** કેટલાક લોકો પ્રશ્ન કરે છે કે અમે પાબંદીથી વરસોથી નમાઝો પઢીએ છીએ, નફ્લો પઢીએ છીએ છતાં કાંઈ ફાયદો કેમ જણાતો નથી ! તો જાણી લો કે જ્યારે નમાઝ થતી જ નથી તો પછી ફાયદો શાનો ? જરા વિચારો તો ! કાલે ક઼યામતના દિવસે સહીહ થવાના ભરમમાં પઢેલી આવી નમાઝો આપણા મોઢા પર મારી દેવામાં આવશે તો પસ્તાવા સિવાય આપણી પાસે બીજું કાંઈ નહીં હોય, જે છૂટકારા માટે આપણે રજૂ કરી શકીએ.

**★ હાલમાં થતા શબીનાઓના હાલ ! ★**

સામાન્યતઃ ૨૭મી રમઝાન પછી ઠેકઠેકાણે શબીનામાં બે દિવસ ખત્મે કુર્આનના પ્રોગ્રામો થાય છે. ત્યાં આખી રાત સવાબની ઉત્સાહી અવામ બીચારી સવાબની નિય્યતે ઉભી રહી કુર્આન સાંભળે છે પણ મોટા ભાગે ખટાખટ અને ફટાફટ કુર્આન પઢનારા હાફિઝો જલ્દી પૂરુ કરવાની ધાડમાં તજવીદનો લેહાઝ કરતા નથી. જેથી એ સૌની મહેનતો બેકાર જતી જણાય છે, અને વ્યવસ્થા કરનારનો ખર્ચો એળે જાય છે. હા ! જ્યાં કાયદેસર તરતીલ સાથે કુર્આન પઢાતુ હશે તેઓની આ વાત નથી. પણ સામાન્યતઃ એકસપ્રેસ જેમ પઢાય છે ! જેનો કોઈ જ અર્થ જણાતો નથી. વળી એવું પણ જોયું કે મખરજની કે આયતની ભૂલ કાઢનાર સાથે જ શબીના પઢનાર હાફેઝજી ઝઘડો કરવા લાગ્યા ! હવે આપ સમજી શકો છો કે આનાથી કયો લાભ થશે.

**★ જરૂર પૂરતું તજવીદ શીખવું કાંઈ અઘરૂ નથી ! ★**

કેટલાક વિચારે છે કે હવે આ ઉમ્મરે ક્યાં શીખવા જઈએ ? નોકરી–ધંધામાં ફુરસદ નથી, સમય ક્યાંથી કાઢીએ ?! પણ એટલુ સમજો કે જ્યારે તમે તજવીદ (સહીહ ઉચ્ચારથી કુર્આન પઢવા) વિશેની અગત્યતા સમજી ગયા, તો આખેરતની ચિંતા સાથે જો તમે સહીહ ઉચ્ચાર ન જાણતા હોઉ તો આજથી જ સાવધાન થઈ જાવ અને કેવળ ૧૫ મિનિટનો સમય અલ્લાહને ખાતર કાઢીને રોજ કોઈ જાણકાર, હાફિઝ, ક઼ારી કે આલિમ પાસે જાવ. સામાન્યતઃ મોટા ભાગના ઉચ્ચારો તો કુદરતી સહીહ જ નીકળતા હોય છે, મોટા ભાગે س તથા ش તેમજ ث તથા صમાં અને ظ-ط-ض-ك-ق-خ વગેરેમાં જ ગરબડ થતી હોય છે. તો કમસે કમ તેના મખરજ જાણી શીખીને **વધુ નહીં તો નમાઝમાં કામ લાગે એવી અમુક આયતો જ તો છેવટે શીખી લો જેથી નમાઝ તો દુરુસ્ત થઈ જાય.** અને બાળકોને દુનિયાવી તા'લીમ માટે કે જેથી તેની **દુનિયા કામયાબ થાય** એ માટે ઊંચી ઊંચી સ્કૂલોમાં, કોલેજો ભણાવો છો, સવાર સાંજ ટયૂશનો અપાવો છો, દૂર દૂર મોકલો છો તો **આખેરત આબાદ થાય** તે માટે આ તજવીદ કે કુર્આન સહીહ ઉચ્ચારથી પઢે તે શીખવવા કાંઈ જ નહીં કરો ?!

કેટલાક લોકો ગુજરાતી લિપિમાં પંજ સૂરહ તથા કુર્આન પઢે છે, કહે છે કે અમને અરબી નથી આવડતું તો શું કરીએ ?! તો તેઓ પણ કોઈપણ ભોગે અરબી પઢતાં શીખે, દીનની મહોબ્બતની ભાવના સાથે શીખશે તો વાર નહીં લાગે, પણ કેવળ ગુજરાતી જોઈને પઢશે તો ચોક્કસ ગલત પઢશે અને એમાં કાંઈ લાભ થવાનો નથી, કારણ કે અરબીમાં જોઈને પઢવામાં પણ અરબી ઉચ્ચાર માટે કાળજી રાખવી પડે છે તો ગુજરાતીમાં ક્યાંથી ખબર પડશે કે ع તથા ا અને ت તથા ط અને ك તથા ق વગેરે માટે કયા ગુજરાતી અક્ષરો છે ?! માટે અવશ્ય અરબી શીખે અને અરબી ન જ આવડતુ હોય તો કુર્આનની આયતોને કેવળ આંગળી ફેરવીને જુએ તો પણ સવાબ મળશે, પણ ગલત પઢવાથી તો કાંઈ જ મળશે નહીં. બસ ! સમજદારો માટે આટલી વાતો પૂરતી છે, અલ્લાહ દરેકને હક્ક઼ સમજવાની તૌફીક઼ આપે. (આમીન)

# ૧૫ પંદરમા ફિક્હી સેમીનારના વિષયો, ચર્ચાઓ તથા ફેંસલા

**સંપાદક :** મોહક્કિકે મસાઈલે જદીદા **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી**
*(સદર મુફ્તી ફત્વા વિભાગ અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારકપુર)*

રજૂકર્તા : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** (સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

અલ્ જામિઅતુલ અશ્રફિયાની મજલિસે શરઈ હેઠળ પંદરમો ફિક્હી સેમીનાર ૧૮, ૧૯, ૨૦ સફર હિ.સ. ૧૪૨૯ અને ૨૬, ૨૭, ૨૮ ફેબ્રુઆરી, ઈ.સ. ૨૦૦૮ના દિવસોમાં અલ્ જામિઅલતુલ્ અશ્રફિયાની ઈમામ અહમદ રઝા લાઈબ્રેરીના સેમીનાર હોલમાં આયોજીત કરવામાં આવ્યો જે ગત તમામ ચૌદ સેમીનારની જેમ ઘણી સફળતાપૂર્વક તથા કામયાબીની સાથે સંપૂર્ણ થયો. સેમીનારના આરંભમાં અઝીઝે મિલ્લત હઝરત અલ્લામા શાહ અબ્દુલ હફીઝ સાહબ કિબ્લા (સરબરાહે આ'લા અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારકપુર)એ સ્વાગત પ્રવચન કર્યું અને સદારતનો ખુત્બો સદરુલ ઉલ્મા હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબ કિબ્લા (પ્રિન્સિપાલ અલ્ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર)એ પેશ કર્યો જ્યારે કે સેમીનારની કુલ ૬ (છ) બેઠકોમાં નિઝામતની જિમ્મેદારી મજલિસે શરઈના વ્યવસ્થાપક (નાઝિમ) મોહક્કિકે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી મિસ્બાહી (સદર મુફ્તી ફત્વા વિભાગ અલ્ જામિઅતુલ અશ્રફિયા, મુબારકપુર)એ અંજામ આપી. આ સેમીનારમાં ત્રણ વિષયો ઉપર બહસો કરવામાં આવી :–

(૧) **તબીબ (ડોક્ટર) માટે ઈસ્લામ તથા તક્વા (પરહેઝગારી)ની શરત**

(૨) **મસ્જિદોમાં મદરસાઓનું ક઼ાયમ કરવું (સ્થાપિત કરવું)**

(૩) **નેટ વર્ક માર્કેટિંગ શરીઅતની દૃષ્ટિએ**

પ્રથમ વિષય ઉપર ૪૯ લેખો (મક઼ાલાઓ) તથા બીજા વિષય ઉપર ૪૮ લેખો પ્રાપ્ત થયા અને ત્રીજા વિષય ઉપર ત્રીસ લેખો મજલિસને પ્રાપ્ત થયા. આ સેમીનારમાં લગભગ ૫૬ ઓલમાએ કિરામ તથા મુફ્તિયાને એઝામે લેખિત ભાગ લીધો હતો તથા અન્ય ૪૧ ઉલમાએ કિરામ જેમણે લેખિત ભાગ તો ન લીધો પરંતુ તેમની કિંમતી તથા ફાયદામંદ માલૂમાતભરી બહસો પરિપૂર્ણ સાબિત થઈ. આ તમામ ઓલમાની રહનુમાઈ માટે બુઝુર્ગ ઓલમાએ કિરામની જમાઅત પણ ઉપસ્થિત રહી હતી. આ બુઝુર્ગ હસ્તીઓના નેતૃત્વ હેઠળ ઓલમાએ કિરામ તથા ફુક઼હાએ એઝામે ત્રણ વિષય ઉપર ખૂબ બારીકી તથા માલૂમાતથી ભરપૂર બહસો કરી અને તમામની સહમતિથી નિમ્ન લેખિત ફેંસલાઓ તથા પરિણામો રજૂ કરવામાં આવ્યાં છે.

## તબીબ તથા ડોક્ટર માટે ઈસ્લામ અને તક઼્વા (પરહેઝગારી)ની શરત

દવા, ઈલાજ તથા ઉપચાર એક ઈન્સાની જરૂરત છે, પરંતુ દરેક વ્યક્તિ પોતે તેની મહારત નથી ધરાવતો જેના કારણે તે કોઈ તબીબ અથવા ડોકટરનો સહારો લે છે. ડોકટરની સલાહો તથા ટ્રીટમેન્ટ મુજબ અમલ કરવો સાધારણ રીતે એક દુનિયાવી મામલો છે, પરંતુ અમુક પરિસ્થિતિઓમાં ઈલાજ તથા ડોકટરની સલાહ મુજબ અમલ એક દીની મામલો થઈ જાય છે અથવા તેની સાથે સાથે દીની અમલની દખલગીરી થઈ જાય છે. જેમ કે એક વ્યક્તિ આંખની બીમારીમાં સપડાયેલો છે, તે કોઈ તબીબ અથવા ડોકટર પાસે ઈલાજ માટે જાય તો ડોકટર તેને સૂચના કરે છે કે જો તમે રુકૂઅ તથા સિજદા વગેરેમાં માથુ નમાવશો તો બીનાઈ તથા જોવાની શક્તિથી (દૃષ્ટિ શક્તિ)થી વંચિત થઈ જશો, અથવા તમારી બીમારી અંતિમ સીમાએ પહોંચી જશે જેથી તેની સારવારમાં ઘણો સમય લાગશે.

એ જ પ્રમાણે કોઈ ડોકટર રમઝાન માસમાં કોઈ બીમારને દવા ખાવાની તાકીદ કરે અને સૂચન કરે કે

જો તમે દિવસમાં આ દવા તાત્કાલિક નહીં લો તો જાનનો ખતરો છે અને બીમારી વધી જવાની આશંકા છે. આવી પરિસ્થિતિઓમાં ઈલાજનો સંબંધ કાંઈક તો ડાયરેક્ટ ઈબાદત તથા દીન સાથે જોડાઈ જાય છે, અથવા એક આધારથી તેનો સંબંધ દીન સાથે થઈ જાય છે. આવી સ્થિતિમાં દર્દી માટે ડોકટરની સૂચના મુજબ અમલ કરવા સંબંધે ફુકહાએ કિરામે સ્પષ્ટતા કરી છે કે ડોકટરનું મુસલમાન તથા તક્વાવાળા (પરહેઝગાર) અથવા સાધારણ રીતે દીનદાર હોવું જરૂરી છે. પરંતુ વર્તમાનકાળમાં હિંદુસ્તાન અને દુનિયાના વધારે પડતા દેશોમાંની પરિસ્થિતિ એ છે કે ઉપરોક્ત શરતો તથા ખૂબીઓ ધરાવનાર ડોકટર સાધારણ રીતે જોવા મળતા નથી જેથી મજબૂર થઈને મુસલમાન દરેક પ્રકારના ડોકટરો પાસે દરેક પ્રકારની સારવાર તથા ઈલાજ કરાવે છે અને ડોકટરની દરેક પ્રકારની સલાહો ઉપર અમલ કરે છે.

**સવાલ** : એ ઊભો થાય છે કે એ આધુનિક યુગમાં પણ તબીબ તથા ડોકટર માટે નિષ્ણાત હોવાની સાથે મુસલમાન અને પરહેઝગાર અથવા સામાન્ય રીતે દીનદાર હોવું જરૂરી છે કે નહીં ?

**જવાબ** : **(૧)** એવી સ્થિતિ જેમાં શરઈ ઉઝર (શરઈ વાંધા) વિના કોઈ નાજાઈઝ કામ જેમ કે નાપાક, નજિસ અથવા હરામ વસ્તુઓ વડે ઈલાજ, ખતરનાક ઓપરેશન, નમાઝ, રોઝા વિગેરેને તોડવાનો હુકમ અથવા તેને છોડી દેવાનો હુકમ તથા દાઢીનું મૂંડાવવું વગેરે જેવાં કામો ન કરવાં પડે, તો આવી સાધારણ સ્થિતિઓમાં ગૈર મુસ્લિમ ડોકટરો પાસે બે પ્રકારના ઈલાજ થાય છે. **એક** : બાહ્ય (ખારજી ઈલાજ) **બીજો** : આંત્રિક : (દાખિલી) ઈલાજ. બાહ્ય ઈલાજ : જેમ કે સાંધાઓની માલિશ વગેરે જેમાં ડોકટર કોઈ ચિકિત્સા સંબંધી અપ્રમાણિક્તા તથા બદ્ખ્વાહી (જાણી જોઈને કાંઈક નુકસાન થાય તેવું) ન કરી શકે. આંત્રિક તથા હાર્દિક ઈલાજ : જેમાં ચિકિત્સા સંબંધી ખયાનત તથા બદ્ખ્વાહીની આશંકા હોય છે.

**બાહ્ય ઈલાજ** : કાફિર પાસે મુત્લકન (દરેક પ્રકારની) સારવાર જાઈઝ છે જેવી રીતે કે તેનાથી ખરીદો વેચાણ જાઈઝ છે.

**આંત્રિક ઈલાજ** : એ પણ કાફિર પાસે જાઈઝ છે જ્યારે કે પરિસ્થિતિ તથા વાતાવરણ ખરાબ તથા પૂર્વગ્રહ (અદાવતવાળુ) ન હોય. તથા બીજી પરિસ્થિતિઓમાં પણ જ્યારે એ ખબર હોય કે તે મુસલમાનો સાથે પૂર્વગ્રહ તથા કીનો નથી રાખતો અને દિલ તેની પાસે ઈલાજ કરાવવા ઉપર સંતુષ્ટ થઈ જાય, અને જો તે બદ્મઝહબ હોય તો તેના નિષ્પક્ષપણાની અધિક તપાસ તથા પરખ કરી લેવી જરૂરી છે ખાસ કરીને ઉલમાએ કિરામ તથા અહલે સુન્નતની જિમ્મેદાર હસ્તીઓએ આ બાબતે ઘણી સાવચેતી કરવી જોઈએ.

**(૨)** વિશેષ પરિસ્થિતિઓમાં એટલે કે જ્યારે તબીબ અથવા ડોકટર ઈલાજ દરમ્યાન કોઈ એવી સૂચના કરે જેનો સંબંધ સ્પષ્ટ રીતે દીની મસાઈલને લગતી બાબતો સાથે હોય, જેવી રીતે કે તેનાથી કોઈ ઈબાદતને છોડવું અથવા નાપાકી દ્વારા ઈલાજ કરવો, આવી પરિસ્થિતિઓમાં મૂળ હુકમ એ છે કે ડોકટર અથવા તબીબ (૧) હાઝિક (નિષ્ણાત, અનુભવી) હોય (૨) મુસલમાન હોય (૩) પરહેઝગાર મુત્તકી અથવા સાધારણ રીતે દીનદાર હોય. પરંતુ દીનદાર તબીબો (ડોકટર)ની ઘણી અછત અને સખત જરૂરતના કારણે અત્યારે ફાસિક્ અને કાફિર તબીબ ડોકટર પાસે ઈલાજ કરાવવાની ઈજાઝત છે, પરંતુ એ શરતની સાથે કે ખૂબ વિચાર કર્યા બાદ દર્દીનું દિલ એ વાત ઉપર જામી જાય અને સંતુષ્ટ જાઈ જાય કે આ ડોકટર જાણી જોઈને કોઈ એવા ઉપચાર કે ઈલાજનો ઉપયોગ નથી કરતો જેના કારણે એક મુસલમાનને કોઈ હરામ કાર્યનો સહારો લેવો પડે. હા, જ્યારે ફાસિક્ (મુસ્લિમ) માહિર (અનુભવી) ડોકટર ઉપ્લબ્ધ હોય તો ગૈર મુસ્લિમ પાસે ઈલાજ કરાવવાથી પરહેઝ કરે.

**(૩)** જો ઈલાજનો સંબંધ એવી બાબતો સાથે હોય જેના હેઠળ એવા મસ્અલાઓ તથા કાર્યો સંબંધિત હોય જેના થકી દીની વાતો સાબિત થતી હોય (જેમ કે રોઝો રાખવો ન રાખવો, વુઝૂ કરવું ન કરવું, તથા નમાઝ

વિશે... વગેરે) તો એવા પ્રકારના કાર્યો તથા મસ્અલાઓમાં ફાસિક તથા કાફિરની ખબર મોઅતબર તથા શરઈ રીતે માન્ય છે. એટલા માટે આવી પરિસ્થિતિમાં પણ તેમની પાસે ઈલાજ કરાવવો જાઈઝ છે, જ્યારે કે મુસ્લિમ દર્દીને પાકુ ગુમાન (પાકી ખાત્રી) હોય કે આ ડોકટર તથા નિષ્ણાતની સૂચના ડોકટરી ઈલાજ તથા સારવાર સંબંધી ફાયદાઓ અને ક઼ાયદાઓના મુજબ જ છે, જાણી જોઈને કોઈ હરામ કાર્યમાં સપડાવવાનો તેનો મક઼સદ નથી.

સેમીનારમાં એક સવાલ એ હતો કે મુસલમાન હોવાની અને તક઼વા (પરહેઝગારી) તથા જાહેરી દીનદારીની શરતો એટલા માટે લાગુ પાડવામાં આવી હતી કે તેમની (નિષ્ણાત તથા ડોકટરોની) સલાહો ઉપર ભરોસો થઈ શકે અને બીમારીની ઓળખમાં તેમની સલાહ ઉપર ઈત્મિનાન તથા સંતોષ થઈ શકે. પરંતુ અત્યારે આધુનિક ડોકટરી સાધનો તથા સારવારનાં મશીનો માહિર તથા મુત્તક઼ી ડોકટર તથા નિષ્ણાતનું બીમારીની પરખ માટે સ્થાન લઈ શકે છે કે નહીં ?

આ સવાલના જવાબમાં એ બતાવવામાં આવ્યું કે આધુનિક યંત્રો તથા મશીનોના ઉપયોગ પછી એક રિપોર્ટ તૈયાર થાય છે જે રિપોર્ટ મશીન ચાલક લખીને તેયાર કરે છે, ત્યાર બાદ ડોકટર તેની ઉપર ભરોસો કરી તેના આધારે ઈલાજ તથા ટ્રીટમેન્ટ નક્કી કરે છે. રિપોર્ટમાં ભૂલ હોય તો ઈલાજ પણ ખોટો થઈ શકે છે. એટલા માટે રિપોર્ટ તૈયાર કરનારનું નિષ્ણાત તથા અનુભવી હોવું જરૂરી છે. એ જ પ્રમાણે તેનું નિષ્પક્ષ હોવું તથા ક઼ૌમવાદી ન હોવું પણ જરૂરી છે. આ મશીનોનો રિપોર્ટ માત્ર મામલાઓના વિષયથી સંબંધિત હોય છે. મામલાત (દુનિયવી બાબતો)માં ફાસિક઼ તથા કાફિરની ખબર માન્ય છે. એટલા માટે ઉપરોક્ત શરત રિપોર્ટ તૈયાર કરનારનું માહિર અનુભવી, નિષ્પક્ષ તથા ક઼ૌમવાદી ન હોવાથી શરત સાથે આ રિપોર્ટ પણ માન્ય રાખવામાં આવશે. આ વાત પણ યાદ રહે કે કેટલીક બીમારીઓ જેમ કે હાડકુ અથવા કોઈ અંગ વધી જવું અથવા તેનું ફ્રેકચર થઈ જવું વગેરે તો આવી સ્થિતિઓમાં મશીનો દ્વારા ચોક્કસપણે જાહેર થઈ જાય છે. અને કેટલીક બીમારીઓની સ્થિતિ આવા (આધુનિક) મશીનોના માહિર પોતાના જ્ઞાન તથા અનુભવના પ્રકાશમાં નક્કી કરે છે. કેટલીક બીમારીઓમાં તેમને પોતે પણ શક થવા માડે છે. અને તબીબો તથા ડોકટરો આવા રિપોર્ટો તથા અન્ય બીજી નિશાનીઓ અને અનુભવો દ્વારા કોઈ ચોક્કસ પરિણામ સુધી પહોંચે છે. અને ક્યારેક તો તેઓ પણ શંકા કુશંકામાં પડી જાય છે. ત્યારે કેટલાયે નિષ્ણાત ડોટકરો ભેગા મળીને સલાહ મશ્વેરા દ્વારા ચોક્કસ પરિણામ સુધી પહોંચીને તેનો ઉકેલ કાઢે છે. આ તફસીલ તથા વિગતવાર વર્ણનનો મક઼સદ એ છે કે ડોકટરી તથા સારવાર સંબંધી પ્રગતિઓ તથા આધુનિક્તાઓ હોવા છતાં આજે પણ આવા મશીનોએ દર્શાવેલ રિપોર્ટ દરેક મામલામાં યક઼ીન (ચોક્કસપણે) અથવા નિશ્ચિત ખાત્રીનો ફાયદો નથી આપતો.

**એક સવાલ** : એ પણ હતો કે જે સ્થિતિઓમાં મુસલમાન દર્દી તથા બીમાર તબીબ તથા ડોકટરની સૂચના અને પોતાના ઝન્ને ગાલિબ (ચોક્કસ ધારણા) ઉપર અમલ કરવા બાબતે કોઈ ઈબાદત તર્ક઼ કરે તો ત્યાર બાદ તેને શું કરવું પડશે ?

આ સવાલનો જવાબ એ આપવામાં આવ્યો હતો કે સવાલમાં દર્શાવેલ સ્થિતિમાં ઈબાદત છોડવાના કારણે તે ગુનેહગાર થશે નહીં અને જો તેણે રોઝો તોડયો છે તો રોઝો તોડવાનો કફ્ફારો તેના ઉપર લાગુ નહીં પડે, પરંતુ તે રોઝાની ક઼ઝા જરૂર ફર્ઝ રહેશે. એ જ પ્રમાણે જો ફર્ઝ અથવા વાજિબ નમાઝ છોડી છે તો તેની પણ ક઼ઝા ફર્ઝ અથવા વાજિબ રહેશે. અલ્લાહ તઆલા બેહતર જાણનાર છે.

## મસ્જિદોમાં મદરસાઓની સ્થાપ્ના

એ વાતમાં કોઈ શંકા નથી કે દીની તા'લીમ એક મહાન દીની કાર્ય અને અલ્લાહનું ઝિક્ર છે, એટલા માટે અહદે રિસાલત (રસૂલે પાકના જાહેરી જમાનામાં) ઝમાનાએ સહાબા તથા ત્યાર પછીના યુગમાં પણ મસ્જિદોમાં તા'લીમનો રિવાજ હતો પરંતુ આ તા'લીમ તથા શિક્ષણ કોઈ દુનિયાવી ઉજરત (બદલો, પગાર) તથા વઝીફા વિના માત્ર ખાલિસ

અલ્લાહના માટે જ થતી હતી, તો આ પ્રકારની તા'લીમ જાઈઝ હોવા બલ્કે સુન્નત હોવામાં તો કાંઈ કહેવાપણુ તથા વાંધો નથી. પરંતુ જે તા'લીમ કોઈ મોઅલ્લિમ તથા શિક્ષક ઉજરત તથા પગાર લઈને આપે છે તે માત્ર કેવળ અલ્લાહના માટે નહીં રહે, બલ્કે એક દુનિયાવી કાર્ય થઈ જાય છે. અને મસ્જિદમાં દુનિયવી કાર્ય નાજાઈઝ તથા ગુનો છે એટલા માટે આ બાબતે મૂળ હુકમ તો એ જ છે કે જો કોઈ પગારદાર મોઅલ્લિમ તથા ઈલ્મ શીખવાડનાર મસ્જિદમાં બેસીને તા'લીમ આપે તો એ જાઈઝ નથી, પરંતુ સવાલ એ છે કે બાળકોને ઈલ્મે દીન શિખવવો જરૂરી છે. અને એના માટે જ મદરસાઓની સ્થાપ્ના કરવામાં આવે છે, પગારદાર મોઅલ્લિમોની તેમજ બીજી જરૂરતોની વ્યવસ્થા કરવામાં આવે છે. પરંતુ એવા વિસ્તારો પણ હોય છે જ્યાં કોઈ એવી જમીન અથવા જગા સરળતાથી પર્યાપ્ત નથી હોતી જેના ઉપર ક઼ાયદેસર તા'લીમી કાર્ય અંજામ આપવામાં આવે, અને જો આ અગત્યના કામને (જગાના અભાવે) તરછોડી મૂકવામાં આવે તો પ્રથમ તો ઈસ્લામી બાળ કોની દીન પ્રત્યેની અજ્ઞાનતાનું વર્તુળ વધતુ જશે. બીજી વાત એ કે તેમના દીની અક઼ાઈદ તથા અમલોની સુરક્ષાની સલામતી પણ ખતરામાં પડી જશે. બલ્કે સારી તા'લીમ ન હોવાના કારણે તેઓ મોટા થઈને ગુમરાહી તેમજ બદ્અમલીના શિકાર થઈ જતા પણ જોવા મળશે. તો જ્યાં આવી સ્થિતિ ઉભી થઈ જાય તો ત્યાં જો મસ્જિદમાં પગારદાર મોઅલ્લિમ તથા શિક્ષક દ્વારા દીની તા'લીમનો પ્રારંભ કરવામાં આવે તો એ જાઈઝ છે કે નહીં ?

તેના જવાબમાં સેમીનારમાં શરીક ઓલમાની સમંતિ છે કે જ્યારે શરઈ હાજત તથા જરૂરત ઉપસ્થિત થઈ જાય તો સવાલમાં દર્શાવેલ પરિસ્થિતિમાં મસ્જિદમાં દીની તા'લીમ જાઈઝ છે, પરંતુ કોશિશ હોવી જોઈએ કે જલ્દીથી જલ્દી માધ્યમોની વ્યવસ્થા કરીને મસ્જિદથી બહાર કોઈ અન્ય સ્થાને મદરસો ક઼ાયમ કરવામાં આવે, અને અલગથી મદરસો બનાવવાની વ્યવસ્થા થઈ ગયા પછી મસ્જિદને પગારદાર મુઅલ્લિમની તા'લીમના કામમાં ઉપયોગ કરવામાં ન આવે. હુઝૂર મુફ઼્તીએ આ'ઝમ અલ્લામા શાહ મુસ્તફ઼ા રઝા ખાન ક઼ાદરી બરેલ્વી رحمۃ اللہ علیہએ મદરસા મઝહરે ઈસ્લામની સ્થાપ્ના સૌ પ્રથમ બીબીજી મહોલ્લા બેહરીપુર–બરેલીમાં કરી હતી. બાદમાં મસ્જિદની પાસેની જમીનમાં ક઼ાયમ કર્યો. મુંબઈની અંદર મૌલાના સૈયદ હામિદ અશરફ઼ સાહબ رحمۃ اللہ علیہએ સૌ પ્રથમ બાઉલા મસ્જિદમાં દર્સગાહની સ્થાપ્ના કરી જે ઉદ્ઘાટન સમારોહમાં હાફિઝે મિલ્લત મૌલાના શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہએ શિર્કત ફ઼ર્માવી હતી અને અને મુજાહિદે મિલ્લત અલ્લામા શાહ હબીબુર્રહ્માન ક઼ાદરી અબ્બાસી رحمۃ اللہ علیہએ ઈલાહાબાદમાં મસ્જિદે આ'ઝમની અંદર મદરસા હબીબીયાની સ્થાપ્ના કરી હતી.

હવે સવાલ એ છે કે જરૂરતે શરઈય્યા અથવા શરઈ હાજત ક્યારે ઉપસ્થિત થશે ? અને કઈ સ્થિતિમાં હાજતે શરઈયા માનવામાં આવશે ? તો આ સવાલ તરફ઼ ટૂંકમાં ઈશારો ઉપરોક્ત સવાલમાં તથા તેના જવાબમાં ગુજર્યો. તેમ છતાં જ્યારે કોઈ મસ્જિદમાં પગારદાર દીની તા'લીમની વ્યવસ્થાની જરૂરત પડે તો જિમ્મેદાર તથા ટ્રસ્ટના આગેવાનો થકી કોઈ ભરોસામંદ દારુલ ઈફ઼્તા અથવા મુફ઼્તીનો સંપર્ક કરી પરિસ્થિતિની જાણ કરવામાં આવે અને તે મુફ઼્તી અથવા દારુલ ઈફ઼્તાના સભ્યો પરિસ્થિતિની તપાસ તથા છાનબીન કર્યા બાદ જ્યારે બતાવે કે આ સ્થિતિમાં હાજતે શરઈય્યા તથા શરઈ જરૂરત મૌજૂદ છે, ત્યારે દર્સગાહ ક઼ાયમ કરવી સહીહ તથા જાઈઝ છે, અને ત્યાં દીની તા'લીમના સિલસિલાનો પ્રારંભ કરવામાં આવશે.

**બીજો સવાલ** : એ હતો કે જે જમીન મસ્જિદ બનાવવા માટે વક઼્ફ઼ કરવામાં આવી તેના એક ભાગ ઉપર મસ્જિદિયત સંપૂર્ણ થતા પહેલાં અથવા મસ્જિદિયત સંપૂર્ણ થયા બાદ કોઈ મદરસાની તા'મીર કરવી જાઈઝ છે કે નહીં ?

તેના જવાબમાં સેમીનારમાં શરીક ઓલમાની એ વાત ઉપર સહમતિ છે કે જે જમીન મસ્જિદ બનાવવા

માટે વકફ થઈ છે, એટલે કે હમેશાં માટે નમાઝ ખાતર લોકોના હવાલે કરી દેવામાં આવી તેના ઉપર મદરસાની તા'મીર કરવી (બાંધકામ) કોઈ પણ સંજોગમાં જાઈઝ નથી, કેમ કે આ વકફ (કરેલ વસ્તુ)ને બદલવું કહેવાશે અને વકફ કરેલ વસ્તુમાં બદલાવ તથા હેરફેર નાજાઈઝ છે. આ ઉપરાંત મસ્જિદના મૂળ હેતુ (અસલ મક઼સદ) જે ઈસ્લામી શિઆરને ક઼ાયમ કરવું (એટલે કે નમાઝ બાજમાઅત) છે, તેનાથી ખાલી કરવું પણ છે, જે હરામ છે. સાથો સાથ વકફ કરનારના મક઼સદની વિરુધ્ધ પણ છે, અને એ પણ હરામ છે.

એ વાત ધ્યાનમાં રહે કે જરૂરતના સમયે મસ્જિદોમાં ઉજરત ઉપર તા'લીમ આપવી તે ઈજાઝત અલગ છે. અને મસ્જિદને મદરસો બનાવી આપવો અથવા મસ્જિદની તા'મીર માટે વકફ થયેલ જમીન ઉપર મદરસાની ઈમારત બનાવવું અલગ વાત છે, બંને વચ્ચેનો ફર્ક જાહેર છે.

**માખઝ** : આ બાબતે ચર્ચામાં ફતાવા આલમગીરી, દુર્રે મુખ્તાર, ઈશ્બાહ....વગેરે ફિક઼્હી કિતાબોના હવાલા રજૂ થયેલા.

ફતાવા રઝવિય્યહ્‌માં વકફે મસ્જિદના બયાનમાં છે : જે જમીન મસ્જિદથી સંબંધિત છે તેને મસ્જિદના કામમાં લઈ શકાય છે અને મસ્જિદના પણ તે જ કામમાં જેના માટે વાક઼િફ (વક઼ફ કરનારે) વક઼ફ કરી છે. વક઼ફ (કરેલ વસ્તુ)ને તેના મક઼સદથી બદલી નાખવી જાઈઝ નથી. વક઼ફ કરનારે જો મદરસો બનાવવાની ઈજાઝત ન આપી તો ત્યાં આમ મદરસો પણ નથી બની શક્તો ન કે ખાસ. અને જો આમ મદરસો બનાવવાની ઈજાઝત આપી હોય તો પણ કોઈ ક઼ૌમને ખાસ પોતાનો મદરસો ક઼ાયમ કરવાની ઈજાઝત નથી. જો ઈજાઝત વિરુધ્ધ આ પ્રમાણેનો તસર્રુફ (હેરફેર) કરશે તો ગાસિબ (હડપ કરનાર) કહેવાશે અને તે ઈમારત ધ્વસ્ત કરી દેવાના ક઼ાબેલ થઈ જશે. ધ્વસ્ત કર્યા બાદ જે કાંઈ ઈંટો વગેરે હોય તેના માલિક તે જ લોકો રહેશે જેમણે ઈમારત બનાવડાવી હતી. (અલ્લાહ બેહતર જાણનાર છે.) *(ફતાવા રઝવિય્યહ્‌, પેજ–૪૯૬, ભાગ–૬, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

અહીંયા મસ્જિદયત સંપૂર્ણ થયાનો મતલબ તેની ઈમારતનું બાંધકામ સંપૂર્ણ થવું નથી બલ્કે તેનો મતલબ મસ્જિદે શરઈ થઈ જવું છે. અને મસ્જિદે શરઈ તે જમીન કહેવાય જેને નમાઝ માટે વક઼ફ કરવામાં આવી હોય અને મુસલમાનોને તેમાં હમેશાં માટે નમાઝ પઢવાની પરવાનગી આપવામાં આવી હોય. હવે જો વક઼ફ કરનારે કેવળ જમીન ઉપર મુસલમાનોને હમેશાંના માટે નમાઝ પઢવાની પરવાનગીની સાથે જમીનને મુસલમાનોના હવાલે કરી આપી તો મસ્જિદિયત સંપૂર્ણ થઈ ગઈ. અને જો પહેલાં ઈમારત બનાવે ત્યાર બાદ મુસલમાનોના હવાલે કરીને આ પ્રમાણેની ઈજાઝત સાથે તો તે સમયે મસ્જિદિયત સંપૂર્ણ ગણાશે. (અલ્લાહ બેહતર જાણનાર છે.)

**નોંધ** : અહીં ફતાવા આલમગીરી, ફતાવા ક઼ાઝીખાન, હિદાયહ, રદ્દુલ મુહતાર વગેરેના હવાલા પેશ કરવામાં આવ્યા.)

**ત્રીજો સવાલ** : એ હતો કે મસ્જિદનું બાંધકામ થઈ ગયા બાદ તેની બાકી રહેલ જમીનના ભાગને ભાડેથી દઈ શકાય છે કે નહીં ?

આ સવાલના જવાબમાં એ વાત ઉપર સૌનો ઈત્તેફાક઼ (સહમતિ) થયો કે મસ્જિદની તામીર થઈ ચૂક્યા પછી બાકી રહેલ (વધારાની) જમીનની હૈસિયત સામાન્ય રીતે ફનાએ મસ્જિદની થઈ જાય છે, જો વધી પડેલી જમીન ફનાએ મસ્જિદ છે તો તેને ભાડેથી આપવી જાઈઝ નથી કેમ કે ફનાએ મસ્જિદની હુર્મત (તા'ઝીમ તથા અદબ) મસ્જિદ સમાન છે. ફનાએ મસ્જિદનો મતલબ મસ્જિદની સાથે જ આસપાસની એવી જમીન કે તે જમીન અને મસ્જિદ દરમ્યાન (વચ્ચે) કોઈ પણ જાતનો રસ્તો ન હોય.

**નોંધ** : અહીં પણ ફતાવા આલમગીરી, ગુન્યહ વગેરેના હવાલા રજૂ થયા.

[**નેટવર્ક માર્કેટિંગ શરીઅતની દષ્ટિએ** : આ સંબંધે 'બરકાતે ખ્વાજા' માસિક, ઓગસ્ટ–૨૦૦૮માં રજૂઆત થઈ ચૂકી છે. –તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)]

## બરકાતે ખ્વાજાની ટપાલ — કાર્યાલય

**★ મુંબઈનો એક નવયુવાન અજમેરમાં ઈમાન લાવ્યો ! ★**

અજમેર શરીફ : તા. ૧૦–૭–૦૮ છટ્ઠી શરીફની શબે જુમ્આમાં ઉદય ગેસ્ટ હાઉસના ટેરેસ પર મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી બુલબુલે બાગે મદીના જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅતો મન્કબતનો પ્રોગ્રામ પેશ કર્યા. જેમાં તૌબાની ફઝીલત પરના બયાન દરમ્યાન ૧૦૦ ખૂનો કરનાર બની ઈસ્રાઈલના શખ્સની તૌબાનો વાક્યો બયાન કર્યો, તો અંતમાં એક અજાણ્યો શખ્સ અલ્હાજ કારી રિઝવાન સાહબ પાસે આવ્યો અને કહ્યું કે હું ગૈર મુસ્લિમ છું જો હું તૌબા કરી મુસલમાન થાઉં તો હું તો મશ્હૂર વલી ખ્વાજા ગરીબ નવાઝ (رحمۃ اللہ علیہ)ના શહેરમાં જ છું તો અલ્લાહ મારી તૌબા કબૂલ કરશે ! તો કારી સાહબે તરત જ કહ્યું કે તું કેવળ એકવાર કલ્મો પઢી લે પછી જો કે ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના સદકામાં રબની રહમત કેવી તારા પર વરસે છે ! પછી એને તરત કલ્મો પઢાવી મુસલમાન કર્યો અને તેનું નામ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ હઝરત ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہના નામ પરથી "હારૂન" રાખ્યું. એ શખ્સ મુંબઈનો ૨૦–૨૨ વરસનો યુવાન હતો. સૌ હાજરજનોએ નારા બુલંદ કરી એ શખ્સને ઈમાનની દૌલત મળવા પર મુબારકબાદ આપી. ખરેખર ! કહેવું જ પડે કે, "ફયૂઝાને ગરીબ નવાઝ આજ ભી જારી હૈ !" *(રજૂ. ઉષ્માનગની મુબલ્લિગ–વડોદરા)*

**★ થામમાં વાર્ષિક જલ્સાનું ભવ્ય આયોજન ★**

"દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ"નો ૩૪મો તથા 'જામિઆ સિદ્દીકા અલ્ બનાત'નો ૧૧ મો વાર્ષિક જલ્સો તા. ૧૦–૮–૨૦૦૮ના રોજ યોજાયો. સવારમાં મર્દોનો જલ્સો હઝરત સૈયદ હશ્મત અલી બાપુ મજુમિયા બરકાતીની સદારતમાં યોજાયો જેમાં પીરે તરીકત હઝરત અલ્લામા મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા સાહબ તથા જનાબ મૌલાના હબીબુલ્લાહ સાહબ વસોવાળા તથા જનાબ મૌલાના ઈદરીસ સાહબ બાલાસીનોરીએ ઈમાન અફરોઝ બયાનો કર્યા. ઝહોર બાદ ઔરતોના ઈજતેમામાં ૩૯ ફાઝિલા તથા ૭૦ આલિમા થનાર બહેનોએ રિદાએ ફઝીલત અર્પણ કરવામાં આવી જેમાં મોહતરમા ખદીજા આપા (સૂરત)એ નૂરાની બયાન કર્યું હતું. જલ્સો ખૂબ શાનદાર કામ્યાબ રહ્યો હતો. (રજૂ. હાફેઝ અબ્દુલ્લાહ ઝંઘારવી–થામ)

**★ દયાદરામાં જશ્ને ગરીબ નવાઝ ! ★**

દયાદરા મુકામે સુલ્તાનુલ્ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ઉર્સના મુબારક મૌકા પર રાત્રે ઈશા બાદ "જશ્ને ખ્વાજા ગરીબ નવાઝ" મનાવાયો જેમાં શેરે સૌરાષ્ટ્ર, ખલીફાએ તાજુશ્શરીહ, આલે રસૂલ વ નાઈબે રસૂલ હઝરત અલ્લામા મૌલાના સૈયદ સલીમબાપુ બેડીવાળા (જામનગર) સાહબે શાને ખ્વાજામાં ઈમાન અફરોઝ ખિતાબ ફર્માવ્યો હતો. બીજા દિવસે સવારમાં અકુજી હોલમાં આમ ન્યાઝ રાખવામાં આવી હતી.

**★ જશ્ને ઈમામે આ'ઝમ ★**

૨ શાબાન બરોઝ પીર દયાદરા મુકામે અસરની નમાઝ બાદ મુખ્તારુલ મસાજિદ (નૂરાની) મસ્જિદ ખાતે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની યાદમાં "જશ્ને ઈમામે આ'ઝમ" મનાવાયો જેમાં દારુલ ઉલૂમ ગૌષિયા–મુંબઈના મુફતી હઝરત મૌલાના મુફતી ઝુબૈર સાહબે (એડિટર : સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક અંક) ઈમામે આ'ઝમની શાનમાં તથા ગૈર મુકલ્લિદની રદમાં શાનદાર બયાન કર્યું હતું અને એ જ રાત્રે ઈશા બાદ **નૂરાની મસ્જિદ–જંબુસર** ખાતે પણ એ જ વિષયે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

**ભરૂચ** : મહાન બુઝુર્ગ હઝરત હાજી પીર કિરમાની رحمۃ اللہ علیہના ઉર્સના મૌકા પર તા. ૨૩–૭–૨૦૦૮ના રોજ ઈશાની નમાઝ બાદ "મેહફિલે સમાએ નઅતે પાક"નો શાનદાર પ્રોગ્રામ થયો જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–વડોદરા જનાબ સુલ્તાન રઝા સાહબે અનોખા અંદાઝમાં નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા. (રજૂ. મોઈનુદ્દીનભાઈ–હાજી પીર કિરમાની મહોલ્લા–ભરૂચ)

**★ નંદરબારમાં જશ્ને દસ્તારબંદી ★**

તા. ૧૨–૮–૨૦૦૮ મંગળવારે મગરિબ બાદથી રાતના લગભગ સાડા દસ સુધી આલમી તેહરીક સુન્ની

દા'વતે ઈસ્લામી હેઠળ ચાલતા ''દારુલ ઉલૂમ ચિશ્તિયા''ના પ્રથમ દસ્તારબંદીના જલ્સામાં ત્રણ હાફિઝ થનારા તલબાની દસ્તારબંદી કરવામાં આવે. પ્રોગ્રામ શાહઝાદાએ આ'લા હઝરત, નવાસાએ મુફતીએ આ'ઝમે હિંદ, હઝરત અલ્લામા અલ્હાજ મન્નાન રઝા સાહબ (મન્નાની મિયાં, હુઝૂર તાજુશ્શરીઅહ્‌ના ભાઈ)ની સરપરસ્તીમાં, ઝેરે હિમાયત પીરે તરીકત હઝરત અલ્લામા મૌલાના સૈયદ અબૂબકર મિયાં કાદરી (સજ્જાદાનશીન : ખાનકાહે ગૌષિયા, નંદરબાર) થયો. જેમાં હઝરત મન્નાની મિયાં સાહબ તેમજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર રઝવી નૂરીનાં ઈમાન અફરોઝ ઈન્કિલાબી બયાનો થયાં. નિઝામત જનાબ અલ્હાજ હાફિઝ અમીન સાહબ નિગરાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી (સૂરત)એ સંભાળી હતી.

**ગોંડલ** : કલંદર કમિટી આયોજીત ૩૪ સમૂહ શાદીનું ભવ્ય આયોજન તા. ૧૨–૧૦–૨૦૦૮ના રોજ રાખવામાં આવેલ છે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૦–૮–૨૦૦૮ છે. તો રસ ધરાવનારાઓ વધુ વિગત માટે જનાબ અલ્હાજ સૈયદ મીઠા મિયાં બાપુ નાગાણી (મો. ૯૯૨૪૭ ૭૮૬૯૨) સાથે સંપર્ક કરે.

**★ શાદીખાના આબાદી ★**

**નબીપુર** : મુકામે જનાબ ગુલામ અલી આદમ મૂસા કડુજી (તંત્રી : બરકાતે ખ્વાજા માસિકના મામા)ની નેક દુખ્તર તસ્લીમાબાનુની શાદી તા. ૨૮–૭–૨૦૦૮ બરોઝ પીર નબીપુર મુકામે નેક ફરઝંદ સરફરાઝ (S/o. મૂસા વલી પટેલ, ચિશ્તિયા મસ્જિદ પાસે–તાંદલજા) સાથે રાખવામાં આવી. દુલ્હા–દુલ્હન તથા બંનેનાં વાલિદૈન કુટુંબીજનોને મુબારકબાદ ! રબ્બે કરીમ તેમને બંને જહાનમાં ખુશો ખુર્રમ તથા આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વોરાસમની** : હાજી વલીભાઈ માસ્તરના નેક ફરઝંદ લુકમાન હકીમ (મુન્ના)ની શાદી ''સીરીનબાનુ (D/o. ઐયૂબ હાજી ઈબ્રાહીમ શેઠ) સાથે તા. ૨૭–૭–૦૮ના રોજ પારખેત મુકામે રાખવામાં આવી. આગલા દિવસે અકુજી હોલ–દયાદરામાં મહેમાનોની દા'વત થઈ હતી. દુલ્હા–દુલ્હન કુટુંબીજનો ખૂબ ખૂબ મબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**★ મદદની અપીલો ★**

**વારાહી** : શાહમદાર બોર્ડીંગ મદરસા ફયૂઝે મદાર, કંડલા હાઈવે, મુા. વારાહી તા. સાંતલપુર, જિ. પાટણ, પિન. ૩૮૫૩૬૦ (મો. ૯૮૯૮૯૧૯૯૧૭) ખાતે અતિ પછાત વિસ્તારમાં બાળકોની પ્રાથમિક ભણવા પઢવાની વ્યવસ્થા બોર્ડિંગ સાથે ચાલે છે. બાળકોની મફત રહેવા જમવા વગેરે સગવડ થાય છે. માધ્યમિક શાળાના ૫ રૂમો બનાવવા જરૂરી છે. તો રમઝાન માસમાં ભરપૂર સહાય કરવા અપીલ છે.

**વઢવાણ સીટી** : ''દારુલ ઉલૂમ ફયૂઝે મુફતીએ આ'ઝમ'' (અબોલ પીર ચોક, વઢવાણ સીટી, જિ. સૂરેન્દ્રનગર) ચાલે છે જેમાં બહારના તલબા રહે છે તેમને જમવા રહેવા વગેરે સગવડ સાથે દીની તા'લીમ ચાલે છે તો લિલ્લાહ, ઝકાત, સદકા વગેરેથી ઉપરોક્ત સરનામે સહાય કરવા અપીલ છે.

*(રજૂ. અ. સત્તાર રઝવી, ખાદિમે ઈદારા)*

**મોરબી** : હુસૈની કમિટી (સુન્ની) ઠે. ૮–લાટી પ્લોટ સામે, મોરબી–૩૬૩૬૪૧ (મો. ૯૮૨૫૧ ૩૩૨૭૪) જે ૩૩ વરસોથી દીની સુન્ની કિતાબો છપાવી મફત વહેંચે છે તો આપણી આ કમિટીને જરૂરથી લિલ્લાહ, ઝકાત, સદકા વગેરે મોકલી સહાય કરશો.

*(રજૂ. મેહબૂબભાઈ પીલુડીયા–મોરબી)*

**ભરૂચ** : મદરસાએ ગૌષિયા–સાબેના પાર્ક, વીજળી નગર પાસે ભરૂચ ખાતે મદસાનું બાંધકામ અપૂર્ણ છે તો તમારા તથા તમારાં મર્હૂમોના સવાબ અર્થે આ કામોમાં સાથ સહકાર કરવા નમ્ર અપીલ છે. (રજૂ. હસનભાઈ મૂસાભાઈ, ફોન : ૦૨૬૨–૩૨૧૬૦)

**★ મર્હૂમો માટે દુઆની અપીલ ★**

**લંડન** : મુકામે તા. ૪–૮–૨૦૦૮ બરોઝ પીર જનાબ અતાઉલ્લાહ વલી યુસુફ બાજીભાઈ (દયાદરા)નાં અહલિયા રહીમાબેન અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. જનાબ ઈબ્રાહીમ બાજીભાઈ થકી રૂા. ૫૦૦૦/– **અંજુમને રઝાએ મુસ્તફા દયાદરા**ને મર્હૂમાના સવાબ અર્થે મળ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના હબીબ પાક ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. કુટુંબીજનો સબ્રે

જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

**વાગરા** : મુકામે જનાબ હાફેઝ હાજી અહમદ સાંસરોદવાળાનો ઈંતેકાલ તા. ૨૮–૭–૨૦૦૮ બરોઝ પીર થયો છે. મર્હૂમ દીનદાર, ચુસ્ત સુન્ની અને દીની લાગણીવાળા હતા. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં તેમની મગફેરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે જનાબ હાજી યૂસુફભાઈ છીપાના પુત્ર ઈકબાલભાઈ છીપાનો તા. ૩૦–૭–૨૦૦૮ના રોજ ઈંતેકાલ થયો છે. તથા જનાબ મુહમ્મદ યૂસુફ તૈયરા (વોરાસમનીવાલા)નો તા. ૭–૮–૨૦૦૮ના રોજ ઈંતેકાલ થયો છે. મૌલા તઆલા તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં તેમની મગફેરત ફર્માવે. કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : રાજ નસરુદ્દીન (રાજભાઈ) ઓરા, હાલ : અલફલાહ પાર્ક ભરૂચના વાલિદ સાહબ (રાયસંગ)નો ઈંતેકાલ તા. ૨૮–૭–૨૦૦૮ બુધવારે ૨૪–રજબ–હિ.સ. ૧૪૨૯ના થયો. જેમના સવાબ અર્થે રૂા. ૨૫૧/–બરકાતે ખ્વાજા (માસિક)ને લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : જનાબ મુહમ્મદભાઈ સિદીકભાઈ (મોટા નાગોરીવાડ–ભરૂચ) તરફથી **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ને રૂા. ૧૫૦૦/– ઝકાત મળેલ છે. જઝાકલ્લાહ ! મૌલા કરીમ તેના હબીબ ﷺના સદકામાં તેમની નેકી કબૂલ ફર્માવે, રોજી રોજગારમાં બરકત આપે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ભરૂચ ખાતે બરકાતે ખ્વાજા–માસિકના ગ્રાહક થવા માટે

★ જનાબ હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા, જે–૩૬, રોયલ પાર્ક, મનુબર રોડ, મો. ૯૪૨૭૧ ૩૦૨૭૩

★ તયબાહ સ્ટેશનરી, રોશન પાર્ક, જંબુસર બાયપાસ રોડ, ભરૂચ

★ માસ્તર હનીફભાઈ અરગામાવાળા,ઠે. આઈશા મસ્જિદ, રોશન પાર્ક–ભરૂચ, મો. ૯૭૨૫૭ ૭૧૨૫૮

★ હેપ્પી ગારમેન્ટ (બાબુભાઈ), કતોપોર બજાર, ફોન : ૨૬૬૧૪૦

★ ઈન્ડિયન ફૂટવેર, મુન્શી મીઠાઈ નીચે, રેલ્વે સ્ટેશન સામે, ફોન : ૨૬૪૫૬૦

★ મદની ઈલેકટ્રીક વર્કસ, રૂંગટા સ્કૂલ સામેની ગલી, પૃથ્વી માર્કેટ, સ્ટેશન રોડ, મો. ૯૮૨૪૭ ૭૪૮૩૭

### દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદમાં

## તલબાના પ્રવેશ સંબંધે જાહેરાત

આથી **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** (ઠે. ચાર રસ્તા, મુ. આમોદ, જિ. ભરૂચ) તરફથી જાહેરાત કરવામાં આવે છે કે રમઝાન બાદ ૧૦–શવ્વાલથી તા'લીમી વર્ષનો પ્રારંભ થશે, તો તેમાં હાફિઝ, આલિમ કલાસમાં એડમિશન મેળવવા ઈચ્છતા તાલિબે ઈલ્મો માટે ૧૦–શવ્વાલના રોજ ટેસ્ટ રાખવામાં આવેલ છે, તેમાં સફળ થનારને જ દાખલો મળશે. જેથી દર્શાવેલ તારીખે એટલે ૧૦–શવ્વાલે હાજર રહેવા વિનંતિ છે. ચાલુ વર્ષ દરમ્યાન એડમિશન આપવામાં આવશે નહીં. આલિમ કલાસમાં એડમિશન મેળવનાર માટે ઉર્દૂ લખતાં વાંચતાં તેમજ બોલતાં આવડવું અનિવાર્ય છે તથા હિફઝમાં પ્રવેશ મળવનારા માટે નાઝરા મુકમ્મલ તથા દીનિયાતનું જ્ઞાન હોવું જરૂરી છે, નહીં તો પ્રવેશ મળશે નહીં.

*લિ. અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*

## કોમ્પ્યુટર તથા ઈંગ્લિશ ટિચિંગ માટે સુન્ની દીનદાર ટીચર સંપર્ક કરે

**દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદ** (મુ. આમોદ, જિ. ભરૂચ) ખાતે નવા વર્ષથી કોમ્પ્યુટર તથા ઈંગ્લિશ હાફેઝ–આલિમ તથા તલબાના કોર્સમાં દાખલ થશે. ઈન્શાઅલ્લાહ ! એ માટે આ બંને કલાસ ચલાવી શકે તેવા સુન્ની દીનદાર અનુભવી ટીચરની જરૂરત છે લાયકાતવાળા ઉપરોક્ત સરનામે સંપર્ક કરે. *લિ. અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ*

સંપર્ક ફોન : **૦૨૬૪૨–૨૮૦૦૧૧, ૦૨૬૪૧–૨૪૬૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭**

## દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ

**ગયા માસે સહકાર કરનાર સખીદાતાઓ**

| | |
|---|---|
| ★ જનાબ અલ્તાફ મૂસા | ૧ ન્યાઝ |
| ★ એક મુસ્લિમભાઈ (દયાદરા) | ૧ ન્યાઝ |
| ★ જનાબ સીરાજ રાણા (આમોદ) | ૧ ન્યાઝ |
| ★ જનાબ ઈકબાલભાઈ (દાહોદ) | ૧ ન્યાઝ |
| ★ જનાબ નિષારભાઈ શેખ (કોસંબા) | ખીરપુરી |
| ★ જનાબ નઝીર લહેરી (દયાદરા) | ૧ બકરો |
| ★ જનાબ શફીકભાઈ અસુરિયા | ૧ બકરો |
| ★ હાફેઝ યૂનુસ ઝંઘારવાળા | ૧ બકરો |
| ★ જનાબ સૈયદ ઝીશાન (ભોલાવ) | ૧ પાડો |

**પ્રિય વાંચકો ! તમો પણ દારુલ ઉલૂમોને પ્રસંગોપાત ન્યાઝ વગેરે કરી આ રીતે સહાયરૂપ થશો.**

## દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ

ઠે. રયહાન નગર, બાવા રયહાન દરગાહ પાસે, ફોન : (૦૨૬૪૨) ૨૫૫૭૦૮ (મો.) ૯૮૨૪૧ ૩૬૨૫૭

ભરૂચ શહેરના ઐતિહાસિક રૂહાની સ્થળ હઝરત બાવા રયહાન رحمۃ اللہ علیہના રૂહાની સાયામાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ફયઝાનથી ચાલતા આપણા આ દારુલ ઉલૂમમાં હાફિઝ, આલિમ, ઈમામતના વર્ગો ચાલે છે જેમાં પઢતા તલબા માટે રહેવા, જમવા, દવા વગેરેની સગવડ મફત કરવામાં આવે છે, તો આપના તરફથી લિલ્લાહ, ઝકાત, સદકા, ખૈરાત, કુર્બાનીની ખાલો, ન્યાઝ વગેરેની રકમો મોકલી જરૂરથી ભરપુર સહાય કરશો તેવી અપીલ છે.

*લિ. અરાકીને દારુલ ઉલૂમ ગુલશને અજમેર ભરૂચ*


## વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા

વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ (મનીબેક ગેરેંટી)

સંપર્ક કરો :- **ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨,

**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮


## લેખ હરીફાઈ............

વિષય : **ઈસ્લામમાં સાચા બોલીનું મહત્વ અને આપણે**

દારુલ ઉલૂમ, મદરસા, સ્કૂલ, કોલેજના તલબા (વિદ્યાર્થીઓ) ભાગ લે અને દીન માટે કલમ ચલાવે. તા. **૧૨/૧૦/૨૦૦૮** સુધીમાં લેખ મોકલવો.

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## નસવાડીમાં દીની દુનિયાવી તા'લીમ કેન્દ્રની સ્થાપ્ના

સુન્ની મુસ્લિમ બાળકોની દીની દુનિયાવી સહીહ તર્બિયત (કેળવણી) માટે **"ફયઝાને આ'લા હઝરત ટ્રસ્ટ"** સંચાલિત "મદરસાએ ફયઝાને આ'લા હઝરત" શરૂ કરવાનું કામકાજ હાથ ધરવામાં આવ્યું છે. મદરસામાં રહેવા, જમવા, દવા, કિતાબો વગેરેની મફત સગવડ આપવામાં આવશે. ધોરણ ૩ થી ૧૦ સુધીનું દુનિયાવી શિક્ષણ ગામની હાઈસ્કૂલમાં આપવામાં આવશે. મદરસાના બાંધકામનો અંદાજિત ખર્ચ રૂપિયા ૩૫ લાખ છે. ૧૫-શાબાન બાદ (ઈન્શાઅલ્લાહ !) મદરસાના બાંધકામનું કાર્ય તુરત જ ચાલુ કરવાનું હોઈ તેમજ જૂન-૨૦૦૯થી સ્કૂલનું નવુ સત્ર શરૂ થતાં પહેલાં મદરસાના પહેલા માળનું બાંધકામ પૂર્ણ કરી મદરસાના બાળકોને દીની દુનિયાવી તા'લીમનું કાર્ય શરૂ કરવાનું હોવાથી તમામ સખી દાતા હઝરાતને ઉદાર દિલે ભરપૂર લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રા, ખયરાત તેમજ બાંધકામને લગતો જરૂરી સર સામાન, સિમેન્ટ, સળિયા, ઈંટો, કપચી, રેતી, સાગી બારી-બારણાં વિગેરે અપાવવા દર્દમંદાના અપીલ છે. સંપર્ક કરો :-

**મેમણ મુહમ્મદ હનીફભાઈ નૂર મુહમ્મદભાઈ**

C/o. મદરસાએ ફયઝાને આ'લા હઝરત, મેમણ કોલોની, મુ.પો. તા. નસવાડી, જિ. વડોદરા, ફોન : (૦૨૬૬૧) ૨૭૨૪૮૮


હોમિયોપેથીથી સારવારથી હઠીલા રોગો મટાડી શકાય છે જેમ કે :-

**મુત્રાશય રોગો** : પથરી, પિત્ત પથરી, કિડની રોગ **પેટના રોગો** : એસીડીટી, ડિસેન્ટ્રી, કબજીયાત **ફેફસાના રોગો** : શ્વાસ, દમારોગ, જૂની ખાંસી, શરદી **હાડકાના રોગો** : કમરનો દુઃખાવો, સાઈટીકા તથા સ્ત્રી પુરૂષના ગુપ્ત રોગો, વાળના રોગ વગેરે.... **આ તમામ રોગોના જૂના અને જાણીતા હોમિયોપેથીના સ્પેશ્યાલિસ્ટ : ડો. અ. અઝીઝ ડાબાણી**

મનપસંદ લેડીઝ ટેલર, ઈદગાહ મસ્જિદ સામે, નવાપરા, **ભાવનગર-૧**, મો. ૯૯૦૪૭ ૫૧૭૦૦

# શબે કદ્રની ઈબાદતો

❖ જેણે શબે કદ્રની રાતમાં ત્રણવાર **લાઈલાહ ઈલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ﷺ પઢયું તો પ્રથમ વાર પઢવાથી રબ તઆલા તેની મગફેરત ફર્માવી આપે છે, બીજીવાર પઢવાથી જહન્નમથી આઝાદ ફર્માવી દે છે અને ત્રીજીવાર પઢવાથી જન્નતમાં દાખલ ફર્માવે છે. (દુર્રતુન્નાસિહીન) ❖ શબે કદ્રમાં આસ્માનના દરવાજા ખોલી દેવામાં આવે છે. જે બંદો એમાં નમાઝ પઢે છે તો અલ્લાહ તઆલા તેની એક એક તકબીર (અલ્લાહુ અકબર)ના બદલામાં જન્નતમાં એવું સાયાદાર ઝાડ અતા કરે છે કે તેની નીચે ચાલનાર ૧૦૦ વરસ ચાલે છતાં તેનો સાયો પૂરો થશે નહીં. અને દરેક રકાતના બદલામાં જન્નતમાં એક મકાન મોતીઓ, યાકૂત, ઝબરજદ અને લૂઅ્ લૂઅ્ (ના પથ્થરો)નુ અતા કરશે. દરેક સલામ ફેરવવાના બદલામાં જન્નતી ચાદરોમાંથી એક ચાદર અતા કરશે. (દુર્રતુન્નાસિહીન) ❖ આ રાત્રે નમાઝની નિય્યતે ગુસ્લ કરશે તેના તમામ ગુનાહ માફ થશે, પગો ધોતા પહેલાં. ❖ રાત્રે જાગી ઈબાદત કરનારને ૨૭ હજાર સાલનો સવાબ મળશે તથા કબ્ર નૂરની રોશન થશે. ❖ ૭ વાર સૂરએ કદ્ર પઢે તો ૭૦ હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

## શબે કદ્રની નફ્લ નમાઝો

**૪ રકાત નમાઝ** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ત્રણ વાર અને 'કુલ્ હુવલ્લાહ' ૫૦ વાર. સલામ ફેરવ્યા બાદ સજદામાં જઈને ૧ વાર **"સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ અલ્લાહુ અકબર"** પછી જે દુઆ માંગશે તે કબૂલ થશે, ઈન્શાઅલ્લાહ.

**૪ રકાત** : દરેક રકાતમાં **'અલ્હમ્દુ'** પછી ૧ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૨૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો તે શખ્સ ગુનાહોથી એવો પાક થશે જાણે કે આજે જ પેદા થયો અને તેને રબ તઆલા જન્નતમાં હજાર મહેલ અતા કરશે.

**૨ રકાત** : બંનેમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૧ વાર અને **'કુલ્હુવલ્લાહ'** ૩ વાર પઢે તો અલ્લાહ તઆલા તેને શબે કદ્રનો સવાબ અતા કરશે અને તેના રોઝા કુબૂલ ફર્માવશે.

**૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૧૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. તેની રબ તઆલા મરતી વેળા સકરાત આસાન ફર્માવશે અને કબ્રનો અઝાબ દૂર કરશે.

**૨ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી **'ઈન્ના અન્ઝલ્ના'** ૭ વાર અને ૭ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને ઈસ્તિગફાર અને દુરૂદ ૧૦૦ વાર પઢે. રબ તઆલા આ પઢનારને તથા તેનાં મા બાપને બખ્શી આપશે.

**૪ રકાત** : દરેકમાં **'અલ્હમ્દુ'** પછી 'અલ્હાકુમુત્તકાસુર' ૧ વાર અને ૩ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે તો આ નમાઝ પઢનાર પર મૌતની સખ્તી આસાન થશે અને જન્નતમાં ચાર સુતૂન મળશે અને દરેક સુતૂન પર હજાર મહેલ હશે. (ગુન્યતુત્તાલિબીન)

★ હઝરત અલી كرم الله وجهه الكريم ફર્માવે છે : જે શબે કદ્રમાં ઈશાની નમાઝ બાદ ૭ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** પઢશે તો દરેક મુસીબતથી નજાત મળશે અને હજાર ફરિશ્તા તેના માટે જન્નતની દુઆ કરશે.

★ શબે કદ્રમાં સુબ્હ સાદિકની નજીક ૪ રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં 'અલ્હમ્દ' પછી ૩ વાર **'ઈન્ના અન્ઝલ્ના'** અને ૫ વાર **'કુલ્હુવલ્લાહ'** પઢે. નમાઝ પૂરી કરીને સજદામાં જઈ **૪૧** વાર **'સુબ્હાનલ્લાહ'** પઢે તેની તમામ હાજતો પૂરી થશે.

★ આ રાતમાં સલાતુત્તસ્બીહ જરૂર પઢે, કબ્રસ્તાન જાય, તથા મીઠી ચીજ પર હુઝૂર ﷺ તથા તમામ મુસલમાનોના નામે ફાતેહા કરે અને આ દુઆ કસરતથી પઢે :– **અલ્લાહુમ્મ ઈન્નક અફુવ્વુન કરીમુન તુહિબ્બુલ અફ્વ ફઅ્ફુ અન્ની.**

## કુર્આન પઢવા માટે આટલું તો જરૂર શીખો

### ★ હુરૂફોના મખારિજ (ઉદ્‌ભવસ્થાનો)નું વર્ણન ★

**મખરજ** : જે જગ્યાએથી હુરૂફ નીકળે છે તેને 'મખરજ' કહે છે. જે હુરૂફો (શબ્દો) ગળામાંથી (હલકમાંથી) નીકળે છે, તેને **'હુરૂફે હલકી'** કહે છે.

- ❑ ھ-ء ગળાના નીચલા ભાગમાંથી નીકળે છે. જેમ કે اَءْ-اَهْ
- ❑ ع-ح ગળાના વચલા ભાગમાંથી નીકળે છે. જેમ કે اَحْ-اَعْ
- ❑ غ-خ ગળાના ઉપલા ભાગમાંથી નીકળે છે. જેમ કે اَخْ-اَغْ
- ❑ ઝબાનની જડ અને તાળવુ મળીને ق અદા થાય છે ق ના મખરજથી જરા મોં (સુખ)ના તરફ હટીને ك અદા થાય છે. જેમ કે اَقْ-اَكْ
- ❑ ઝબાનનો વચલો ભાગ ઉપરના તાળવા સાથે લગાડવાથી ش ج ی ગેર મદ્દા અદા થાય છે. (નોંધ : જે યાએ સાકિન પહેલાં ઝેર ન હોય તો તેને 'યાએ ગેર મદ્દા' કહેવાય છે, જેમ કે عَلَيْنَا
- ❑ ઝબાનની કરવટ ઉપરની દાઢો સાથે લગાડવાથી ض અદા થાય છે. જેમ કે اَضْ (નોંધ : ض અદા કરવું જમણી બાજુ કરતાં ડાબી બાજુથી સરળ છે.
- ❑ ઝુબાનનો કિનારો ઉપરના આગલા અને બાજુવાળા દાંતોના અવાવરા સાથે લગાડવાથી ل અદા થાય છે, જેમ કે اَلْ
- ❑ ઝબાનની ટોચ ઉપરના તાળાવ સાથે મળીને ن અદા થાય છે. જેમ કે اَنْ
- ❑ ઝબાનની પીઠ (જે ઝબાનના કિનારાની નજીક છે) તાળવા સાથે મળીને ر અદા થાય છે. જેમ કે اَرْ
- ❑ ઝબાનનો કિનારો ઉપરના સામેવાળા મોટા બંનેવ દાંતોની જડથી ط-د-ت અદા થાય છે. જેમ કે اَطْ-اَدْ-اَتْ
- ❑ ઉપરના અને નીચેના સામેવાળા બંનેય દાંતોનો કિનારો અને ઝબાનનો કિનારો મળીને س-ص-ز અદા થાય છે, જેમ કે اَسْ-اَصْ-اَزْ
- ❑ ઉપરના મોટા બંનેવ દાંતોનો કિનારો અને ઝબાનનો કિનારો મળીને ظ-ذ-ث અદા થાય છે. જેમ કે اَظْ-اَذْ-اَثْ
- ❑ ઉપરના સામેવાળા મોટા બંનેવ દાંતોનો કિનારો અને નીચેના હોઠની તરી મળીને ف અદા થાય છે. જેમ કે اَفْ
- ❑ બંને હોઠ મળીને વાવે ગેર મદ્દા و-مِيم-ب અદા થાય છે. પરંતુ بમાં બંનેવ હોઠોની તરી અને م માં બંનેવની ખુશ્કી (સૂકી જગ્યા) મળે છે. જેમ કે اَبْ-اَمْ-اَوْ (નોંધ : જે (વાવ) સાકિન પહેલાં પેશ ન હોય તે વાવને ગેર મદ્દા કહે છે. જેમ કે اَوْلٰى
- ❑ હલકની ખાલી જગ્યાએથી **અલિફ** અદા થાય છે. અને ઝુબાનનો વચલો ભાગ તથા તાળવાની ખાલી જગ્યએથી **યાએ મદ્દા** અદા થાય છે અને દાંતની જગ્યાએથી **વાવે મદ્દા** અદા થાય છે. આ મખરજને જૌફ (વચલો) કહેવાય છે. *(નિઝામુલ કિર્અત)*

**વાંચકોને મખ્રજનો ખ્યાલ આવે માટે ઉપર સર્વ અરબી મૂળાક્ષરોના મખ્રજ દર્શાવ્યા છે. વધુ જાણકારી માટે 'નિઝ઼ામુલ ક઼િર્અત' કિતાબ દયાદરાથી મફત મંગાવો !**